અ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૯-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષ: ૧૫, અંક : ૨૮

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ☏ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**

વ્યક્તિ ગમે એટલો ‘સામાન્ય’
કેમ ના હોય...પરંતુ...
કોઈકને કોઈક માટે તે ‘ખાસ’
હોય છે...

હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ,
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ
મો.98242 00970

### દવાનો નશામાં ઉપયોગ ન થાય તેને લઈ સરકાર હરકતમાં

# દવાના ઉત્પાદનથી લઈ ગ્રાહક સુધી ‘ડોઝ’માં ઘાલમેલ ન થાય તે માટે સરકાર ડિજિટલ બાજ અમલમાં મુકશે

## એનડીપીએસ એક્ટ હેઠળ આવતી નશીલી દવાઓનું હવે ઓનલાઈન ટ્રેકિંગ થશે, તમામ પ્રક્રિયા પર રિયલ-ટાઈમ નજર રાખવા કેન્દ્ર સરકાર નવું સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ બનાવશે

**અબતક, નવી દિલ્હી**

દેશમાં નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ હેઠળ આવતી દવાઓ અને ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સ પર નજર રાખવા માટે કેન્દ્ર સરકાર એક સેન્ટ્રલાઈઝ્ડ ડિજિટલ પ્લેટફોર્મ બનાવવા જઈ રહી છે. ડ્રગ કન્સલ્ટેટિવ કમિટી દ્વારા તાજેતરમાં આ ડિજિટલ ટ્રેકિંગ પ્લેટફોર્મની દરખાસ્તને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ ડિજિટલ પ્લેટફોર્મનો મુખ્ય ઉદ્દેશ ઓપિયોઈડ્સ, શામક દવાઓ અને સાયકોટ્રોપિક દવાઓ જેવી નિયંત્રિત દવાઓની સપ્લાય ચેનમાં રહેલી ખામીઓને દૂર કરી તેની પર કડક નજર રાખવાનો છે.

### ડ્રગ કન્સલ્ટેટિવ કમિટીની કામગીરી શું છે?

ડ્રગ કન્સલ્ટેટિવ કમિટી દેશમાં દવાઓના નિયમન માટે એક મહત્વપૂર્ણ વૈધાનિક સમિતિ છે. આ કમિટી ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ સંબંધિત વિવિધ ટેકનિકલ અને કાનૂની બાબતો પર કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો અને ડ્રગ્સ ટેકનિકલ એડવાઈઝરી બોર્ડને યોગ્ય સલાહ અને માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

આ નવી સિસ્ટમ અમલમાં આવ્યા બાદ દવાઓના ગેરકાયદેસર વેચાણ અને ડાયવર્ઝન પર સીધો અંકુશ મેળવી શકાશે.

સૂચિત ડિજિટલ પ્લેટફોર્મ રિયલ-ટાઈમમાં એન્ડ-ટુ-એન્ડ ટ્રેકિંગ સિસ્ટમને સક્ષમ કરશે.

### શિડ્યુલ એચ અને એચ૧ દવાઓના દુરૂપયોગ અંગે પણ ચિંતા

ડ્રગ કમિટીની આ ઉચ્ચસ્તરીય બેઠકમાં શિડ્યુલ એચ, એચ ૧ અને એનડીપીએસ સંબંધિત ફોર્મ્યુલેશનના દુરુપયોગ અંગે પણ ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ કેટેગરીમાં એવી ઘણી દવાઓનો સમાવેશ થાય છે જે સામાન્ય રીતે તબીબો દ્વારા પ્રિસ્ક્રાઈબ કરવામાં આવતી હોય છે, પરંતુ હાલના સમયમાં નશા માટે તેનો ગેરકાયદેસર ઉપયોગ વધી રહ્યો છે જેને રોકવા માટે બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

જેમાં આ નિયંત્રિત ફાર્માસ્યુટિકલ ઉત્પાદનોના મેન્યુફેક્ચરિંગ અથવા ઈમ્પોર્ટ થી

(અનુ. આઠમા પાને)



# યુદ્ધ ફરી વિનાશક બનશે ? ભારતે સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી માલવાહક જહાજો ઝડપથી પસાર કરવા દેવા વિનંતી કરી

## ૨ સપ્તાહના યુદ્ધવિરામનો લાભ લેવા ભારતનો પ્રયાસ, આ દરમિયાન ઈંધણનો વધુમાં વધુ જથ્થો મંગાવી લેવાશે

**અબતક, નવી દિલ્હી**

ભારતે તેહરાનને ભારત આવતા ઓઈલ અને ગેસ કાર્ગોની અવરજવર ઝડપી બનાવવા માટે દબાણ કર્યું છે જેથી ૨ સપ્તાહના યુદ્ધવિરામનો લાભ લઈને ઈંધણનો સ્ટોક ફરીથી બનાવી શકાય. શિપિંગ મંત્રાલયના એક અધિકારીએ આ અંગેની માહિતી આપી હતી.

ઉદ્યોગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુદ્ધવિરામ ભલે અત્યારે ચાલુ હોય, પરંતુ સામાન્ય તેલ વેપારમાં પરત ફરવામાં ઓછામાં ઓછા ૩ મહિનાનો સમય લાગી શકે છે. આના મુખ્ય કારણોમાં જહાજોની ધીમી અવરજવર, જહાજ અને વીમાની મર્યાદિત ઉપલબ્ધતા, લોડિંગની મર્યાદાઓ અને ઉત્પાદન બંધ થવા જેવી સમસ્યાઓ જવાબદાર છે.

હાલમાં પર્શિયન અખાતમાં ભારતના ૧૬ જહાજો ફસાયેલા છે, જ્યારે ૮ એલપીજી કેરિયર્સ તાજેતરના અઠવાડિયામાં હોર્મુઝની સામુદ્રધુની પાર કરી ચૂક્યા છે. એકંદરે આ પ્રદેશમાં લગભગ ૮૦૦ જહાજો ફસાયેલા છે અને આ બેકલોગ ક્લિયર કરવામાં ઘણો સમય લાગશે. ભારતીય રિફાઈનર્સ અખાતમાંથી સપ્લાય ઝડપથી વધારવા માંગે છે, પરંતુ નિષ્ણાતો ચેતવણી આપે છે કે આ સુધારો ખૂબ ધીમો હશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે જ્યાં સુધી અંતિમ કરાર ન થાય ત્યાં સુધી ઈરાન વાહનવ્યવહાર સામાન્ય થવા દેશે તેવી શક્યતા નથી. ફરીથી ફસાઈ જવાના જોખમ અને વીમો મેળવવામાં પડતી મુશ્કેલીઓને કારણે જહાજોને પાછા મોકલવા પણ સરળ રહેશે નહીં.

યુએસ સાથેની યુદ્ધવિરામ વાટાઘાટોના ભાગરૂપે, ઈરાને સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર ટેક્સ લાદવાનો પ્રસ્તાવ મૂક્યો છે. વિદેશ મંત્રાલયના

(અનુ. આઠમા પાને)

### વેસલ માટે હજુ અનેક પડકારો યથાવત

સામાન્ય વેપારમાં ઝડપથી પરત ફરવામાં ઘણા મોટા અવરોધો છે. જહાજોની ધીમી ગતિ, જહાજોની અછત અને મર્યાદિત વીમા સુવિધાઓના કારણે મુશ્કેલીઓ પડી રહી છે. વધુમાં, ડેમેજ થયેલા એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અખાતના મુખ્ય ક્ષેત્રોમાં ઉત્પાદન બંધ હોવાથી પરિસ્થિતિ સામાન્ય થવામાં લાંબો સમય લાગી શકે છે.

### રશિયન ઓઈલ પર છૂટછાટની ભારતની અપેક્ષા

એક અધિકારીના જણાવ્યા અનુસાર, ભારત અપેક્ષા રાખે છે કે યુએસ રશિયન તેલ પરની તેની છૂટ લંબાવશે. વૈશ્વિક ભાવોને નિયંત્રણમાં રાખવા માટે આ પગલું ભરવામાં આવે તેવી ભારતની માંગ છે.

### ઈરાનનો નવો ટેક્સ પ્રસ્તાવ અને ભારતનું વલણ

ઈરાને અમેરિકા સાથેની ચર્ચા દરમિયાન સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજો પર નવો ચાર્જ લગાવવાની વાત કરી છે. જોકે ભારતે સ્પષ્ટ કર્યું છે કે તેઓ હોર્મુઝમાંથી કોઈપણ અવરોધ વગર વેપાર અને જહાજોની મુક્ત અવરજવર ચાલુ રહે તેવી અપેક્ષા રાખે છે અને ઈરાન સાથે આ મામલે કોઈ વાતચીત કરવામાં આવી નથી.

# આસામ, કેરળ અને પુડુચેરીમાં મતદાન શરૂ

## આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ બેઠકો અને પુડુચેરીની ૩૦ બેઠકો માટે મતદાન

**અબતક, રાજકોટ**

આજે આસામની ૧૨૬ બેઠકો, કેરળની ૧૪૦ બેઠકો અને પુડુચેરીની ૩૦ બેઠકો માટે મતદાન થઈ રહ્યું છે. આ ચૂંટણી ભાજપ માટે પોતાનો ગઢ સાચવવાની અને કોંગ્રેસ તેમજ અન્ય પ્રાદેશિક પક્ષો માટે પુનરાગમન કરવાની મોટી લડાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા દ્વારા આસામ, કેરળ અને પુડુચેરીના લોકોને, ખાસ કરીને યુવાનો અને મહિલાઓને રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા વિનંતી કરી છે.



આસામની તમામ ૧૨૬ બેઠકો પર મતદાન ચાલુ છે. અહીં મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા અને ગૌરવ ગોગાઈ (કોંગ્રેસ) જેવા દિગ્ગજોનું ભાવિ દાવ પર છે. ભાજપ અહીં હેટ્રિક ફટકારવાના લક્ષ્ય સાથે મેદાનમાં છે. કેરળમાં (ડાબેરીઓ) સતત ત્રીજી વાર જીતવા માંગે છે, જ્યારે કોંગ્રેસના નેતૃત્વ હેઠળનું ૧૦૦થી વધુ બેઠકો જીતવાનો દાવો કરી રહ્યું છે.

ભાજપ પણ અહીં મજબૂત હાજરી નોંધાવવા મથામણ કરી રહ્યું છે. આસામમાં ભાજપે કોંગ્રેસ પર ’ખોટા દસ્તાવેજો’ ફેલાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. બીજી તરફ, લોઅર આસામમાં બહારના રાજ્યોમાંથી આવતા મતદારોને લઈને વિવાદ જાગ્યો છે. કર્ણાટકમાં પણ બે બેઠકો પર પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે.

# કોંગ્રેસને ૭૮ , TMCને ૪૭ , લેફ્ટફ્રન્ટને ૨૬ , ભાજપે એક પણ મુસ્લિમ ઉમેદવારને બંગાળમાં ટિકિટ ન આપી

## પક્ષના નેતાઓનું કહેવું છેકે ભૂતકાળમાં મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવા છતાં પરિણામો ધાર્યા મુજબ મળ્યા નથી

**અબતક, રાજકોટ**

પશ્ચિમ બંગાળની આગામી ચૂંટણી માટે ભાજપે પોતાના તમામ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે, પરંતુ આશ્ચર્યજનક રીતે આ યાદીમાં એક પણ મુસ્લિમ ઉમેદવારને સ્થાન આપવામાં આવ્યું નથી. અગાઉની ચૂંટણીઓની સરખામણીએ આ એક મોટો ફેરફાર છે. ભાજપે ઉમેદવાર પસંદગીમાં જીતવાની ક્ષમતા ને મુખ્ય આધાર બનાવ્યો છે.

પક્ષના નેતાઓનું કહેવું છે કે ભૂતકાળમાં મુસ્લિમ ઉમેદવારોને ટિકિટ આપવા છતાં પરિણામો ધાર્યા મુજબ મળ્યા નથી. ભાજપના લઘુમતી મોરચાના પ્રમુખ અલી હુસૈનનું કહેવું છેકે કોઈ સમુદાય પ્રત્યેની જવાબદારી માત્ર તેને ટિકિટ આપવાથી સાબિત નથી થતી. ૨૦૨૧માં ભાજપે ૮ અને ૨૦૧૬માં ૩ મુસ્લિમ ઉમેદવારો મેદાનમાં ઉતાર્યા હતા. જોકે આ વખતે તે સંખ્યા શૂન્ય છે.મુસ્લિમ ઉમેદવારો ભાજપની ટિકિટ પર જીતી શકે તેવી શક્યતા ઓછી હોવાથી ,ભાજપની વિચારધારા અને મુસ્લિમ મતદારો વચ્ચે મોટું અંતર હોવાથી, ટિકિટ આપવાને બદલે માત્ર જીતી શકે તેવા સમીકરણો પર જ ધ્યાન આપવાની નવી રણનીતિ બંગાળમાં ભાજપ પાસે અંદાજે ૨ લાખ મુસ્લિમ કાર્યકર્તાઓ હોવા છતાં, ચૂંટણી લડવા માટે એક પણ મુસ્લિમ ચહેરા પર પસંદગી ઉતારવામાં આવી નથી.

બંગાળ જેવા રાજ્યમાં જ્યાં મુસ્લિમ વસ્તી અને મતો નિર્ણાયક છે, ત્યાં ભાજપની આ રણનીતિ રાજકીય રીતે ખૂબ મોટી ચર્ચાનો વિષય છે.

# આગામી ગુરૂવારે સ્પેશ્યલ સત્રમાં મહિલા અનામત બીલ પાસ કરાવશે સરકાર

## સંસદમાંથી મંજૂરી મળ્યા બાદ કાયદો ૩૧ માર્ચ ૨૦૨૯થી લાગુ પડશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં નારી શક્તિ વંદન અધિનિયમમાં સુધારાના ડ્રાફ્ટ બિલને મંજૂરી આપવામાં આવી. આ પ્રસ્તાવ હેઠળ લોકસભાની બેઠકો હાલની ૫૪૩થી વધારીને ૮૧૬ કરવામાં આવશે, જેમાં ૨૭૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે.

સરકારે બજેટ સત્રને લંબાવીને ૧૬ થી ૧૮ એપ્રિલ સુધી સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે, જેમાં આ સુધારા બિલને પસાર કરવામાં આવે તેવી સંભાવના છે.

સંસદમાંથી મંજૂરી મળ્યા બાદ આ કાયદો ૩૧ માર્ચ ૨૦૨૯થી લાગુ પડશે. તે જ વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણી અને કેટલાક રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં પ્રથમ વખત પ્રભાવી થશે. પ્રસ્તાવ મુજબ અનામત વર્ટિકલ આધાર પર લાગુ પડશે, એટલે કે અનુસૂચિત જાતિ અને જનજાતિની અનામત બેઠકોમાં પણ મહિલાઓ માટે હિસ્સો નક્કી કરવામાં આવશે. રાજ્યોની વિધાનસભાઓમાં પણ આ જ પ્રમાણમાં બેઠકોનું આરક્ષણ થશે.

સરકાર એક બંધારણીય સુધારા બિલની સાથે-સાથે સીમાંકન કાયદામાં સુધારા માટે અલગ સામાન્ય બિલ પણ લાવશે. જેથી નવેસરથી બેઠકોનું નિર્ધારણ થઈ શકે.



### આર્થિક ડામાડોળ પરિસ્થિતિએ કૈલાશ માનસરોવરની યાત્રા મોંઘી કરી

# હવે કૈલાશ માનસરોવરમાં ૨૦% પેકેજના વધારા સાથે રૂ. ૩ લાખ ખર્ચવા પડશે

## મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિમાનના ભાડા અને ટ્રાન્સપોર્ટ મોંઘા થયા છે

**અબતક, અમદાવાદ**

કૈલાશ માનસરોવર જવાનું સપનું જોતા શ્રદ્ધાળુઓ માટે આંચકાજનક સમાચાર છે. આ વર્ષે યાત્રાના પેકેજમાં ૨૦%નો વધારો થયો છે, જેના કારણે હવે એક વ્યક્તિનો ખર્ચ રૂ.૩ લાખ સુધી પહોંચી ગયો છે. ગયા વર્ષ સુધી આ ખર્ચ આશરે રૂ. ૨.૫ લાખ હતો. મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિમાનના ભાડા અને ટ્રાન્સપોર્ટ મોંઘા થયા છે.

નેપાળના ટૂર ઓપરેટરોએ હોટેલ, જમવા અને સ્ટાફના ખર્ચમાં વધારો કર્યો છે. ચીન તરફથી પણ વ્યક્તિદીઠ આશરે ૧૫૦ ડોલરનો વધારો કરવામાં આવ્યો છે. હેલિકોપ્ટર રૂટ પર રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૫,૦૦૦ સુધીનો સીધો વધારો થયો છે. પાંચ વર્ષના લાંબા વિરામ બાદ ગયા વર્ષે જ આ યાત્રા પૂરી રીતે શરૂ થઈ હતી, અને હવે તરત જ રૂ.૫૦,૦૦૦ જેવો મોટો વધારો ઝીંકવામાં આવતા મધ્યમ વર્ગના ભક્તોના બજેટ ખોરવાઈ શકે છે. ગુજરાતમાંથી દર વર્ષે અંદાજે ૫,૦૦૦ જેટલા લોકો નેપાળના રસ્તે માનસરોવર જાય છે જો ચીન સરકાર ભોજન માટે ’સેન્ટ્રલાઈઝ્ડ કિચન’ સિસ્ટમ લાવશે, તો ખર્ચ હજુ પણ વધી શકે તેવી શક્યતા છે.

# રાજ્ય સરકાર-ચૂંટણી પંચ વચ્ચે ઘર્ષણ ચરમસીમાએ તામિલનાડુના ચીફ સેક્રેટરી ડીજીપીનું ટ્રાન્સફર!

## તમિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકે અધ્યક્ષ એમ.કે. સ્ટાલિનએ આ નિર્ણયની તીવ્ર નિંદા કરતા ચૂંટણી પંચને ‘‘બીજેપીની શાખા’’ તરીકે વર્ણવ્યું



**અબતક, રાજકોટ**

તમિલનાડુમાં મુખ્ય સચિવ અને ડીજીપીના સ્થાનાંતરણના નિર્ણયને લઈને રાજ્ય સરકાર અને ભારતીય ચૂંટણી પંચ વચ્ચે તીવ્ર ઘર્ષણ સર્જાયું છે.૨૩ એપ્રિલે યોજાનાર તમિલનાડુ વિધાનસભા ચૂંટણીનો રાજકીય વિવાદ ચરમસીમાએ પહોંચી ગયો છે.ચૂંટણી પંચે તમિલનાડુના મુખ્ય સચિવ એન. મુરુગાનંદમને તાત્કાલિક અસરથી હટાવીને તેમના સ્થાને વરિષ્ઠ અધિકારી એમ. સાઈ કુમાર (૧૯૯૦ બેચના આઈએએસ)ને નિયુક્ત કર્યા. સાથે જ, આર્મ્ડ પોલીસ, વિજિલન્સ અને એન્ટી-કરપ્શન વિભાગના ડીજીપી એસ. ડેવિડસન દેવાસિર્વાથમને પણ હટાવીને તેમના સ્થાને સંદીપ મિત્તલને નિયુક્ત કરવામાં આવ્યા.

ચૂંટણી પંચે આ આદેશમાં સ્પષ્ટ જણાવ્યું કે આ ફેરફારો ચૂંટણી તૈયારીના ભાગરૂપે કરવામાં આવ્યા છે. આદેશમાં કહેવામાં આવ્યું કે બહાર જનાર અધિકારીઓને ચૂંટણી સંબંધિત કોઈ પણ પદ પર ન મૂકવામાં આવે અને નવા અધિકારીઓની જોડાણ અને અનુપાલન અહેવાલ સાંજે ૬ વાગ્યા સુધીમાં મોકલવામાં આવે.

તમિલનાડુના મુખ્યમંત્રી અને ડીએમકે અધ્યક્ષ એમ.કે. સ્ટાલિનએ આ નિર્ણયની તીવ્ર નિંદા કરી છે. તેમણે ચૂંટણી પંચને ‘‘બીજેપીની શાખા’’ તરીકે વર્ણવ્યું અને કહ્યું કે આ નિર્ણય એકપક્ષીય, અન્યાયી અને રાજકીય પ્રેરિત છે. સ્ટાલિને પ્રશ્ન કર્યો કે, ‘‘ચૂંટણી પંચ કોને મદદ કરવા માગે છે? ડીએમકેની જીતને કોઈ રોકી શકશે નહીં.’’ તેમણે વધુમાં કહ્યું કે, થોડા

(અનુ. આઠમા પાને)

### બંગાળમાં ૯૧ લાખ મતદારોના નામ હટાવવામાં આવ્યા તો પણ મતદાન કરશે?

પશ્ચિમ બંગાળમાં એસઆઈઆરની પ્રક્રિયા પૂર્ણ થયા પછી લગભગ ૯૧ લાખ મતદારોના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૫માં કુલ મતદારો ૭.૬૬ કરોડ હતા. તેમાંથી અત્યાર સુધીમાં ૯૦.૮૩ લાખ નામ હટાવવામાં આવ્યા. લગભગ ૧૧.૮૫% મતદારો ઓછા થયા. એટલે કે હવે રાજ્યમાં ૬.૭૬ કરોડ મતદારો છે.ચૂંટણી પંચે હજુ અંતિમ આંકડા જાહેર કર્યા નથી. આ ઉપરાંત, તપાસ હેઠળ આવેલા ૬૦.૦૬ લાખ મતદારોમાંથી ૨૭.૧૬ લાખના નામ હટાવવામાં આવ્યા. બાંગ્લાદેશ સરહદને અડીને આવેલા જિલ્લાઓમાં પણ મોટા પાયે નામ હટાવવામાં આવ્યા. નોર્થ ૨૪ પરગણામાં ૫.૯૧ લાખમાંથી ૩.૨૫ લાખ નામ હટાવવામાં આવ્યા. જ્યારે, ૮.૨૮ લાખમાંથી ૨.૩૯ લાખ નામ હટાવવામાં આવ્યા.

## બાળક નહીં, પરિસ્થિતિ જ દોષી

# શિક્ષણમાં 'ઢ' પણા માટે જવાબદાર કોણ, માતા-પિતા, શિક્ષક કે પ્રણાલી ?

## મોટા ધોરણના છાત્રો પણ ગુજરાતી કડકડાટ વાંચી શકતા નથી અને ૧ થી ૧૦૦ની સંખ્યા ઓળખી શકતા નથી: આજે દરેક વર્ગમાં દસ ટકાથી વધુ છાત્રો ગણન પ્રક્રિયામાં નબળા જોવા મળે છે

વાંચન, ગણન અને લેખનમાં દેખાતું 'ઢ' પણું ઘણીવાર બાળકની ક્ષમતાનો અભાવ નહીં, પરંતુ આસપાસની પરિસ્થિતિઓનું પ્રતિબિંબ હોય છે. ઘરમાં અભ્યાસ માટે યોગ્ય વાતાવરણનો અભાવ, માતા-પિતાની વ્યસ્તતા કે માર્ગદર્શનની અછત, શાળામાં ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને વ્યક્તિગત ધ્યાનનો અભાવ, તેમજ અતિશય સ્ક્રીન ઉપયોગ જેવા પરિબળો બાળકના મૂળભૂત કૌશલ્યોને અસર કરે છે. દરેક બાળક શીખવાની ગતિ અને રીતમાં અલગ હોય છે, તેથી તેને 'ઢ' કહેવા કરતાં તેની મુશ્કેલીઓને સમજવી અને યોગ્ય માર્ગદર્શન આપવું વધુ જરૂરી છે. સાચી દિશા, પ્રોત્સાહન અને સહાયક વાતાવરણ મળવાથી કોઈપણ બાળક પોતાની ક્ષમતાને વિકાસ આપી શકે છે. શિક્ષણમાં 'ઢ' પણા માટે જવાબદાર કોણ, માતા-પિતા, શિક્ષક કે પ્રણાલી ? વાંચન-ગણન-લેખનમાં 'ઢ' પણા માટે કોણ જવાબદાર? આ પ્રશ્ન ચિંતા અને ચિંતનનો છે. વાંચન-ગણન-લેખન જેવા શિક્ષણનાં પાયાના ત્રણ સ્ટેપમાં



નબળા છાત્રોનો વિકાસ રૂંધાઈ જાય છે. વર્ષોથી આ સમસ્યા શિક્ષણને નડી રહી છે. ખાનગી કે સરકારી શાળા આવા નબળા બાળકોની સમસ્યા એક સરખી જ જોવા મળે છે. આજે તો બાળક જોઈને પણ સાચું લખી શકતો નથી, આરોહ-અવરોહથી નિયમિત વાંચન સાથે ભાષા અને ગણિત જેવા વિષયો પર પ્રારંભથી જ ભાર મૂકવાની જરૂર છે.

પ્રાથમિક શાળાના છાત્રો કક્કો-બારાક્ષરી વાંચી શકતા નથી. હાલના યુગમાં સ્માર્ટ ફોનને કારણે બાળકો 'સ્માર્ટ' થયા પણ શિક્ષણમાં 'ઢ' થઈ ગયા છે. વાંચન ગણન અને લેખનમાં અપરિપકવતા અને ઢ પણાની સમસ્યા માત્ર શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પૂરતી મર્યાદિત નથી બાળ વિદ્યાર્થીઓ જ નહીં પણ આપણે સૌ મોટેરા પણ જીવનના ભણતરમાં ઢ સાબિત થાય તેવી પરિસ્થિતિ છે. કુદરતે મનુષ્યને શક્તિશાળી મગજનું ઉપહાર આપ્યું છે તેનો ઉપયોગ કરવાનું ભૂલી ગયા છીએ અત્યારે વિદ્યાર્થીઓ માટે વાંચન અને લેખનની જેમ સમાજના દરેક વ્યક્તિઓ માટે જીવનના મૂલ્યોનું અવલોકન સતત નવું શીખતું રહેવાનું કર્તવ્ય વિસરાઈ ગયું છે. મગજની અપરંપાર શક્તિનો તાગ જ આપણે મેળવી શક્યા નથી અને વાંચન ગણન અને લેખનથી દૂર થતા જઈએ છીએ. ભણવામાં હોશિયારી અને બધું શીખવાની જવાબદારી માત્ર વિદ્યાર્થીઓની જ નથી વાંચન ગણન લેખનમાં ઢ માટે સમાજમાં કોણ જવાબદાર છે, તેમાં વિદ્યાર્થીઓ સાથે મોટેરા પણ આવી જાય કુદરતે આપેલી વિરાટ શક્તિ જેવી મગજ શક્તિનો અત્યારે ઉપયોગ કરવાનો વિસરાઈ ગયું છે, જો સતત શીખતું રહેવાની, અધ્યયન અને મનન કરવાની ચીવટ આપણે ભૂલી જઈશું તો વાંચન ગણન લેખનમાં સમાજ આખો ઢ થઈ જશે.

આજે શાળામાં ધો.૫ થી ૮ ના મોટા છાત્રો પણ કડકડાટ વાંચી શકતા નથી. ઘણી હાઈસ્કુલમાં અભ્યાસ કરતા ધો.૯ ના છાત્રો સરખુ વાંચી શકતા નથી. પ.ય,ટ,ડ,ઢ,ઠ, ધ,ઘ, જેવા અક્ષરને ઓળખી શકતા નથી. લેખનની વાત આવે ત્યારે આવા શબ્દો ખોટા લખે છે. આપણા ગુજરાતમાં સરકારી હોય કે ખાનગી શાળાના છાત્રોમાં વાંચન શુદ્ધિનો અભાવ જોવા મળે છે. અંગ્રેજી માધ્યમની શાળાના બાળકોને ગુજરાતી વાંચતા જ નથી આવડતું. ગુજરાતીમાં મોબાઈલ નંબર બોલો તો ના લખી શકે તેને તો આંકડા




અંગ્રેજીમાં બોલવા પડે છે. આપણા ગુજરાતમાં રહેતા છાત્રોને ગુજરાતી બોલતા કે લખતા ન આવડે તે કેમ ચલાવી લેવાય.

બાળ સંર્વાગી વિકાસની બુનિયામાં વાંચન ગણન અને લેખન જેવા ત્રણ સ્ટેપ પાયામાં સમાયેલા છે. આજ દિવસ સુધી આપણા છાત્રો એમાંજ કાચા હોવાથી તેમનો ઓવરઓલ શિક્ષણ વિકાસ અટકી જાય છે. આજે તમે પણ જોયુ હશે કે ધો.૬ થી ૮ કે ધો.૯ -૧૦નો છાત્ર બરોબર વાંચી નથી શકતો, જોડયા શબ્દો શુધ્ધ ઉચ્ચારણ સાથે બોલી શકતો નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રથમ પાંચ વર્ષમાં આ ઉપર વિશેષ કામગીરી થયા બાદ બીજા સ્ટેપમાં ૩ વર્ષનો અભ્યાસ ક્રમ આવે છે. એટલે શરૂના દસ વર્ષ આ બાબતે તેની વિશેષ દરકાર કરાશે. હવે તો ધો.૧ થી ૫ સુધી ગુજરાતીમાં ભણાવાય છે, છતાં ઘણી અંગ્રેજી માધ્યમની સ્કૂલ બાલમંદિર થી જ અંગ્રેજીમાં ભણાવે છે.

સરકારનાં શિક્ષણવિભાગ દ્વારા વાંચન-ગણન અને લેખન બાબતોના ઉપચારત્મક શિક્ષણ વર્ગો પણ કર્યા આ ત્રણેયમાં નબળા બાળકોને શાળા છૂટયા બાદ પણ ભણાવ્યા પણ રીઝલ્ટ મળેલ નથી. સરકારી શાળાઓમાં આ સમસ્યા વિશેષ જોવા મળે છે. સાદા શબ્દો-કાનાવાળા શબ્દો જોડયા શબ્દો સાથે વાકયો ફકરો લખવાનો કે બોલવાનો મહાવરો સતત છાત્રોને મળે તો જ બાળકો આ કૌશલ્ય હસ્તગત કરી શકે છે. ધો.૧-૨ માં પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન અર્થાત પ્રજ્ઞા અભિગમમાં તેની ક્ષમતા સિધ્ધ થયા બાદ જ આગળનાં સ્ટેપે જવા દેવામાં આવે છે. બે વર્ષની આ પ્રક્રિયાબાદ ધો.૩-૪ સતત આજ દ્રઢિકરણને કારણે તેનો વિકાસ કરાય છે.

પાયાના શિક્ષણ કે પ્રાથમિક શિક્ષણમાં જો બાળકને વાંચતા લખતા જ ન આવડે તો તેને પ્રશ્નોના જવાબ લખતા કેમ કરી શકો, આ સમસ્યા શિક્ષક ને સતત મુંઝવે છે. ભાષા સાથે ગણિતની અગત્યતા છે. પ્રારંભે સંખ્યા જ્ઞાન મેળવ્યા બાદ સરવાળા-બાદબાકી-ગુણાકાર અને ભાગાકાર શિખવી શકો છો. ૧ થી ૧૦૦ સુધી ન ઓળખનારો બાળક ગણન પ્રક્રિયા કેમ કરી શકે. અંક તોરણ-પ્લેકાર્ડ જેવા ઘણાં શૈક્ષણીક રમકડાના માધ્યમથી તમો બાળકોને ઝડપથી શિખવી શકો છો, રમતા રમતાં પણ બાળક ગણિત શિખી શકે છે.

જી.સી.ઈ.આર.ટી. દ્વારા વાંચન ગણન-લેખનના માપદંડ નકકી કરાયા છે. જેમાં મોટા ફકરાનું વાંચન, આરોહ અવરોહ સાથેનું વાંચન, અર્થગ્રહણ ફકરાનું વાંચન, જોડાક્ષર વાળા ફકરાનું શ્રુતલેખન સાથે ફકરામાં વિરામ ચિન્હોનો ઉપયોગ સાથે સરવાળા -ભાગાકાર, બાદબાકી ગુણાકાર જેવા વ્યવહારિક દાખલા માં કુલ ૨૫ ટકા બાળકો કરી શકે છે, તેવું જોવા મળે છે.વાંચન- લેખનમાં તો આનાથી પણ ઓછી ટકાવારીનું પ્રમાણ જોવા મળ્યું છે. શિક્ષણ એ આજીવન ચાલતી પ્રક્રિયા છે. શિક્ષણ દ્વારા વાંચન-ગણન-લેખન શીખવી તેનામાં વિવિધ મૂલ્યો વિકસાવી જીવન જીવવાની કળાના આવશ્યક કૌશલ્યો કેળવીને સમાજનો ઉતમ નાગરીક બનાવવાનો છે. ધો.૩ થી ૮નાં તમામ વિદ્યાર્થીઓને ભાષા-ગણિત જેવા વિષયોમાં નિપુણ બનાવવાનો છે. વિદ્યાર્થીઓમાં વાંચન-ગણન અને લેખનની ત્રણેય બાબતમાં કચાશ દૂર થાય તેવું વાર્ષિક આયોજન વર્ગ શિક્ષકે કરવું જ પડશે. ભાષા સજજતા અને ગાણિતીક કૌશલ્યોના ગુણાંક માટે યોગ્ય મૂલ્યાંકન અને તેનું મોનીટરીંગ પણ હોવું જરૂરી છે. બાળક ફકરો વાંચીને તેનો ટુકસાર 'સાર લેખન' માં પોતે જાતે ભૂલ વગર લખી શકે એટલો પાવર ફુલ હોવો જોઈએ. નિયમિત લેખન કૌશલ્યના વિકાસ માટે ગુજરાતી-હિન્દી-અંગ્રેજી આ ત્રણેય ભાષાની દસ લીટી સતત લખવી જરૂરી છે. આ કારણે વાંચન કૌશલ્યનું મહત્વ ઓછુ આંકી ન શકાય કે તેની ઉપેક્ષા કરી શકાય નહીં.શાળા અનેક વિષયોનાં અભ્યાસ થકી વિદ્યાર્થીઓમાં જ્ઞાનનું સિંચન કરે છે, જેમકે ઈતિહાસનાં શિક્ષણ દ્વારા માનવીના ભૂતકાળને સમજી તેનું મૂલ્યાંકન કરે તો નાગરીક-ભૂગોળ દ્વારા સારી રીતભાત રહેણી કરણી અને મનુષ્યના જીવનનો સાચા અર્થમાં પરિચય પ્રાપ્ત કરે છે. ગણિત દ્વારા કુદરતની ગર્ભિત બાબતો સમજવાનો પ્રયાસ કરે છે. જયારે ભાષા દ્વારા તે વિચારોના વિનીમય માટે જરૂરી કૌશલ્યો કેળવે છે. વિવિધ વિષયો દ્વારા જ્ઞાન મેળવે છે, પણ આ બધા વિષયો દ્વારા જ્ઞાન મેળવવાનું અસરકારક અને સક્ષમ કોઈ સાધન હોય તો તે છે વાંચન.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### માતૃભાષાને આધાર બનાવીને અંગ્રેજી શીખવવાનો સંતુલિત અભિગમ વધુ અસરકારક સાબિત થાય

અંગ્રેજી માધ્યમમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માટે માતૃભાષા ગુજરાતીમાં વાંચન, લેખન અને ગણન નબળું રહેવાનું એક વાસ્તવિક પરિબળ બની ગયું છે. કારણ કે બાળકનો પ્રાથમિક વિચાર વિકાસ તેની પોતાની ભાષામાં વધુ સ્વાભાવિક રીતે થાય છે, જ્યારે શરૂઆતથી જ અંગ્રેજી પર ભાર મૂકવાથી સમજ કરતાં રટણ વધારે થાય છે. પરિણામે, બાળકો ન તો અંગ્રેજીમાં પૂરી રીતે પકડ બનાવી શકે છે અને ન જ પોતાની ભાષામાં મજબૂત બની શકે છે. શાળાઓમાં પણ ગુજરાતી માટે પૂરતું ધ્યાન ન આપવાના કારણે આ ખામી વધે છે. તેથી, બાળકના મજબૂત બૌદ્ધિક વિકાસ માટે માતૃભાષાને આધાર બનાવીને અંગ્રેજી શીખવવાનો સંતુલિત અભિગમ વધુ અસરકારક સાબિત થાય છે.

## અંગ્રેજી માધ્યમમાં ભણતા ઘણા વિદ્યાર્થીઓ માટે ગુજરાતીમાં વાંચન, લેખન અને ગણન નબળું રહેવાનું એક વાસ્તવિક પરિબળ બની ગયું છે: બાળ સંર્વાગી વિકાસમાં વાંચન ગણન અને લેખન જેવા ત્રણ સ્ટેપ પાયામાં સમાયેલા છે

# શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯માં પ્રાગટ્ય પર્વે બ્રહ્મસંબંધ દીક્ષાનું આયોજન

## વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદય દ્વારા સર્વોત્તમ હવેલી ખાતે બ્રહ્મસંબંધ દીક્ષા અપાશે

**અબતક, રાજકોટ**

પુષ્ટિમાર્ગના સ્થાપક જગદગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીના ૫૪૯મા પાવન પ્રાગટ્ય મહોત્સવની રાજકોટમાં અલૌકિક ઉજવણી કરવામાં આવશે. આ મંગલ અવસરે શહેરના ગોંડલ રોડ પર પી.ડી.એમ. કોલેજ પાસે, ૬/૮ અંબાજી કડવા પ્લોટમાં આવેલી શ્રી સર્વોત્તમ હવેલી ખાતે બ્રહ્મસંબંધ દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૧૩ એપ્રિલને સોમવારે ચૈત્ર વદ એકાદશીના પવિત્ર દિવસે



સવારે ૯ કલાકે યુવા વૈષ્ણવાચાર્ય ગોસ્વામી શ્રીમાન પરાગકુમારજી મહોદયશ્રી દ્વારા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા આપવામાં આવશે.આ અવસરે બ્રહ્મસંબંધ દીક્ષા લેવા ઈચ્છતા વૈષ્ણવોએ તારીખ ૧૧ એપ્રિલ સુધીમાં નામની નોંધણી કરાવવાની રહેશે. નામ નોંધણી તથા વધુ વિગતો માટે રઘુરાજભાઈ સિસોદિયાના મો.નં. ૯૩૭૬૯૪૭૧૩૧, પ્રકાશભાઈ મેંદપરા ૯૮૨૫૨૨૭૬૦૧, હિરેનભાઈ પટેલ ૯૦૩૩૩ ૫૦૮૨૬, આશિષભાઈ વીશપરા ૯૯૦૯૨ ૯૦૦૯૮ અથવા હરેન્દ્રભાઈ નથવાણી ૯૮૨૪૪ ૧૭૦૧૮નો સંપર્ક કરી શકાશે.

# જૂનાગઢ વેટરનરી કોલેજના વિદ્યાર્થીઓને સંક્રમિત રોગથી બચાવ રસીકરણનું મહત્વ સમજાવાયું

## વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે આરોગ્ય જાગૃતિ અંગે યોજાયો સેમિનાર

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢમાં વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે તા. ૭ એપ્રિલે, પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનું વિશ્વવિદ્યાલય, ખાતે એન.એસ.એસ યુનિટ અને જેન્ડર ચેમ્પિયન ક્લબ દ્વારા હેલ્થ એન્ડ હેલ્ધી લાઈફ વિષય પર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, સ્ટાફ અને પ્રાધ્યાપકોનો ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ રહ્યો હતો.

એન.એસ.એસ સ્વયંસેવક દ્વારા હેલ્થ અવેરનેસ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ઉપરાંત, વ્યક્તિગત સ્વચ્છતા, સંક્રમિત રોગોથી બચાવ, રસીકરણનું મહત્વ અને પર્યાવરણ સ્વચ્છ રાખવાની



જવાબદારી, આરોગ્યપ્રદ જીવનશૈલી, સંતુલિત આહાર, નિયમિત વ્યાયામ, પૂરતી ઊંઘ અને માનસિક આરોગ્યના મહત્વ અંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વેટરનરી કોલેજ, જૂ'નાગઢના આચાર્ય ડો. એમ. ડી. ઓડેદરા હાજર રહ્યા હતા. આભાર વિધિ ડો. મોનાલી ભેસાણીયા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન ડો. પ્રણવ અંજારિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જસદણ: વર્ધમાન ચેરી. ટ્રસ્ટ દ્વારા જલારામ મંદિર ખાતે મંગળવારે દંતયજ્ઞ કેમ્પ યોજાશે

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

ધીરગુરુદેવની પ્રેરણાથી વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ તથા ડીવાઈન ચેરીટેબલ ફોર હેલ્થ એજ્યુકેશન રાજકોટ દ્વારા શ્રી જલારામ મંદિર જસદણના સહયોગથી જસદણ ખાતે આગામી તા.૧૪/૦૪/૨૬ ને મંગળવારના ભવ્ય દંતયજ્ઞ નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં દાંતના દર્દીઓનું નિદાન, દવાઓ તથા બત્રીસી (ચોકઠા) વિના મુલ્યે સ્થળ ઉપર માપ લઈ બનાવી આપવામાં આવશે. હલતા, દુઃખતા, સડેલ દાંત દાઢ આર્યુવેદની જાલંધર બંધ યોગ પધ્ધતિ થી વિના મુલ્યે કાઢી આપવામાં આવશે. આ કેમ્પમાં જાણીતા ડો.જયસુખભાઈ મકવાણા તથા તેમની ટીમ સેવા




આપશે. નિદાન કેમ્પનું સ્થળ જલારામ મંદિર પટેલ સ્ટ્રીટ જસદણ ખાતે સવારે ૯ થી બપોર ૧ સુધી રાખેલ છે. આ કેમ્પનો બહોળી સંખ્યામાં દર્દીઓને લાભ લેવા અનુરોધ કરાયો છે.

# દ્વારકાના બ્રહ્માકુમારીઝ ત્રિલોકદર્શન આર્ટ ગેલેરી ખાતે કાલથી રાજયોગ ધ્યાન શિબિરનો પ્રારંભ



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

દ્વારકાના બ્રહ્માકુમારીઝ ત્રિલોકદર્શન આર્ટ ગેલેરી ખાતે તા. ૧૦ એપ્રિલના રોજ રાજયોગ નિઃશુલ્ક ધ્યાન શિબિરનું આયોજન સાંજે ૫થી ૭ સુધી કરવામાં આવેલ છે. આજના બદલાતા આધુનિક યુગમાં મનુષ્ય અનેક શારીરિક, માનસિક અને સામાજિક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. મનુષ્યને તણાવમુક્ત જીવનમાથી સંપૂર્ણ સ્વાસ્થ્ય તરફ લઈ જવાના હેતુથી આ રાજયોગ ધ્યાન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ ધ્યાન શિબિરમાં જોડાવવા રજી. ૬૩૫૪૮ ૫૭૨૪૬, ૯૯૨૪૬ ૬૩૯૯૦ પર રજીસ્ટ્રેશન કરાવવા જણાવ્યું છે.

## કાર્યક્રમોની યાદી

અબતક CHANNEL

**તારીખ ૦૯-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કરસનદાસ પે એન્ડ યુઝ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (નરગીસ કોફતા)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.વિશાલ પોપટાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૦-૪ -૨૦૨૬ શુક્રવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર વદ આઠમ કાલષ્ટમી
**નક્ષત્ર** પુર્વાષાઢા
**યોગ** શિવ **કરણ:** બાલવ
**સુર્યોદય** ૬.૩૩ **સુર્યાસ્ત:** ૭.૦૪
**ચંદ્ર રાશી** ધન સાંજે ૬.૦૫થી મકર
**રાશિ અક્ષર** ભ.ફ.ધ/ખ.જ.
**દિશાશૂળ** પશ્ચીમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૫ થી ૧.૧૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૧૦૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૪ | | | | ૫ | | |
| ૫ | | | | | ૮ | | | ૪ |
| | ૨ | | | ૬ | | | | |
| ૭ | | ૨ | | | ૯ | | ૩ | |
| | | | ૭ | | ૬ | | | ૯ |
| | | | | | | | | |
| | ૬ | | ૯ | | | ૨ | | |
| | | | | | ૫ | | | |
| | | ૩ | | | | | ૧ | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૧૦૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૫ | ૯ | ૭ | ૩ | ૬ | ૪ | ૮ |
| ૮ | ૩ | ૬ | ૧ | ૪ | ૫ | ૨ | ૯ | ૭ |
| ૭ | ૪ | ૯ | ૬ | ૨ | ૮ | ૧ | ૩ | ૫ |
| ૫ | ૮ | ૨ | ૪ | ૩ | ૧ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૧ | ૪ | ૮ | ૯ | ૭ | ૫ | ૨ | ૩ |
| ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૮ | ૧ |
| ૩ | ૫ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૭ | ૮ | ૬ | ૩ | ૫ | ૨ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૭ | ૧ | ૯ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૦.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ આઠમ, પૂર્વાષાઢા નક્ષત્ર, શિવ યોગ કૌલવ કરણ આજે સાંજે ૬.૦૪ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) ત્યારબાદ મકર (ખ,જ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.
**વૃષભ** (બ,વ,ઉ) : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.
**મિથુન** (ક,છ,ઘ) : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મન નું ધાર્યું ના થાય,મધ્યમ દિવસ.
**કર્ક** (ડ,હ) : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.
**સિંહ** (મ,ટ) : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.
**કન્યા** (પ,ઠ,ણ) : પ્રણયમાર્ગે આગળ વધી શકો,મનની વાત વ્યક્ત કરી શકો. દિવસ ખુશનુમા વીતે.
**તુલા** (ર,ત) : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદમાં પસાર કરી શકો.
**વૃશ્ચિક** (ન,ય) : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ ,ઢ) : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.
**મકર** (ખ,જ) : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે,કામકાજમાં સફળતા મળે.
**કુંભ** (ગ,સ,શ) : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવક નો મેળ કરવો જરૂરી. વધુ વિશ્વાસે ના ચાલવું.
**મીન** (દ,ચ,ઝ,થ) : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

### ગાયકવાડ રાજનું સુશાસન સુખનો પેઢીઓથી અનુભવ ધરાવતી

# ધારીપાલિકાની ચૂંટણીમાં પ્રજાનો હોંકારો બને તેવા નેતાને શાસન સોંપવા મતદારો મક્કમ

## ધારીને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ પ્રથમ આવનારી ચૂંટણીમાં મતદારોની વર્તમાન શાસન વ્યવસ્થાની નારાજગી અણધાર્યા પરિણામો લાવે તેવી ચર્ચા

### ધારીમાં નાગરિકોની ફરિયાદ સાંભળે તેવા ઉમેદવારની જરૂર છેઃ હરેશ ઠાકર બ્રહ્મ સમાજ અગ્રણી



ધારી બ્રહ્મ સમાજ ના આગેવાન અને ભટ્ટ શેરીમાં રહેતા હરેશભાઈ ઠાકરે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ધારી ની હાલત એટલી બધી ખરાબ છે અહીં ગટર, પાણી, નળ ની ખુબ સમસ્યા છે શહેરમાં સાફ-સફાઈ બરાબર થતી નથી જાહેર શૌચાલય નથી, બાથરૂમ નથી પ્રજાજનો ખૂબ હેરાન થાય છે અમારે હવે સારા ઉમેદવાર અને પ્રજાનું કામ ધ્યાન દઈને કરે તેવા પ્રતિનિધિ ની જરૂર છે અત્યારે નગરપાલિકાની ઓફિસમાં કોઈ જવાબ દેવાવાળું જ છે નહીં, એક કામ માટે પાંચ દસ ધકા ખાવા પડે તેવી સ્થિતિ છે, સીટી સર્વે કચેરી, બે નંબરની કચેરીમાં આજ હાલત છે, કોઈ કામ તુરંત થતા નથી અને પબ્લિક હેરાન થાય છે ચૂંટણીમાં સારા ઉમેદવાર આવે તેવું લોકો ઈચ્છે છે




### નગરપાલિકામાં એવા સભ્યો આવવા જોઈએ જે પ્રજાજનોની જરૂરિયાત પૂરી કરેઃ પરવેજ સુમરા સામાજિક આગેવાન



ધારી નગરપાલિકાની પ્રથમ ચૂંટણી આવી રહી છે ત્યારે સામાજિક આગેવાન પરવેઝ ભાઈ સુમરાએ અબ તક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ધારી એ ગાયકવાડી સ્ટેટની સુવિધા ભોગવી છે હવે નગરપાલિકાના શાસનમાં લોકો અનેક સમસ્યાથી પીડાય છે લોકોના કામ થતા નથી, નગરપાલિકામાં એવા સભ્યો હોવા જોઈએ કે જે પ્રજાના કામ કરી શકે. શહેરમાં વચ્ચોવચ આવેલી ખુલ્લી જગ્યામાં શાકમાર્કેટની જરૂર છે નગરપાલિકાના ખાલી ગ્રાઉન્ડમાં શાક માર્કેટ બનવી જોઈએ શાક માર્કેટ હશે તો લોકો આવશે અને વેપારીઓનો ધંધો પણ ચાલશે, ડેમો લેશનમાં ધંધા વગરના થઈ ગયેલા નાના માણસોને શાક માર્કેટમાં જગ્યા ફાળવી જોઈએ, ધારીમાં ગાયકવાડ વખતે ખૂબ સારી સુવિધા હતી મોટો ગેટ હતો, ગામનો માભો હતો, ગાયકવાડ સરકાર વડોદરા થી અહીં દેખરેખ રાખતી,

ધારીની જીવા દોરી જેવા સરકારી દવાખાનામાં ખૂટતી સુવિધાઓ માટે અતુલભાઈ કાનાણીએ મહેનત કરી ધારાસભ્ય જેવી કાકડીયા ની મદદથી ધારીમાં ઓર્થોપેડિક સર્જન , અને બાળકોની પેટી ની વ્યવસ્થા થવાની છે, ધારીના ૭૯ ગામના લોકો દવાખાના માં આવે છે ત્યાં સારી સુવિધા થવી જોઈએ નગરપાલિકામાં એવા લોકો ચુંટાવવા જોઈએ જે લોકોની નાનામાં નાની સુવિધા માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરે અને લોકોને સુવિધા અપાવે

### ધારી નગરનો સારો વિકાસ કરી શકે તેવા નેતાને ગામનું સુકાન સોંપવું જોઈએઃ નવીન જસાણી (કટલેરી એસો પ્રમુખ)



ધારીમાં નગરપાલિકાની પ્રથમ ચૂંટણી થવાની છે ત્યારેઅબતક સાથેની વાતચીતમાં કટલેરી એસોસિયેશનના પ્રમુખ નવીનભાઈ જસાણી જણાવ્યું હતું કે ધારીમાં લોકોના કામ અને વિકાસ કરે તેવા નગરસેવકની જરૂર છે, અત્યાર સુધી પાલિકાનું શાસન હતું ત્યારે પદાધિકારીઓ લોકોની આંખોની શરમથી કામ કરતા હતા હવે તંત્ર મોટું થયું છે વહીવટદારનું શાસન છે ત્યારે સામાન્ય નાગરિકોના કામ થતા જ નથી, સામાન્ય માણસોને જવાબ મળતા નથી , તોછડું વર્તન થાય છે, સીનીયર સીટીઝનોને સામાન્ય કામ માટે દસ દસ ધક્કા થાય છે, વહીવટદાર અઠવાડિયામાં એકાદ વાર આવે છે, તેમને પણ એકથી વધુ ચાર્જની જવાબદારી હોવાથી મુશ્કેલી થાય છે, લોકોના કામ કરે તેવા સભ્યો ચૂંટાવાજોઈએ, ગામની વચ્ચે ડેમની ડુબમાં ગયેલી ખુલ્લી જમીન નો સાર્વજનિક રીતે ઉપયોગ થવો જોઈએ સિનિયર સિટીઝનો માટે બેસવાની વ્યવસ્થા કરવી જોઈએ, બંધ લાઈબ્રેરી, જાહેર બગીચો, ફરીથી શરૂ કરવા જોઈએ, ગામમાંથી કચરાના ઢગલા દૂર કરવાની જરૂર છે, પાણીનો વેડફાટ અટકાવવો જોઈએ, ધારીમાં બ્રોડગેજ તો ઠીક પણ ચાલુ ટ્રેનો પણ બંધ કરી દેવામાં આવી છે તે તમામ ટ્રેન નો પાછી શરૂ કરવા માટે સ્થાનિકથી લઈ ધારાસભ્યોને સાંસદ ને મહેનત કરવાની જરૂર છે, ધારીમાં ગાયકવાડ ના શાસનમાં મળેલી લાઈબ્રેરી, પ્રાથમિક શાળા, બગીચાની જાળવણી તો ઠીક, હતી તે સુવિધા પણ છીનવી લેવામાં આવી છે એટલે ધારી નગરપાલિકામાં સારા અને પ્રજાના કામ કરે તેવા ઉમેદવારો મેદાનમાં આવે તેવી લોકો લાગણી રાખી રહ્યા છે

**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

ધારી રાજાશાહી યુગમાં ગાયકવાડ સ્ટેટ નું છેલ્લું ગામ હતું.. પણ ધારીમાં કોઈ સામાન્ય નાગરિકને કૂતરું કરડ્યું હોય તોય જરૂર પડે તો વડોદરાથી સ્પેશિયલ ડોક્ટર આવીને સારવાર કરવા આવ્યા હોવાના દાખલા મોજુદ છે, ધારીએ ગાયકવાડ સ્ટેટ નું એ સુશાસન જોયું હતું આજે નગરપાલિકાના દરજ્જા બાદ ધારીની કથડેલી વ્યવસ્થાથી લોકો જૂનો જમાનો અને ગાયકવાડ સ્ટેટ નું સુશાસન યાદ કરી રહ્યા છે...

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે ત્યારે અમરેલી જિલ્લાની દનગરપાલિકાની ચૂંટણી માં આ વખતે ખાસ વાત એ છેકે ધારીમાં પ્રથમ વખત નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે ત્યારે ધારીના લોકોને કેવો ઉમેદવાર જોઈએ છે અને મતદારોનો કેવો મિજાજ છે? એ અંગે અબતક દ્વારા હાથ ધરવામાં આવેલા ગ્રાઉન્ડ રિપોર્ટમાં તારી ની પ્રજા નગરપાલિકાના શાસનમાં ગામનો વિકાસ કરી શકે અને મતદારોની જરૂરિયાતો સમજી શકે તેવા ઉમેદવાર ને નગર સેવા નું સુકાન સોંપવાના મૂડમાં હોવાનું જાણવા મળ્યું છે

ધારી નગરપાલિકાની પ્રથમવાર ચૂંટણી ખાસ મહત્વ ધરાવે છે અને આ વખતે ધારીના મતદારોમાં અનોખો મિજાજ જોવા મળી રહ્યો છે, લોકોનો આક્ષેપ છે કે નગરપાલિકા જાહેર થયા બાદથી પ્રજા હેરાન થઈ રહી છે અને પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે, વર્ષોથી ટકાવ અને વર્ષો સુધી ચાલે તેવારોડ બન્યા નથી, ગ્રામ પંચાયત સમયથી અધૂરા રહેલા કામો હજુ પુરા થયા નથી, હાલના વહીવટમાં પણ ખાસ સુધારો નથી અધિકારીઓની ગેરહાજરીને કારણે કામોમાં વિલંબ થાય છે ગામમાં અનેક જગ્યાએ કચરાના ઢગલા જોવા મળે છે ખાસ કરીને રખડતા ઢોરનો ખુબજ ત્રાસ છે. અગાઉનો બગીચો અવ્યવસ્થિત થઈ ગયો છે જૂનું બાલમંદિર તોડી નવું બનાવાયું નથી, લાઈબ્રેરી ત્રીજા માળે ખસેડાતા વયોવૃદ્ધોને મુશ્કેલી પડી રહી છે, અને લાંબા સમયથી બ્રોડગેજ લાઈન માટેની માંગ છતાં કોઈ ઉકેલ આવ્યો નથી

લોકોનું માનવું છે કે નગરપાલિકામાં એવો ઉમેદવાર જોઈએ જે ગુણવત્તાયુક્ત વિકાસ કરે અને એકવાર બનેલો રોડ લાંબા સમય સુધી ટકાઉ રહે હાલ બનતારોડ કામમાં ભ્રષ્ટાચારના આક્ષેપો ચૂંટણીનો મુખ્ય મુદ્દો બનવા જઈ રહ્યો છે..

ગાયકવાડ સ્ટેટ વખત નું શાસન જોનાર ધારી ની પ્રજા નેચૂંટણી સમયે સારો વ્યવહાર અને પછી વલણ બદલી નાખનાર રાજકીય આગેવાનોથી ભારે સુગ ચડી છે ,લોકો સરેઆમ કહે છે ધારીના મુખ્ય બજારમાં ડિમોલિશન બાદ નાના વેપારીઓ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી, લોકો મુશ્કેલીમાં મુકાયા છે, અને લોકો એવી માંગ કરતા થયા છે કે હવે ધારીમાં એવા જવાબદાર અને ઈમાનદાર ઉમેદવાર પસંદ થવા જોઈએ જે ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક વલણ રાખે અને પોતાના વિસ્તારમાં પારદર્શક રીતે વિકાસ કરે,

ધારીમાં હાલમાં પ્રાથમિક સુવિધાઓનો તો સરાજાહેરઅભાવ તેમજ રોજગારીની અછત હોવાનો મુદ્દો સ્થાનિક લોકો દ્વારા ઉઠાવવામાં આવ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ધારીના મતદારો માં હવે પરિવર્તનની માંગ ઉઠી છે. પ્રથમ વખત ધારી નગરપાલિકાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે સ્થાનિકોએ સ્પષ્ટ માંગણી કરી છે કે તેમને યોગ્ય પ્રાથમિક સુવિધાઓ મળે અને ઉમેદવાર લોકો વચ્ચે સતત જોડાયેલા રહે. હવે જોવાનું એ રહ્યું કે આવનારા સમયમાં રાજકીય પક્ષોને લોકો વચ્ચે રહેનારાજનપ્રતિનિધિઓ લોકોની આ અપેક્ષાઓ પર કેટલા ખરા ઉતરે છે તે સમય જ બતાવશે... અત્યારે ધારીના મતદારોમાં સ્વચ્છ કોરી પાર્ટીના અને બોલીને પાળે એવા ઉમેદવારો ને ધારીનું સુ કાન સોંપવાની મહેચ્છા જાગી છે.

### અનંત અંબાણીના ૩૧માં જન્મદિને

# દ્વારકાધીશના ચરણોમાં 'અનંત સેવા': ભાવિકો માટે રૂ.30 કરોડના ખર્ચે બનશે અદ્યતન યાત્રી ભવન

## સાળંગપુર ધામમાં પણ રૂ.૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગૌશાળાનું નિર્માણ થશે



**અબતક, રાજકોટ**

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત અંબાણીના ૩૧માં જન્મદિનના પાવન અવસરે અંબાણી પરિવારે દ્વારકા યાત્રાધામ અને સાળંગપુર ખાતે ભક્તિ અને માનવ સેવાના કાર્યો દ્વારા અનોખી ઉજવણી કરી છે. ભગવાન શ્રી દ્વારકાધીશ પ્રત્યે અત્યંત ગાઢ શ્રદ્ધા ધરાવતા અનંત અંબાણીએ દ્વારકા ખાતે શ્રદ્ધાળુઓની સુવિધામાં વધારો કરવા માટે એક મોટી ભેટ અર્પણ કરી છે.

દ્વારકા જગત મંદિર ખાતે રૂ30 કરોડનું અનુદાન

દ્વારકાધીશના દર્શનાર્થે આવતા લાખો ભાવિકોની સંખ્યામાં દિન-પ્રતિદિન થઈ રહેલા વધારાને ધ્યાને લેતા, અનંત અંબાણીએ પોતાની ભક્તિ અને કૃતજ્ઞતાના ભાવ સાથે અત્યંત વિનમ્રતાપૂર્વક રૂ30 કરોડના આર્થિક અનુદાનની જાહેરાત કરી છે. આ અનુદાન દ્વારા દ્વારકા ખાતે એક અદ્યતન 'યાત્રી ભવન'નું નિર્માણ કરવામાં આવશે, જે શ્રદ્ધાળુઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. શ્રી દ્વારકાધીશ મંદિર વ્યવસ્થાપક સમિતિએ આ નિઃસ્વાર્થ સેવાનો આભારપૂર્વક સ્વીકાર કર્યો છે અને અંબાણી પરિવાર પર ભગવાનના આશીર્વાદ કાયમ રહે તેવી મંગલ કામના વ્યક્ત કરી છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં દેવભૂમિ દ્વારકા આવતા શ્રદ્ધાળુઓની સંખ્યામાં અભૂતપૂર્વ વધારો જોવા મળ્યો છે. ઘણીવાર તહેવારો અને રજાઓના દિવસોમાં યાત્રાળુઓને રહેવા અને પાયાની સુવિધાઓમાં મુશ્કેલી પડતી હોય છે.

આ સમસ્યાના ઉકેલ માટે અંબાણી પરિવાર દ્વારા નિર્મિત થનારું આ ગેસ્ટ હાઉસ આશીર્વાદરૂપ સાબિત થશે. આ ભવનમાં પ્રવાસન ક્ષેત્રની પાયાની સુવિધાઓમાં વધારો કરવામાં આવશે, જેથી દૂર-દૂરથી આવતા ભક્તો સુખરૂપ દર્શન કરી શકે.

મુકેશ અંબાણી હોય કે અનંત અંબાણી, અંબાણી પરિવાર અવારનવાર દ્વારકાધીશના આશીર્વાદ લેવા આવતા રહે છે. અનંત અંબાણીના જન્મદિન નિમિત્તે આટલી મોટી રકમનું દાન આપીને પરિવારે સાબિત કર્યું છે કે તેમના જીવનમાં ધર્મ અને સેવાનું વિશેષ મહત્વ છે. આ ભવ્ય નિર્માણથી દ્વારકાના પ્રવાસનને પણ નવો વેગ મળશે.

આ સાથે જ, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર-સાળંગપુર ખાતે પણ અંબાણી પરિવાર દ્વારા ગૌ-સેવાનું મહાપર્વ ઉજવવામાં આવ્યું હતું. સાળંગપુર ધામના ૨૮ એકરના પરિસરમાં સ્વીડનની વિખ્યાત કંપનીના સહયોગથી કુલ રૂ૧૫ કરોડના ખર્ચે અત્યાધુનિક ગૌશાળાનું નિર્માણ કરવામાં આવશે.

આ પ્રોજેક્ટમાં અંબાણી પરિવાર મુખ્ય યજમાન તરીકે જોડાયો છે અને આ ગૌશાળામાં ૫૦૦ ગાયો માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ હશે. કોઠારી સ્વામી વિવેકસાગરદાસજીના આશીર્વાદ સાથે આ પ્રસંગે ખાસ મારુતિયજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

અનંત અંબાણીના જન્મદિને કરવામાં આવેલી આ 'અનંત સેવા' આવનારી પેઢીઓ માટે જનસેવા અને ધર્મપરાયણતાનો એક ઉત્તમ સંદેશ પૂરો પાડે છે.

### હા, હું ગુજરાતી છું.



ભરત પંડ્યા

માનવતા મારી નસેનસમાં છે.
સ્નેહમાં શક્તિ છું.
સેવામાં ભક્તિ છું.
દાનમાં અંકિત છું.
હું ''એકતા''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વીરતા મારા રોમે રોમમાં છે.
સત્યનો ઉપાસક છું.
અહિંસાનો આરાધક છું.
પ્રેમનું અમૃત છું.
હું વિશ્વ ''શાંતિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વ્યાપાર મારી રગેરગમાં છે.
પ્રકૃતિમાં સાહસિક છું.
પ્રતિષ્ઠામાં યુગાનુયુગ છું.
પ્રદક્ષિણામાં વિશ્વપ્રવાસી છું.
હું ''પ્રગતિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
વસુદૈવકુટુમ્બકમ મારાં શ્વાસેશ્વાસમાં છે.
દ્વારકાધીશની વાંસળીમાં ''ગીતા''નો સહવાસ છું,
ગાંધી, સરદાર અને નરેન્દ્ર મોદીની ''નીડરતા''નો અહેસાસ છું.
મહાકાળીની હારમાળામાં આતંકીનો વિનાશ છું.
હું ''મહાશક્તિ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.
યાત્રિક દુનિયાના જગે-જગમાં છું.
શ્રદ્ધા-આસ્થાનો ધોધ છું.
દયા-કરૂણાનો બોધ છું.
પરંતુ, પ્રતિરોધમાં તાંડવનો ક્રોધ છું.
હું ''શિવ સોમનાથ''નું પ્રતિક છું.
હા, હું ગુજરાતી છું.

# પોરબંદરની સિવિલમાં રજાના દિવસોમાં લેબોરેટરી ચાલુ રાખવાની માંગ

## દાખલ દર્દીઓના રિપોર્ટ ન થતા દર્દીઓને થાય છે મુશ્કેલી

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરની ભાવસિંહજી સરકારી હોસ્પિટલમાં આવેલ લેબોરેટરી રજાના દિવસોમાં બંધ રાખવામાં આવે છે.

ભાવસિંહજી સરકારી હોસ્પિટલમાં આવેલ વિવિધ વિભાગમાં અનેક દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. વિવિધ વોર્ડમાં અનેક દર્દીઓને સારવાર અર્થે દાખલ પણ કરવામાં આવતા હોય છે પરંતુ હોસ્પિટલમાં આવેલ લેબોરેટરીમાં રજાના દિવસોમાં માત્ર ઈમરજન્સી રિપોર્ટ જ કરવામાં આવતા હોવાથી દાખલ દર્દીઓના જરૂરી રિપોર્ટ થતા નથી જેથી દાખલ દર્દીઓની રિપોર્ટ વગર સારવાર પણ અટકી જાય છે ત્યારે રજાના દિવસોમાં દાખલ દર્દીઓના રિપોર્ટ કરવા જીવનભાઈ જુંગી દ્વારા રજુઆત કરવામાં આવી છે.


### ૨૧ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જીવનમાં હરપલ હસતા રહ્યા, સ્નેહથી હૈયામાં વસતા રહ્યા, ધર્મ એવો કરતા ગયા, અમોને માનવધર્મ કરતાં શીખવી ગયા, અમારા જીવનના ઘડવૈયા, અમોને કોઈપણ મુશ્કેલીમાં લડવૈયા બનતા શીખવી ગયા. જીવન એવું જીવી ગયા, અમોને જીવતા શીખવી ગયા, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના....... માઁ

સ્વ. રંજનબેન બળવંતભાઈ બદાણી
જન્મ : ૧૬-૬-૧૯૪૮
સ્વર્ગવાસ : ૯-૪-૨૦૦૫

પારસ-ચાર્મી-જહાનવી-ધીર બદાણી
ભીમાણી બ્રધર્સ | આર.બદાણી જ્વેલર્સ
સોનલ-સંદીપ દેસાઈ | રૂપલ-અંબર બાવીસી
ઋષિ-પૂજા-વિરાજ-કિઆન | શ્રેયા-દિવ્યરાજ

MANISH ADS

### પશ્ચિમ રેલવે પોરબંદર ⇌ અસાનસોલ વચ્ચે સાપ્તાહિક ટ્રેન દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય સ્થાન | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૨૦૫ | પોરબંદર – અસાનસોલ | ૧૩/૦૪/૨૦૨૬ થી ૨૯/૦૬/૨૦૨૬ | ૦૮:૫૦ કલાકે (સોમવાર) | ૦૬:૪૫ કલાકે (બુધવાર) |
| ૦૯૨૦૬ | અસાનસોલ – પોરબંદર | ૧૫/૦૪/૨૦૨૬ થી ૦૧/૦૭/૨૦૨૬ | ૨૩:૦૫ કલાકે (બુધવાર) | ૨૧:૫૦ કલાકે (શુક્રવાર) |

**વિરામોઃ** ભાણવડ, લાલપુર જામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વિરાંગણા લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, પ્રયાગરાજ જં., મિર્ઝાપુર, પં. દીન દયાલ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ, દેહરી ઓન સોને, ગયા, કોડરમા, હજારીબાગ રોડ, પારસનાથ, નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ગોમોહ અને ધનબાદ સ્ટેશનો બંને દિશામાં.

**રચનાઃ** એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચો.

વિરામના સમય, અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ટ્રેન નંબર ૦૯૨૦૫ માટે બુકિંગ ૧૦/૦૪/૨૦૨૬થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને ફોલો કરો:
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો


### દ્વારકા નગર પાલિકા કચેરી, દ્વારકા
### જાહેર નિવિદા – ૦૨/૨૦૨૬–૨૭

આથી રસ ધરાવતી એજન્સીને જણાવવામાં આવે છે કે દ્વારકા નગરપાલીકા હદ વિસ્તારમાં રખડતા શ્વાનોને પકડવા માટે અત્રેની કચેરીના છોટા હાથી વાહન ઉપર શ્વાનોને પકડવા માટે વાહન બનાવવાની જરૂરીયાત હોય જે અન્વયે શ્વાનોને પકડવા માટે વાહન બનાવવાના ભાવો આપની સંસ્થાના લેટર પેડ ઉપર લખી બંધ કવર ઉપર શ્વાન પકડવાના વાહનના ભાવો દર્શાવી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિવસ-૭માં ચિફ ઓફીસરશ્રી દ્વારકા નગરપાલીકા, મીરા ગાર્ડન સામે, હોસ્પીટલ રોડ, દ્વારકાના સરનામા ઉપર સ્પીડ પોસ્ટ/રજી.એ.ડી/કુરીયર/રૂબરૂ મોકલી આપવા નોંધ લેશો.

તા.૦૮/૦૪/૨૦૨૬

| | |
|---|---|
| અશ્વિન કે.ગઢવી<br>ચીફ ઓફીસર<br>દ્વારકા નગરપાલિકા | પરેશભાઈ એસ.ઝાખરીયા<br>કારોબારી ચેરમેન<br>દ્વારકા નગરપાલિકા |
| વિજયભાઈ કે.માણેક<br>ઉપપ્રમુખ<br>દ્વારકા નગરપાલિકા | કોમલબેન પી.ડાભી<br>પ્રમુખ<br>દ્વારકા નગરપાલિકા |

### રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.

દૂધ સાગર માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૩.
ફોન નં. ૭૦૬૯૬ ૮૬૭૯૯ / ૯૭૭૩૧ ૧૬૬૮૪

**ટેન્ડર નોટીસ**

રાજકોટ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. માટે નીચેની વિગતે કોન્ટ્રાકટની કામગીરી વાર્ષિક ધોરણે (તા.૦૧-૦૫-૨૦૨૬ થી તા.૩૧-૦૩-૨૦૨૭ સુધી) આપવાની છે. રસ ધરાવતી નામાંકીત પાર્ટીઓ પાસેથી રજીસ્ટર્ડ ટપાલ અથવા કુરીયર દ્વારા ટેન્ડરો માંગવામાં આવે છે. જેની વિગતો તથા શરતો નીચે મુજબ છે.

| ક્રમ | કામનું નામ |
|---|---|
| ૧. | એરકન્ડીશનરના વાર્ષિક સર્વિસ (મેઈન્ટેનન્સ) |

**શરતો :**

૧. ટેન્ડર ફોર્મ રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય, જે તે સબંધિત વિભાગમાંથી રૂા. ૧૦૦૦/- સંઘના કેશ વિભાગમાં ભર્યા બાદ મળી શકશે. જે પરત મળવાને પાત્ર નથી.
૨. ટેન્ડરો આપવાની મુદત તા. ૧૦-૦૪-૨૦૨૬ થી તા. ૧૮-૦૪-૨૦૨૬ સુધીની રહેશે. (રજાના દિવસો સિવાય) આ વિગતના ભરેલા ટેન્ડરો સીલબંધ કવરો ઉપર કામગીરીની વિગત જણાવી ઓફીસ સમય પહેલા પરત કરવાની મુદત તા. ૨૩-૦૪-૨૦૨૬ બપોરે ૪:૦૦ વાગ્યા સુધીની રહેશે. અન્ય જરૂરી વિગતો માટે રૂબરૂ સંઘના સબંધિત વિભાગમાં મળવાનું રહેશે.
૩. ટેન્ડરો સંપૂર્ણ કે અંશતઃ રદ કરવાનો અબાધિત અધિકાર મેનેજમેન્ટનો રહેશે.

**ઈ-મેનેજીંગ ડીરેકટર**

તંત્રી લેખ

# ઈલેક્ટ્રિક વાહનો હવે સમયની માંગ

વર્તમાન સમયમાં પરિવહન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ જોવા મળી રહી છે, અને તે છે ઈલેક્ટ્રિક વાહનોનો વધતો જતો ક્રેઝ. પેટ્રોલ અને ડીઝલના સતત વધતા ભાવો અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને કારણે લોકો હવે ઈલેક્ટ્રિક વાહનો તરફ વળી રહ્યા છે. આ માત્ર એક ટ્રેન્ડ નથી, પરંતુ ભવિષ્યની જરૂરિયાત બની ગઈ છે. રસ્તાઓ પર હવે અવાજ અને ધુમાડા વિના દોડતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે ભારતીય ગ્રાહકોની માનસિકતા ઝડપથી બદલાઈ રહી છે.

આ બદલાવ માત્ર વાતો પૂરતો સીમિત નથી, પરંતુ સરકારી આંકડાઓ પણ આ વાતની પુષ્ટિ કરે છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયના સત્તાવાર 'વાહન ડેશબોર્ડ' ના આંકડા અનુસાર, એપ્રિલ ૨૦૨૫ થી માર્ચ ૨૦૨૬ ના ૧૨ મહિનાના સમયગાળા દરમિયાન ભારતમાં રેકોર્ડ ૨૪,૫૨,૦૫૬ ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ થયું છે. માત્ર માર્ચ ૨૦૨૬ ના એક જ મહિનામાં ૨,૭૯,૫૩૦ ઈલેક્ટ્રિક વાહનો રજીસ્ટર થયા છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે દેશમાં ઈવી માર્કેટ કેટલી ઝડપથી વિસ્તરી રહ્યું છે.

આ વેચાણમાં સૌથી મોટો ફાળો ટુ-વ્હીલર (દ્વિચક્રી વાહનો) નો છે. આંકડા દર્શાવે છે કે માર્ચ ૨૦૨૬ માં ૧,૯૧,૦૬૭ ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર વેચાયા હતા. ટુ-વ્હીલર કેટેગરીમાં ઈવીનો હિસ્સો હવે વધીને ૯.૮% થઈ ગયો છે. મધ્યમ વર્ગના પરિવારો અને યુવાનો રોજિંદા ઉપયોગ માટે ઈલેક્ટ્રિક સ્કૂટર અને બાઈકને વધુ પસંદ કરી રહ્યા છે. ઓછા મેન્ટેનન્સ ખર્ચ અને પેટ્રોલના ખર્ચમાંથી મળતી મુક્તિ આ પાછળનું મુખ્ય કારણ છે.

ટુ-વ્હીલર ઉપરાંત ફોર-વ્હીલર અને થ્રી-વ્હીલર સેગમેન્ટમાં પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. પેસેન્જર કારના વેચાણમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે, જ્યાં માર્ચ ૨૦૨૬ માં ૨૨,૩૧૫ ઈલેક્ટ્રિક કાર વેચાઈ હતી. આ સેગમેન્ટમાં ૩૭% થી વધુ માર્કેટ શેર સાથે ટાટા મોટર્સ અગ્રેસર છે. બીજી તરફ, થ્રી-વ્હીલર પેસેન્જર વાહનોનું વેચાણ પણ ૨૩,૪૬૮ યુનિટ સુધી પહોંચી ગયું છે, જે શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહનને નવો આકાર આપી રહ્યું છે.

માત્ર ખાનગી ઉપયોગ માટે જ નહીં, પરંતુ વ્યાપારી હેતુઓ માટે પણ ઈલેક્ટ્રિક વાહનોનો સ્વીકાર વધી રહ્યો છે. ઈ-રિક્ષા અને ઈ-ગુડ્સ કેરિયર (માલવાહક વાહનો) ના વેચાણમાં પણ ઉછાળો જોવા મળ્યો છે. લોજિસ્ટિક્સ અને ડિલિવરી કંપનીઓ તેમના ટ્રાન્સપોર્ટેશન ખર્ચને ઘટાડવા માટે મોટા પાયે ઈલેક્ટ્રિક વાહનો અપનાવી રહી છે. આનાથી રોજગારીની નવી તકો પણ ઉભી થઈ રહી છે અને નાના વેપારીઓને આર્થિક ફાયદો થઈ રહ્યો છે.

આ ઐતિહાસિક વૃદ્ધિ પાછળ સરકારની પ્રોત્સાહક નીતિઓનો મોટો હાથ છે. ભારે ઉદ્યોગ મંત્રાલય દ્વારા ૧૦૯ બિલિયન રૂપિયા (લગભગ ૧૦,૯૦૦ કરોડ) ના બજેટ સાથે 'પીએમ ઈ-ડ્રાઈવ' કાર્યક્રમ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ યોજના હેઠળ વાહનોની ખરીદી પર સબસિડી આપવાની સાથે દેશભરમાં ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવા પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. વધુમાં, ઈવીના ૧૮ જેટલા સ્પેરપાર્ટ્સનું દેશમાં જ ઉત્પાદન થાય તે માટે ૧૦૦% ડોમેસ્ટિક કન્ટેન્ટના નિયમો બનાવવામાં આવ્યા છે.

ઈલેક્ટ્રિક વાહનોનો આ ટ્રેન્ડ દેશના અર્થતંત્ર અને પર્યાવરણ બંને માટે અત્યંત લાભદાયી છે. વિદેશથી આયાત થતા ક્રૂડ ઓઈલ પરની આપણી નિર્ભરતા ઘટવાથી હજારો કરોડ રૂપિયાના વિદેશી હૂંડિયામણની બચત થશે. આ ઉપરાંત, કાર્બન ઉત્સર્જનમાં મોટો ઘટાડો થવાથી શહેરોની હવા વધુ શુદ્ધ બનશે. ગ્લોબલ વોર્મિંગ સામેની લડાઈમાં અને ભારતના 'નેટ ઝીરો' લક્ષ્યાંકને સિદ્ધ કરવામાં આ વાહનો ચાવીરૂપ ભૂમિકા ભજવશે.

નિષ્કર્ષમાં કહી શકાય કે ઈલેક્ટ્રિક વાહનોનો યુગ હવે શરૂ થઈ ચૂક્યો છે. આ માત્ર એક વિકલ્પ નથી, પરંતુ સમયની માંગ છે. મોરબી સહિત સમગ્ર ગુજરાતના નાગરિકો પણ આ પરિવર્તનનો હિસ્સો બની રહ્યા છે. જેમ જેમ બેટરી ટેકનોલોજી સસ્તી થશે અને ચાર્જિંગ સ્ટેશનોનું નેટવર્ક વધશે, તેમ તેમ આ આંકડાઓ નવી ઊંચાઈઓને સ્પર્શશે. ભવિષ્યની પેઢી માટે સ્વચ્છ અને સુંદર વાતાવરણનું નિર્માણ કરવા માટે ઈવી અપનાવવું એ દરેક નાગરિકની સામાજિક જવાબદારી પણ છે.

# રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગની બેઠક : પરિસ્થિતિમાં સુધારો લાવવા લેવાયો નિર્ણય

## રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ હરદીપસિંહ ગિલના અધ્યક્ષસ્થાને વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં યોજાઈ બેઠક

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ભારત સરકારના રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગની બેઠક હરદીપસિંહ ગિલ (રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ) ના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી.

આ ઉચ્ચ-સ્તરીય બેઠકમાં મધ્યપ્રદેશ રાજ્ય સફાઈ કર્મચારી આયોગના અધ્યક્ષ પ્રતાપ કરોસિયાજી, ગુજરાત ના પ્રતિનિધિ જલ્પેશભાઈ વાઘેલા અને એનએસકેએફડીસી સહિત વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓની હાજરી હતી. બેઠક દરમિયાન, સફાઈ કર્મચારી સમુદાયના સર્વાંગી વિકાસને લગતા મુદ્દાઓ - જેમ કે સામાજિક સુરક્ષા, આર્થિક સશક્તિકરણ, સ્વ-રોજગારની તકો, કૌશલ્ય વિકાસ, રોજગાર નિર્માણ, આરોગ્ય સુવિધાઓ અને અનામત - પર વિગતવાર અને સંપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી.



કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો દરેક સફાઈ કર્મચારી સુધી અસરકારક રીતે પહોંચે તેની ખાતરી કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો, જેમાં પિરામિડના તળિયે રહેલા લોકોનો પણ સમાવેશ થાય છે, અને તેમની કાર્યકારી પરિસ્થિતિઓમાં સુધારો કરવા, સલામતીના ધોરણોને મજબૂત કરવા અને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવા માટે નક્કર અને વ્યવહારુ પગલાં લેવામાં આવે તેની ખાતરી કરવામાં આવી હતી.

આ બેઠકે નીતિ ઘડતર તરફ એક મહત્વપૂર્ણ પગલું તો ઉપાડ્યું જ, પરંતુ સફાઈ કર્મચારી સમુદાયના અધિકારોનું રક્ષણ કરવા, આદર સ્થાપિત કરવા અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતાને પણ મજબૂત બનાવી. આપણે બધા સફાઈ કર્મચારીઓના કલ્યાણ, આદર અને સશક્તિકરણ માટે કામ કરવાનું ચાલુ રાખવા અને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે તમામ પ્રયાસો કરવા માટે કટિબદ્ધ છીએ.

# ઈડર: ઉંચીધનાલમાં શાળાના બાળકોને કરાયુ ચપ્પલનું વિતરણ

## શાળાના આચાર્ય દ્વારા દાતા પરીક્ષિત પટેલની સેવા બિરદાવાય

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

એચ. કે. પટેલ હાઈસ્કુલ, ઊંચીધનાલ ખાતે આજે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતો કાર્યક્રમ યુવા દાતા પરીક્ષિતભાઈ પટેલ દ્વારા શાળાના તમામ બાળકોને પગરખાં (ચંપલ) નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શાળાના આચાર્ય વી. એન. પટેલ દાતા ના આ કાર્યને બિરદાવતા જણાવ્યું હતું કે, "બાળકોની પાયાની જરૂરિયાતો સમજીને પરીક્ષિતભાઈએ જે



સંવેદનશીલતા દાખવી છે તે પ્રશંસનીય છે. તેમના આ સહયોગથી વિદ્યાર્થીઓના ચહેરા પર સ્મિત રેલાયું હતુ.

શાળાના તમામ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓએ પરીક્ષિત પટેલની આ નિઃસ્વાર્થ સેવા બદલ તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# અંજાર પોલીસે ગુમ થયેલા પાંચ લાખના મોબાઈલ મુળ માલીકોને પરત સોંપ્યા

## પોલીસનો તેરા તુજકો અર્પણ કાર્યક્રમમાં ફરિયાદીઓ માટે બન્યો આશિર્વાદ રૂપ

**અબતક, ભારતીમાખીજાણી, ગાંધીધામ**

અંજાર પોલીસે 'પોલીસ પ્રજાનો મિત્ર છે' તે સૂત્રને સાર્થક કરતા ૫ લાખનો મુદ્દામાલ તેના અસલી માલિકોને પરત સોંપ્યો છે.પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમાર અને પી.આઈ. એચ.એ જાડેજાના માર્ગદર્શન હેઠળ, પોલીસે ટેકનોલોજીની મદદથી શોધેલા ૨૦ મોબાઈલ ફોન (કિંમત ૫ લાખ)રીકવર કરી અંજાર પોલીસ સ્ટેશન ખાતે 'તેરા તુજકો અર્પણ કાર્યક્રમનુ આયોજન કરી મુળ માલીક / અરજદારને



મોબાઈલ ફોન પીઆઇ એચ.એ જાડેજાના હસ્તે ભાવુક થયેલા અરજદારોને પરત કરવામાં આવ્યા હતા. આ સફળ કામગીરી અંજાર પીઆઈ એચ.એ જાડેજા, પીએસઆઈ એસ.જી.વાળા અંજાર પોલીસ સ્ટાફના માણસો દ્વારા કરવામાં આવેલ હતી.

# એસપીવીએસ કેમ્પસમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે સરસ્વતી પૂજન

## માતૃપિતૃ વંદના કાર્યક્રમમાં અશ્રુભીની આંખે વાલીઓએ બાળકોને આશિર્વાદ આપ્યા : તેજસ્વી તારલાઓના સન્માન સાથે બિઝનેસ સ્ટાર્ટઅપ કાર્યક્રમ સંપન્ન

**અબતક, કરણ બારોટ, જેતપુર**

એસપીવીએસ કેમ્પસમાં કુદરતી અને અલૌકિક વાતાવરણ વચ્ચે માં સરસ્વતી પૂજન અને માતૃ-પિતૃ વંદનાનો ભવ્ય કાર્યક્રમ સંપન્ન થયો હતો. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની સાંદિપની વિદ્યાનિકેતનમાં પ્રશિક્ષિત આચાર્ય રાકેશ પાઠક દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે આ વિધિ કરાવવામાં આવી હતી. પ્રવર્તમાન સમયમાં જ્યારે સોશિયલ મીડિયાના અતિરેકથી બાળકો કુટુંબ ભાવના અને સંસ્કારોથી દૂર જઈ રહ્યા છે, ત્યારે વિસરાતી જતી ભારતીય સંસ્કૃતિ અને કૌટુંબિક મૂલ્યોને ઉજાગર કરવાના ઉમદા હેતુથી આ આયોજન કરાયું હતું. આ ભાવુક ક્ષણોમાં હાજર રહેલા ૨,૦૦૦ થી વધુ વાલીઓ અને વિદ્યાર્થીઓ માતૃ-પિતૃ વંદના જોઈ અશ્રુભીની આંખે ભાવવિભોર થયા હતા.



શાળાના મેનેજિંગ ટ્રસ્ટી દિનેશભાઈ ભુવા અને સીઈઓ જયવીરભાઈ ભુવાએ આ વિરાસતને જીવંત રાખવાના પ્રયાસને બિરદાવ્યો હતો.

આ કાર્યક્રમમાં સંસ્કારોની સાથે વિદ્યાર્થીઓના કૌશલ્ય વર્ધન પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો. કેમ્પસના વિદ્યાર્થીઓ દ્વારા 'બિઝનેસ સ્ટાર્ટઅપ' અંતર્ગત ખાણીપીણી અને દૈનિક જરૂરિયાતની વસ્તુઓના સ્ટોલ્સ લગાવી વ્યવસાયિક સૂઝબૂઝનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રાથમિક વિભાગના બાળકોએ વિજ્ઞાનને લગતા વિવિધ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા હતા. આ પ્રસંગે ગત વાર્ષિક પરીક્ષામાં નર્સરી થી ધોરણ ૧૨ સુધીમાં ૧ થી ૩ નંબર મેળવનાર તેજસ્વી તારલાઓને શીલ્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંદીપભાઈ ભટ્ટીએ કર્યુ હતું, જ્યારે કેડી સાહેબે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું અને અંતમાં એમ.બી. ચોવટીયાએ તમામ મહેમાનો અને વાલીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# લીંબડી તાલુકાના કોળી સમાજના ભાજપના આગેવાન સહિત ૫૦ થી વધુ કાર્યકરો કોંગ્રેસમાં જોડાયા



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં જ સુરેન્દ્રનગર જીલ્લામાં ભાજપમાં ગાબડું પડ્યું છે. લીંબડી તાલુકાના કોળી સમાજના ભાજપના આગેવાનએ પોતાના અંદાજે ૫૦થી વધુ કાર્યકર્તાઓ સાથે કોંગ્રેસમાં જોડાયા છે. લીંબડી તાલુકાના કોળી સમાજના ભાજપના આગેવાન તેજાભાઈ મેટાલિયા અને અંદાજે ૫૦ થી વધુ કાર્યકરોએ ભાજપને રામરામ કરી કોંગ્રેસનો હાથ પકડ્યો છે. આ તકે ભાજપમાંથી કોંગ્રેસમાં જોડાયા બાદ આકરા પ્રહારો કર્યા હતા અને વર્ષોથી ભાજપ સાથે જોડાયેલા હોવા છતાં અને અગાઉ જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતની ચૂંટણીઓ ભાજપમાંથી જીતી ચૂક્યા હોવા છતાં પક્ષ દ્વારા જુના અને અનુભવી કાર્યકર્તાઓને અન્યાય થતો હોવાથી કોંગ્રેસમાં જોડાયા હોવાનું જણાવ્યું હતુ. કોંગ્રેસમાં જોડાયેલા કોળી સમાજના આગેવાનો અને કાર્યકર્તાઓનું જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નૌશાદ સોલંકી, શહેર કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર, ઝરણાબેન જાની દ્વારા કોંગ્રેસનો ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ઈડરની દીકરીએ ઈગ્નુમાં ગોલ્ડ મેડલ મેળવી સાબરકાંઠાનું નામ રોશન કર્યુ

## જવાહર નવોદય વિદ્યાલયના ટીચર દિવ્યાબેન સોલંકીને ચોમેરથી અભિનંદન

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ઈડર તાલુકાના વીરપુર ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયમાં આર્ટ ટીચર તરીકે ફરજ બજાવતા બી.એસ.સોલંકીની પુત્રી દિવ્યા સોલંકીએ રાષ્ટ્રીય સ્તરે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના અમદાવાદ ખાતે યોજાયેલા ૩૯ મા પદવીદાન સમારોહમાં દિવ્યાએ બેચલર ઓફ લાઈબ્રેરી ઈન્ફોર્મેશન સાયન્સમાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ હાંસલ કર્યો છે.



દિલ્હી સેન્ટ્રલ યુનિવર્સિટી દ્વારા આયોજિત આ અભ્યાસક્રમમાં લાખો વિદ્યાર્થીઓ વચ્ચે પ્રથમ સ્થાને આવી દિવ્યાએ સોલંકી પરિવાર તેમજ સાબરકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે તેમની આ સિદ્ધિ બદલ શૈક્ષણિક જગત અને સ્થાનિકો તરફથી અભિનંદનનો વર્ષા થઈ રહ્યો છે.

# જામકંડોરણાના રાયડી ગામેથી મહાકાય અજગરનું રેસ્ક્યુ



**અબતક, પ્રવિણ દોંગા, જામ કંડોરણા**

જામકંડોરણા તાલુકાના રાયડી ગામે રહેતા પ્રકાશભાઈ હરિભાઈ પોશીયાની વાડીએ લીમડાનાં ઝાડ ઉપર બેસેલ અજગર દેખાતા ચકચાર મચી હતી. ફોરેસ્ટની ટીમને જાણ કરાતા ફોરેસ્ટ સ્ટાફ દ્વારા તાત્કાલિક દોડી આવી હતી. ફોરેસ્ટ વિભાગની ટીમે સાત ફૂટના અજગરનું રેસ્ક્યુ કરી સુરક્ષિત જગ્યાએ છોડી દેવામાં આવ્યો હતો.

# સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદની આગાહીને લઈને ખેડૂતોને સાવચેતી રાખવા તંત્રની અપીલ

## હવામાન વિભાગની આગાહીને પગલે તકેદારીના પગલાં લેવા ખેડુતોને તાકીદ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી સુરેન્દ્રનગર જીલ્લામાં પણ છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. તેમજ વાદળછાયા વાતાવરણ અને સંભવિત વરસાદને ધ્યાને રાખીને ખેડૂતોએ પોતાના પાકના રક્ષણ માટે સાવચેતી પગલાં લેવા જીલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

જેમાં કમોસમી વરસાદથી થતા પાક નુકસાનથી બચવા માટે ખેડૂતોએ ખેતરમાં કાપણી કરેલ પાક જો ખુલ્લો હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા અથવા પ્લાસ્ટિક કે તાડપત્રી થી યોગ્ય રીતે ઢાંકી દેવા ઉપરાંત વરસાદનું પાણી પાકના ઢગલાની નીચે ન જાય તે માટે ઢગલાની ફરતે માટીનો પાળો બનાવવા જણાવાયું છે. આ સમયગાળા દરમિયાન જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ ટાળવો તેમજ ખાતર અને બિયારણનો જથ્થો પલળે નહીં તે રીતે સુરક્ષિત રાખવા તાકીદ કરી છે. માર્કેટિંગ યાર્ડ (એપીએમસી)માં વેચાણ અર્થે લાવવામાં આવતી ખેત પેદાશોને સુરક્ષિત રાખવા માટે પણ વેપારીઓ અને ખેડૂતોને ખાસ સૂચના આપવામાં આવી છે.

# ધોરાજીના વેગડીમાં એકતા ટ્રસ્ટના સમુહ લગ્નમાં ૧૧ યુગલોએ પ્રભુતામાં પગલા માંડ્યા

## દિકરીઓને આશિર્વાદ આપવા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સહિતના આગેવાનો રહ્યા હાજર

**અબતક, રમણીક ટોપિયા, ધોરાજી**

ધોરાજીના વેગડી ગામ ખાતે એકતા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નવમાં શાહી સમુહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ૧૧ દંપતિઓએ પ્રભુતમ પગલા પાડ્યા હતા. આ અગિયાર દમપતિઓને આશીર્વાદ દેવા માટે ધોરાજી શહેર તથા આજુ ગ્રામ્ય બાજુ ગ્રામ્ય વિસ્તારમાંથી સામાજિક આગેવાનો રાજકીય આગેવાનો રહ્યા હતા અગિયાર દંપતિઓને આશીર્વાદ આપ્યા હતા આ સાથે વડગામના ધારાસભ્ય



જીગ્નેશ મેવાણી ઉપસ્થિત રહ્યા હતા અને એકતા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા તમામ લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો અને અગિયાર દમપત્તીઓને આશીર્વાદ પાઠવ્યાતા સાથે આ શાહી સમૂહ લગ્ન રાત્રી દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં ભીમ ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું અને ભીમ ડાયરાના કલાકાર એવા શોભનાબેન દાફડા દ્વારા કલા રજૂ કરવામાં આવી હતી આ સમૂહ લગ્નને સફળ બનાવવા માટે વસંતભાઈ સોલંકી તથા એકતા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના કાર્યકર્તાઓએ ભારે જહમત ઉઠાવી હતી.

# અમરેલીમાં અનુકંપા ફાઉન્ડેશન દ્વારા ૨૫૦ વડીલોને સોમનાથ-દ્વારકાની કરાવાશે જાત્રા

## વડીલોની પાંચ બસના સંઘને સોમવારે વલકુબાપુ કરાવશે પ્રસ્થાન

**અબતક,હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીની સેવાભાવી સંસ્થા અનુકંપા ફાઉન્ડેશન દ્વારા સિનિયર સિટીઝનો માટે સોમનાથ-દ્વારકાની ત્રણ દિવસીય નિઃશુલ્ક તીર્થયાત્રાનું પાંચમું આયોજન તા. ૧૩ એપ્રિલના રોજ કરવામાં આવ્યું છે. આ યાત્રામાં આશરે ૨૫૦ વડીલો પાંચ બસોમાં સોમનાથ-દ્વારકા દર્શન માટે રવાના થશે. અમરેલી સ્થિત લોહાણા મહાજનવાડીથી દાનબાપુની જગ્યાના ગાદીપતિ વલકુબાપુ દ્વારા બસોને પ્રસ્થાન કરાવવામાં આવશે. કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી હકુભા જાડેજા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે.

અમરેલીના ડો. ભરત કાનાબારની રાહબરી હેઠળ કોરોના કાળથી સેવાકાર્યોમાં સક્રિય રહેલી અનુકંપા ફાઉન્ડેશને ગયા વર્ષથી





જીલ્લાના વડીલોને નિઃશુલ્ક તીર્થયાત્રા કરાવવાનો અભિયાન શરૂ કર્યો છે. અત્યાર સુધીમાં ચાર સફળ પ્રવાસો પૂર્ણ થઈ ચૂક્યા છે અને આશરે ૬૦૦ જેટલા સિનિયર સિટીઝનોને આ યાત્રાનો લાભ મળ્યો છે. આ યાત્રા માટે સમાજના દાતાઓ દ્વારા ઉદાર આર્થિક સહકાર પ્રાપ્ત થયો છે. જેમાં અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ તેમના સ્વ. ધર્મપત્નિ મુક્તાબેનના સ્મરણાર્થે રૂપિયા ૧.૧૧ લાખનું અનુદાન આપ્યું છે. ઉપરાંત જે.પી. સોજીત્રા અને ભાવિનભાઈ સોજીત્રા, એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી, ઉદ્યોગપતિ ધનજીભાઈ રાખોલીયા, ચકાભાઈ રાજપોપટ તથા રાજુભાઈ કામદાર સહિતના દાતાઓએ પણ યાત્રા માટે આર્થિક સહયોગ આપ્યો છે.

યાત્રાના સફળ આયોજન માટે સંસ્થાના કાર્યકરો ભીખુભાઈ અગ્રાવત, મધુભાઈ આજુગીયા અને એડવોકેટ ચેતનભાઈ રાવળના માર્ગદર્શન હેઠળ અનેક સેવાભાવી કાર્યકરો દ્વારા યાત્રિકોના નિવાસ, ભોજન, સંકલન અને વ્યવસ્થાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

# લોધિકામાં શ્રમિકોના મામલે આધેડને ધમકાવી ત્રણ વાહનોમાં તોડફોડ

## મજુરને કામે લઈ જવા બાબતે માથાકૂટ કરી અને ધમકી આપીઃ પિતરાઈ સહિતના શખ્સો સામે ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

લોધિકામાં આધેડને મજુરને કામે લઈ જવા બાબતે કૌટુંબિક ભાઈ સહિત પાંચ શખસોએ મળી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં આરોપીએ આધેડના ઘર પાસે રહેલ તેમની ત્રણ ગાડીઓના કાચ ફોડી નાખ્યા હતા. જે અંગે આધેડે લોધિકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, લોધિકામાં રહેતા કાનાભાઈ ઉર્ફે કાનજીભાઈ ખેતાભાઈ ચૌહાણએ કુટુંબીભાઈ બાલા કરસનભાઈ ચૌહાણ, મુકેશ કરસનભાઈ ચૌહાણ, મુન્નો કરસનભાઈ ચૌહાણ, કિશન અશોકભાઈ ચૌહાણ અને રવિ અશોકભાઈ ચૌહાણ સામે માર માર્યાની ફરિયાદ નોંધાવી છે.વાજાવાસની પાછળ ડંકીએ ઉભા હતા ત્યારે અહીં સનુડો નામના યુવાન સાથે મજુર હક્કા ધારશી બાબતે વાતચીત કરતા હતા. દરમિયાન કુટુંબીબાઈ બાલો આવ્યો હતો અને કહેવા લાગ્યો હતો કે, તું હકાને હવે મજૂરીકામે લઈ જતો નહીં અને જો લઈ જઈશ તો સારાવટ નહીં રહે જેથી આધેડે કહ્યું હતું કે તે મારી સાથે મજૂરી આવશે તો હું તેને લઈ જઈશ આ સાંભળી બાલાએ ઉશ્કેરાઈ કહ્યુ હતું કે હવે તું જો હમણાં પાછો આવું છું.

થોડીવાર બાદ બાલો, મુકેશ, મુન્નો, કિશન, રવિ સહિતનાઓ અહીં એકસંપ કરીને આવ્યા હતા અને ફરિયાદીને શખસોએ ઉશ્કેરાય હવે તને જીવતો રહેવા દેવો નથી તેમ કહી ધમકી આપતા હતા. આધેડ ડરી ભાગીને અહીં કાકા કરશનભાઈના ઘરે ચાલ્યા ગયા હતા અને આ બાબતે વાત કરી હતી.બાદમાં તે પોતાના ઘરે જતા રહ્યા હતાં.

રાત્રીના ઘર પાસે કંઈક તોડફોડનો અવાજ આવતા તેમણે પોતાની અગાસી પરથી જોતા ઘરની પાછળ આવેલ બાપા સીતારામ મંદિર પાસે બાલો લોખંડના સળિયા વડે ગાડીઓના કાચ તોડતો હતો. જેમાં આધેડની ત્રણ ગાડી ઈકો નં.જીજે ૩ કેપી ૫૧૮૦, બોલેરો નં. જીજે૩ બીઝેડ ૭૫૩૬ અને કેરી ગાડી નંબર જીજે ૩ સીયુ ૫૦૪૩ હોય જેના કાચ આ બાલાએ પાઈપ વડે તોડી નાખ્યા હતા. જેથી આ અંગે અધેડે પાંચેય શખસો વિરુદ્ધ લોધિકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.આધેડની ફરિયાદ પરથી પોલીસે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી પાંચેય આરોપીઓને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

ઝાલાવડના બહુચર્ચિત એન.એ. કૌભાંડમાં

# સસ્પેન્ડેડ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી સામે અપ્રમાણસર મિલકતનો એસીબીમાં નોંધાતો ગુનો

## વર્ષ ૨૦૧૩થી ૨૦૨૫ દરમિયાન હોદાનો દુરપયોગ કરી પોતાના અને પરિવારજનોના નામે આશરે આવકથી વધુ રૂ.૧.૨૨ કરોડથી વધુની મિલકત વસાવી હોવાનું ખુલ્યું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગરમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ચંદ્રસિંહ ભુપતસિંહ મોરી સામે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ આવક કરતા વધુ સંપત્તિનો ગુનો નોંધ્યો છે. તપાસમાં આવક કરતાં રૂ.૧,૨૨,૨૭,૬૫૮ જેટલી અપ્રમાણસર સંપત્તિ એકત્રિત કરી છે, જે કુલ આવક કરતાં ૫૬.૮૯ ટકા વધારે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૫ ના ડિસેમ્બરમાં ઈડી દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં આશરે રૂ.૧૫૦૦ કરોડથી વધુની જમીન એને કૌભાંડ બહાર આવ્યું હતું. ત્યારે સમગ્ર ઘટના મુદ્દે જે સીટની રચના કરવામાં આવી હતી.ત્યારે એસીબી વિભાગ દ્વારા તત્કાલીન જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલ, તત્કાલીન નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી તત્કાલીન કલાર્ક મયુરસિંહ ગોહિલ અને તત્કાલીન કલેકટર પીએ જયરાજસિંહ ઝાલા સામે ગુનો નોંધાયો હતો. આ સમગ્ર ઘટનાની તપાસ સુરેન્દ્રનગર એસીબીનાપીઆઈએમડી.પટેલ ને સોંપવામાં આવી છે.નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ચંદ્રસિંહ ભૂપતસિંહ મોરી ઉપર વધુ એક ફરિયાદ દાખલ થઈ છે ત્યારે ચંદ્રસિંહ મોરી ની મિલકતની તપાસ એસીબી વિભાગ દ્વારા કરવામાં આવી હતી ત્યારે ગેરકાયદે રીતે સત્તાનો દૂર ઉપયોગ કરી અને ચંદ્રસિંહ મોરી દ્વારા ગેરકાયદેની આવક ઊભી કરવામાં આવી હતી.આ કૌભાંડ દરમિયાન તેની મિલકતની તપાસ કરવામાં આવતા ૧.૨૨ કરોડ રૂપિયાની એટલે ૫૬.૮૯ ટકા જેટલી તેની પાસે રહેલી મિલકત છે તે અપ્રમાણસર હોવાનું સામે આવ્યું હતું .હાલ તેમને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે પોતાના પરિવારજનો અને નજીકના સગા સંબંધીઓના નામે મિલકત વસાવામાં આવેલી હોવાનો પણ સામે આવ્યું છે. તેમના દ્વારા આ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે ત્યારે તપાસ કરનાર અધિકારી પીએ કાવડિયા તેમજ મદદનીશ નિયામક એસીબીના જેડી મેવાડા અને તેમની ટીમ દ્વારા આ તપાસ કરવામાં આવી છે અને લોકોને પણ અપીલ કરવામાં આવી છે કે ચંદ્રસિંહ મોરી દ્વારા ગેરકાયદેસર લેવડદેવડના હિસાબો કરવામાં આવ્યા હોય તો તે એસીબીને પુરાવાઓ આપે જેને લઈને તેના ઉપર વધુ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



## સુરેન્દ્રનગરના તાત્કાલીન કલેકટર રાજેન્દ્રકુમાર પટેલ સહિત ચાર જમીન કૌભાંડમાં જેલની હવા ખાઈ રહ્યા

# સુત્રાપાડામાં દારૂની ભઠ્ઠીઓ પર આઈજીની ટીમ ત્રાટકી બે ઝડપાયા

## ૧ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે વિશાલ અને ભીખુને ઝડપી પાડ્યા

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

ગીર સોમનાથ જિલ્લામાં ગેરકાયદેસર દારૂના ધંધા સામે પોલીસ તંત્ર દ્વારા સતત સઘન અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. રેન્જ આઈજીના માર્ગદર્શન હેઠળ કાર્યરત સ્ટ્રાઈકિંગ ફોર્સે સુત્રાપાડા તાલુકામાં દેશી દારૂ બનાવતી ભઠ્ઠીઓ પર તાબડતોબ દરોડા પાડી બે અલગ-અલગ સ્થળોએથી કુલ રૂા.૯૮,૪૫૦ જેટલો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કાર્યવાહીમાં બે બુટલેગરોને ઝડપી પાડવામાં આવ્યા છે, જ્યારે અન્ય બે આરોપીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા છે.

સ્ટાફ પ્રાપ્ત વિગતો અનુસાર, સ્ટ્રાઈકિંગ ફોર્સનો સુત્રાપાડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો, ત્યારે બાતમીના આધારે લાટી ગામના વાછરા દાદા વાડી વિસ્તારમાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં ચાલુ હાલતમાં દેશી દારૂ બનાવતી ભઠ્ઠી ઝડપાઈ હતી. રેડ દરમિયાન સ્થળ પરથી આશરે ૧૪૦ લિટર તૈયાર દેશી દારૂ, ૧૯૦૦ લિટર આથો તથા દારૂ બનાવવાના વિવિધ સાધનો મળી કુલ રૂા.૭૮,૯૬૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



આ કેસમાં ઘટનાસ્થળેથી વિશાલ વીરાભાઈ સોલંકીને ઝડપી પાડવામાં આવ્યો હતો, જ્યારે કાનાભાઈ કરશનભાઈ સોલંકી ફરાર થઈ ગયો હતો.આ ઉપરાંત, સુત્રાપાડાના નાગથણી વાડી વિસ્તારમાં પણ સ્ટ્રાઈકિંગ ફોર્સે સચોટ કાર્યવાહી કરતાં વધુ એક ભઠ્ઠીનો પર્દાફાશ કર્યો હતો.

અહીંથી દેશી દારૂ અને આથાનો જથ્થો મળી કુલ અંદાજે ₹૧૯,૪૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ બનાવમાં અકરમ ભીખુભાઈ મલેકને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે રમેશ રાજા બારડ ફરાર હોવાનું સામે આવ્યું છે. બંને બનાવોને લઈને સુત્રાપાડા પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન અધિનિયમ હેઠળ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# બરડા ડુંગર વિસ્તારમાંથી દેશીદારૂની ભઠ્ઠી ઝડપાઈ

## પોલીસે અજમા પાટ નેસ નજીકથી ૮૦૦ લીટર આથો કબજે કર્યો

**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરના બરડા ડુંગર વિસ્તારમાંથી વધુ એક દેશીદારૂની ભઠ્ઠી ઝડપાઈ છે. પોરબંદરના બરડા ડુંગરમાં વર્ષોથી દેશીદારૂ ની ભઠ્ઠીઓ ધમધમે છે અને પોરબંદર તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાનું વન વિભાગ આ ભઠ્ઠી ઓ ને નાબુદ કરવામાં સંપૂર્ણ પણે નિષ્ફળ રહ્યું છે. રાણાવાવ પોલીસની ટીમે બાતમીના આધારે દરોડો પાડી અજમા પાટ નેસ વિસ્તાર થી ૨ કિલોમીટર દૂર પાણીની જારમાં દેશીદારૂની ભઠ્ઠી ઝડપી લઈ દેશીદારૂ બનાવવાનો ૮૦૦ લીટર જેટલો આથો તેમજ દેશીદારૂ અને ભઠ્ઠી ના સાધનો કબજે કર્યા હતા. જો કે આ દરોડા દરમિયાન પણ ભઠ્ઠી નો આરોપી ભીમા અમરા કોડીયાતર પોલીસ ને હાથ લાગ્યો ન હતો ત્યારે પોલીસે તેની સામે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.



# ગાંધીધામ બ્લેક મેઈલીંગ કરી રૂપીયાની માંગણી કરનાર બેલડી પકડાઈ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ શહેરમાં ગુન્હાહિત કાવતરૂ રચી ફરીયાદીનો અશ્લીલ વિડીઓ વાયરલ કરવાની ધમકી આપી રૂપીયાની માંગણી કરવા અંગેના ગુના કામેના આરોપીઓને ગણતરીના સમયમાં પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હનીટ્રેપ જેવી પદ્ધતિ અપનાવી અશ્લીલ વીડિયોના આધારે બ્લેકમેઈલિંગ કરતા ગુનેગારો સામે ગાંધીધામ એ-ડિવિઝન પોલીસે લાલ આંખ કરી છે. ગતરોજ નોંધાયેલી ફરિયાદ મુજબ, આરોપીઓએ એકસંપ થઈ ફરીયાદીનો અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી મોટી રકમ પડાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ગંભીર ગુનાની તપાસમાં એ ડિવિઝન પી.આઈ. એમ.જે. રાઠોડની ટીમે ટેકનિકલ સર્વેલન્સની મદદથી ભુજ અને અંજારના બે શખ્સોને ઝડપી લીધા છે. પકડાયેલ આરોપીઓમાં ઈરફાન ઈબ્રાહિમ હાલેપોત્રા (ઉ.વ. ૩૫) અને મહંમદ હનીફ હાજી સુમારશા શેખ (ઉ.વ. ૪૨) નો સમાવેશ થાય છે. પોલીસે બી.એન.એસ. અને આઈ.ટી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## અશ્લીલ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી રકમની માંગણી કરી તી

# પોરબંદરમાં ૪ વિજપોલ ધરાશાયીઃ બે કારને નુકશાન

## જે.સી.બી. પસાર થતી વેળાએ વીજ લાઈન પર અડી જતા સર્જાયો અકસ્માત



**અબતક, પુજા થાનકી, પોરબંદર**

પોરબંદરના ખાપટ વિસ્તારમાં જે.સી.બી મશીન પસાર થતી વેળાએ વીજ લાઈન પર અડી જતા ૪ જેટલા વિજપોલ ધરાશાયી બન્યા હતા જેથી અહીં પાર્ક કરેલ બે કારને નુકશાન પહોંચ્યું હતું. પોરબંદરના ખાપટ વિસ્તારમાં હાલ ભૂગર્ભ ગટર તેમજ રસ્તાની કામગીરી ચાલી રહી છે ત્યારે આ કામગીરી કરતા એક જે.સી.બી મશીન વીજ લાઈન નીચેથી પસાર થતું હતું તે દરમ્યાન વિજલાઈન પર અડી જતા ૪ જેટલા વિજપોલ ધરાશાયી બન્યા હતા. આ ઘટનામાં વિજપોલ આસપાસ પાર્ક કરેલ ૨ કાર પર વિજપોલ ધરાશાયી થતા બંને કારને ભારે નુકશાન પહોંચ્યું હતું.

# ઉના : યુવતી સામે જોવા બાબતે યુવક પર હુમલો

## અજાણ્યા શખ્સ સહિત ત્રણ સામે નોંધાતો ગુનો

**અબતક નવીનભાઈ જોશી, ઉના**

ઊના શહેરમા સમાજ ની વાડી માં નોકરી કરતા યુવાન ઉપર ત્રણ યુવાનો એ છોકરી સામે કેમ જુવે છે તેમ કહી લાકડા વતી અને ઢીકાપાટું નો માર મારી ઈજા કરી ની પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ઊના રવિભાઈ મેણસીભાઈ બામણીયાએ ફરિયાદ નોંધાવી છે કે. ઊના શહેર મા આવેલ સોમનાથ બાગ માં નોકરી કરે છે ગત તા ૪/૪/૨૬ ના રાત્રી ના સોમનાથ બાગ ના એક રૂમ માં સૂતો હતો અને વોશ રૂમ જવા નીકળેલ ત્યારે અમુક છોકરીઓ બેસેલ હોય તે. ભુત ભુત અંદરો અંદર બોલતી હોય તે સાંભળતા તે સમયે જીગ્નેશ દુર્ગેશ મનવાણી, કલ્પેશ કિશન મનવાણી રે. ઊના અને ત્રીજો અજાણ્યો શખ્સ આવી ને રવિભાઈ ને આવી કહેલ કે કેમ ડોળા કાઢી જોવે છે. ભૂંડી ગાળો આપી ઢીકાપાટું નો માર મારી રૂમ ની બારી સાથે માથું ભટકાવી ઈજા કરી લાકડા વતી શરીર ઉપર આડેધડ માર મારી ઈજા કરી નાસી ગયા હતા. પોલીસે ત્રણ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ધ્રાંગધ્રા પંથકમાં બે સ્થળે દેશી દારૂના દરોડાઃ બુટલેગર ઝબ્બે

## રાજપર ગામે ૪૦૦ લીટર અને મુળી ગામે ૧૫૦૦ લીટર આથો પકડાયો : એકની શોધખોળ

**અબતક, સલીમ ઘાચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા પંથકમાં બે સ્થળે દેશી દારૂના દરોડા પાડવામાં આવ્યા છે. જેમાં મુળી ગામે ૧૫૦૦ લીટર આથા સાથે તાલુકા પોલીસ બુટલેગરની ધરપકડ કરી છે. જ્યારે રાજપર ગામે ૪૦૦ લિટર આથો એલસીબીએ કબજે કરી નાશી છૂટેલા શખ્સની શોધખોળ હાથ ધરી છે. ધ્રાંગધ્રા તાલુકાના રાજપર ગામની સીમમાં દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી આશરે ૪૦૦ લિટર દેશી દારૂ બનાવવાનો આથો મળી આવ્યો હતો, જેને કબજે કરી અંદાજે ₹૧૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઘટના સ્થળેથી પરબતભાઈ ભૂપતભાઈ સોનેચા નામનો શખ્સ ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસ દ્વારા ગેરકાયદેસર દેશી દારૂના ધંધા સામે કડક કાર્યવાહી હાથ ધરતાં ચુલી ગામની સીમ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં દારૂ બનાવવાનો આથો ઝડપી પાડવામાં આવ્યો છે આ કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ ૧૧૫૦ લિટર આથો કબજે કરી અંદાજે ₹૨૮,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.



દરોડા દરમિયાન પોલીસે સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરુભા ભીખુભા ઝાલાને ઝડપીને કાયદાના હાથમાં સોંપ્યો હતો. સ્થળ પરથી મળી આવેલા મોટા પ્રમાણના આથાને નષ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# પ્રભાસપાટણ પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ

**અબતક, જયેશ પરમાર, પ્રભાસપાટણ**

પ્રભાસ પાટણ પોલીસ ઈન્સ્પેક્ટર. એમ કે વરાણકા ની સુચનાથી પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન સ્ટાફ અને ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચેકિંગ ઝુંબેશ હાથ ધરાઈ આગામી ચૂંટણી ઓ ને લઈ પ્રભાસ પાટણ પોલીસ એકસન મૂડમાં સોમનાથ બાયપાસ પર વાહ નો રોકી ચેકિંગ હાથ ધરાયું જેમાં એક પી એસ આઈ પોલીસ કોસ્ટેબલ ટ્રાફિક પોલીસ ટી આર બી સહિત પોલીસ જવાનો આ ટ્રાફિક ડ્રાઈવમાં જોડાયા હતા બ્લેક કાચ વાળી ગાડી ઓ પ્રાઈવેટ બસ ફોર વ્હીલો સહિત વિવિધ વાહનો પર ચેકિંગ ડ્રાય હાથ ધરાઈ હતી.



# ધ્રાંગધ્રાઃ નશામાં કાર ચલાવતો કચ્છી ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ દ્વારા માર્ગ સુરક્ષા માટે હાથ ધરાયેલી ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન કલ્પના ચોકડી નજીકથી નશાની હાલતમાં કાર ચલાવતા શખ્સને ઝડપી પાડવામાં આવ્યો છે. ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ અને ટ્રાફિક ચેકિંગમાં વ્યસ્ત હતો. આ દરમિયાન અમદાવાદ તરફથી આવી રહેલી સ્કોર્પિયો કાર (નંબર GJ 39 CA 9696)ને શંકાસ્પદ હાલતમાં અટકાવવામાં આવી હતી કારના ચાલક જયદીપસિંહ અચુભા સોઢા (રહેઃ કચ્છ)ની તપાસ કરતા તેઓ નશાની અસર હેઠળ હોવાનું પોલીસને જણાયું હતું. ત્યારબાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી પોલીસે આરોપી સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.



# ગાંધીધામ : એટીએમમાં ચોરીનો પ્રયાસ કરનાર શખ્સ પકડાયો

**અબતક, ભારતી માખીજાણીયા, ગાંધીધામ**

ગાંધીધામ-ભચાઉ નેશનલ હાઈવે પર રાધે કોમ્પ્લેક્સમાં આવેલા ઈંડસ્ઈંડ બેંકના અઝખ મશીનને તોડી ચોરીનો પ્રયાસ કરનાર આરોપીને એ ડિવિઝન પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી લીધો છે. પોલીસ ઈન્સ્પેક્ટર એમ.જે. રાઠોડના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમે ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી રાજસ્થાનના બાડમેરના



આરોપી પદમસિંહ સુખસિંહ સોઢાને સામખિયાળી ખાતેથી ઝડપી લીધો છે. આરોપીએ ચોરીના ઈરાદે મશીનને નુકસાન પહોંચાડી આશરે ૧,૦૦,૦૦૦ નું નુકસાન કર્યુ હતું. આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ સફળ કામગીરી ગાંધીધામ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એમ.જે. રાઠોડ તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

# ધ્રાંગધ્રાઃ દારૂ-બીયર સાથે ખુમાણ ઝડપાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં નરશીપરા વિસ્તારમાં વિદેશી દારૂનું ગેરકાયદે વેચાણ થતું હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ખુમાણભાઈ ભુપતભાઈ ચૌહાણ નામના શખ્સને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે તેની પાસેથી ૭ બોટલ વિદેશી દારૂ અને ૫ ટીન બિયર સહિત કુલ રૂ.૨૨૬૨નો જથ્થો જપ્ત કર્યો હતો.



# વેરાવળમાં આધેડનો આપઘાત

## ઝેરી દવા પી લેતા પ્રૌઢે સારવારમાં દમ તોડ્યો, કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરની જીવ જ્યોત સોસાયટીમાં ૫૭ વર્ષીય પ્રૌઢે અગમ્ય કારણોસર ખડમાં છાંટવાની ઝેરી દવા પી લેતા ચકચાર મચી જવા પામી છે. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, વેરાવળના જીવ જ્યોત સોસાયટી વિસ્તારમાં રહેતા કેતનકુમાર પરષોતમભાઈ ધનેશા (ઉં.વ. ૫૭) એ ગત ૭ એપ્રિલના રોજ સવારે આશરે ૭:૦૦ વાગ્યે પોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્ય કારણોસર ખડમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. આ ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ગઈકાલે સારવાર દરમિયાન કેતનભાઈનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ તંત્ર દ્વારા આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક કેતનભાઈ નિવૃત્ત જીવન જીવતા હતા અને તેઓ અપરિણીત હતા. તેમણે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. આ બનાવ અંગે હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ જાડેજાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. એકાએક બનેલી આ ઘટનાથી ધનેશા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

# ગેસના ભળકે બળતા ભાવ સામે મોરબીના સિરામિક ઉદ્યોગકારોમાં રોષ: ઉગ્ર વિરોધ પ્રદર્શન

## આંતરરાષ્ટ્રીય બજારમાં ભાવ ઘટ્યા છતાં રૂ.૭૯.૮૫નો દર જાહેર થતા ઉદ્યોગકારો વિફર્યા, નવો ભાવ જાહેર કરવાની માંગ સાથે આવેદન





**અબતક, રૂષિ મહેતા**

મોરબીના સિરામિક ઉદ્યોગકારોએ ગેસના વધારેલા ભાવ સામે તીવ્ર વિરોધ નોંધાવ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલિયમ પેદાશોના ભાવમાં ઘટાડા છતાં ગુજરાત ગેસ દ્વારા રૂ.૭૯.૮૫નો દર જાહેર કરવામાં આવતા ઉદ્યોગકારોમાં રોષ ફાટી નીકળ્યો હતો. ઉદ્યોગકારોએ ગુજરાત ગેસની કચેરીએ જઈને નારા લગાવ્યા, આવેદન આપ્યું અને હાલની પરિસ્થિતિ મુજબ નવા ભાવ જાહેર કરવાની માંગ કરી હતી. સાથે જ અનોખી રીતે 'રામ ધૂન' બોલાવી વિરોધ નોંધાવ્યો હતો.

મોરબી સિરામિક મેન્યુફેક્ચર એસોસિએશનના નેતૃત્વ હેઠળ ઉદ્યોગકારોએ ગેસના વધારેલા ભાવ મુદ્દે ગુજરાત ગેસ લિમિટેડની કચેરીએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ઉદ્યોગકારોનું કહેવું છે કે હાલ સિરામિક ઉદ્યોગ મંદીની અસરથી બંધ હાલતમાં છે અને તેને ફરીથી જીવંત બનાવવા માટે એસોસિએશન દ્વારા ગુજરાત ગેસ સાથે સતત બેઠક અને ચર્ચાઓ કરવામાં આવી રહી છે. તારીખ ૬ એપ્રિલના રોજ ગાંધીનગરથી આવેલા ઉચ્ચ અધિકારીઓ સાથે દિવસભર ચર્ચાઓ બાદ નક્કી કરાયું હતું કે મે મહિનાના ગેસ વપરાશ માટે બજાર ભાવના આધારે ડિમાન્ડ મંગાવવામાં આવશે અને ત્યારબાદ ગુજરાત ગેસ દ્વારા તે આધારે ખરીદી કરી સપ્લાય આપવામાં આવશે. આ આયોજનમાં એસોસિએશન દ્વારા સંપૂર્ણ સહકાર પણ આપવામાં આવ્યો હતો.

વિરોધ પ્રદર્શન દરમિયાન ઉદ્યોગકારોએ કચેરી પર નારા લગાવ્યા હતા તેમજ ગુજરાત ગેસને સદબુદ્ધિ મળે તે માટે કચેરીના પટાંગણમાં 'રામ ધૂન' બોલાવી અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો.

### સીઝફાયર બાદ હવે ગેસ સસ્તો કરો: ઉદ્યોગપતિ મુકેશભાઈ કુંડારીયા



ઉદ્યોગપતિ મુકેશભાઈ કુંડારીયાએ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એલએનજીના ભાવ વધતા ગુજરાત ગેસના દર રૂ.૪૨થી વધીને રૂ.૯૨ સુધી પહોંચી ગયા છે, જેના કારણે રૂ.૬૦ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતી ઇન્ડસ્ટ્રી મુશ્કેલીમાં મુકાઈ છે. ઉદ્યોગ જગતની માંગ છે કે સીઝફાયર બાદ હવે ભાવમાં ઘટાડો કરી રૂ.૬૦થી રૂ. ૬૫ની આસપાસ રાખવામાં આવે અને સરકાર વેટમાં ઘટાડો કરી ૬% જેવી રાહત આપે.

### વધુ ભાવની ડિમાન્ડ મોકલાતા રોષ

ગુજરાત ગેસ દ્વારા રૂ.૭૯.૮૫ના ઊંચા ભાવ સાથે ૭ એપ્રિલ ડિમાન્ડ લિંક મોકલાતા ઉદ્યોગકારોમાં અસંતોષ ફાટી નીકળ્યો હતો. ઉદ્યોગકારોનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધ જેવી પરિસ્થિતિમાં ફેરફાર થતાં સીઝફાયર જાહેર થતા પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આવી સ્થિતિમાં જૂના ઊંચા દર પર ડિમાન્ડ મંગાવવી યોગ્ય નથી. આ મુદ્દે એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડીયા, નરેન્દ્રભાઈ સંઘાત, સંદીપ કુંડારિયા અને અજય મારવણીયાએ ગુજરાત ગેસ મેનેજીંગ ડિરેક્ટરને આવેદન આપી હાલના તાજા બજારભાવ મુજબ નવી ડિમાન્ડ મંગાવી અને ગેસના ભાવમાં ઘટાડો કરવાની માંગણી કરી છે.

### ૬૦ હજાર કરોડનો ઉદ્યોગ અને હજારોની રોજગારી જોખમમાં : પ્રમુખ મનોજભાઈ એરવાડિયા



સિરામિક એસોસિએશન વિટ્રીફાઈડ ડિવિઝનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયાએ જણાવ્યું હતું કે, ઈન્ટરનેશનલ માર્કેટમાં ભાવ વધતા ગુજરાત ગેસના ભાવ પણ અસહ્ય બન્યા છે, જેના કારણે ઉદ્યોગ ચલાવવો અશક્ય છે. હવે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્થિતિ સુધરી રહી છે, ત્યારે ગુજરાત ગેસ ભાવ ઘટાડીને રૂ.૬૦થી રૂ. ૬૫ કરે અને સરકાર વીએટીમાં ૬%ની રાહત આપે તેવી માંગ કરવામાં આવી છે, જેથી આ ૬૦ હજાર કરોડના ઉદ્યોગ અને હજારો લોકોની રોજગારીને બચાવી શકાય.

# માળીયા(મી)ના મોટા ભેલા ગામે કપાતર પુત્રના હાથે વૃધ્ધની કરપીણ હત્યા

## કામધંધા મુદ્દે ઠપકો આપતા પિતાને પુત્રએ કુહાડી ઝીંકી જીવ લઈ લીધો

**અબતક, ઋષી મહેતા**

માળીયા(મી) તાલુકાના મોટા ભેલા ગામે હૃદયદ્રાવક બનાવ સામે આવ્યો છે, જેમાં કામધંધા અંગે ઠપકો આપતા ૮૫ વર્ષીય પિતાની પુત્રે કુહાડીના ઘા મારી હત્યા કરી દીધી હતી. હાલ માળીયા(મી) પોલીસે આરોપી પુત્ર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માળીયા (મી) તાલુકાના મોટા ભેલા ગામે પુત્ર દ્વારા પિતાની હત્યાના બનાવ અંગે મળતી માહિતી મુજબ, મોટા ભેલા ગામે રહેતા ૮૫ વર્ષીય જીવણભાઈ સોમાણી ગઈ તા.૦૭/૦૪ના રોજ પોતાના ઘરે પરિવાર સાથે બેઠા હતા ત્યારે તેમણે પોતાના પુત્ર પ્રવિણ ઉર્ફે પવાને રખડવાને બદલે કંઈક કામધંધો કરવા માટે ઠપકો આપ્યો હતો. આ મુદ્દે પિતા-પુત્ર વચ્ચે બોલાચાલી વધતા જેનો ખાર રાખી આરોપી પ્રવીણ ઉર્ફે પવો જીવણભાઈ સોમાણીએ એકદમ ઉશ્કેરાઈ કુહાડી વડે પોતાના પિતાના બન્ને પગના કાંડા પાસે ગંભીર ઘા ઝીંક્યા હતા. આ હુમલામાં વૃદ્ધ જીવણભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

બનાવ બાદ પરિવારજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે જીવણભાઈને મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ રાજકોટ લઈ જતાં રસ્તામાં જ શનાળા નજીક તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર ભરતભાઈ જીવણભાઈ સોમાણીની ફરિયાદના આધારે પોલીસ દ્વારા આરોપી પ્રવિણ ઉર્ફે પવો જીવણભાઈ સોમાણી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩(૧) તેમજ જી.પી. એક્ટની કલમ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હળવદના જુના અમરાપરમાં શેરીમાં રમતા બાળકો બાબતે સાસુ-પુત્રવધુને માર માર્યો

## પાડોશીએ પાઈપથી માર મારતા બંને મહિલા ઘવાય

**અબતક, ઋષી મહેતા**

હળવદ તાલુકાના જુના અમરાપર ગામે શેરીમાં રમતા બાળકો બાબતે પાડોશી શખ્સ દ્વારા મહિલા અને તેમના સાસુ ઉપર લોખંડના પાઈપથી હુમલો કરવામાં આવ્યો હતો.

હળવદ તાલુકાના જુના અમરાપર ગામે રહેતા વનીતાબેન ભરતભાઈ જાંબુકીયા ઉવ.૩૦ એ આરોપી શંકર પ્રેમજીભાઈ જાંબુકીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૦૭/૦૪ના રોજ વણીતાબેનના બંને દિકરાઓ શેરીમાં રમતા હતા ત્યારે આરોપી પાડોશી શંકરભાઈ પ્રેમજીભાઈ જાંબુકીયાએ તેમને રમવા બાબતે ઠપકો આપ્યો હતો અને લોખંડના પાઈપ સાથે તેની પાછળ દોડ્યા હતા. આ દરમિયાન દેકારો સાંભળી વનીતાબેન બહાર આવતા આરોપી સાથે બોલાચાલી થઈ હતી. જેના પગલે આરોપી ઉશ્કેરાઈ જઈ વનીતાબેનને લોખંડના પાઈપ વડે માર માર્યો હતો, ત્યારે તેમને બચાવવા આવેલા તેમના સાસુ લાભુબેનને પણ કોણીના ભાગે પાઈપ વડે માર મારવામાં આવ્યો હતો.

બનાવ બાદ આસપાસના લોકો ભેગા થતા આરોપી ગાળો આપી ત્યાંથી નાસી ગયો હતો.

આ બનાવ અંગે ભોગ બનનાર વનીતાબેનની ફરિયાદના આધારે હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી. એક્ટ કલમ હેઠળ ગુનો નોંધી આરોપીની અટક કરવા તજવીજ શરૂ કરી છે.

# ડો. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં રવિવારે યોજાશે ફ્રી સર્વરોગ નિદાન મેડિકલ કેમ્પ

## સર્વરોગ નિદાન કેમ્પમાં નિષ્ણાંત તબીબોની સેવાનો લાભ લેવા અનુરોધ

**અબતક, ઋષી મહેતા**

મોરબીના વાવડી વિસ્તારમાં ડો. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં ૧૮મો સર્વરોગ નિદાન ફ્રી મેડિકલ કેમ્પ યોજાશે, જેમાં વિવિધ ક્ષેત્રના નિષ્ણાત ડોકટરો દ્વારા દર્દીઓની નિઃશુલ્ક તપાસ, સારવાર અને દવાઓ આપવામાં આવશે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે હેતુથી આ સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સાથે જ દર્દીઓને આવવા-જવા માટે બસની સુવિધા પણ રાખવામાં આવી છે, જેથી વધુમાં વધુ લોકો આ કેમ્પનો લાભ લઈ શકે.

મોરબી ડો.પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા ડો. પ્રશાંત મેરજાના સેવાભાવી જીવનમૂલ્યોને યાદ રાખતા અને ગરીબ દર્દીઓને મદદરૂપ થવાના ઉદ્દેશ્યથી ૧૮મો સર્વરોગ નિદાન ફ્રી સારવાર અને દવા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પના આયોજક ડો.ભાવિન ગામી અને સન્ની મેરજા તથા ડો.પ્રશાંત મેરજા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ કેમ્પ તા.૧૨/૦૪/૨૦૨૬ને રવિવારે સવારે ૮.૩૦ થી ૧૨ દરમિયાન વેદાંત ગ્લોબલ સ્કૂલ, વાવડી ખાતે યોજાશે.

કેમ્પનો પ્રારંભ સવારે ૯ કલાકે કબીર આશ્રમના મહંત શિવરામદાસબાપુના હસ્તે દીપ પ્રાગટ્યથી થશે. કેમ્પમાં જનરલ ફિઝિશિયન, બાળરોગ, ઓર્થોપેડિક, ડાયાબિટીસ-હૃદયરોગ, માનસિક આરોગ્ય, દાંત, ચામડી, આંખ અને કાન-નાક-ગળાના નિષ્ણાત ડોકટરો દ્વારા નિઃશુલ્ક દર્દીઓની તપાસ અને માર્ગદર્શન આપવામાં આવશે. દર્દીઓની સુવિધા માટે કબીર આશ્રમ અને ભૂમિ ટાવર પાસેથી વેદાંત સ્કૂલ સુધી બસ વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. ગરીબ અને જરૂરિયાતમંદ દર્દીઓને આ મફત મેડિકલ કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### માળીયા(મી)ના નવાગામ પાસે શ્રમિકે ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષી મહેતા**

માળીયા (મી) તાલુકાના નવાગામ નજીક વાડીએ કામ કરતા ૪૫ વર્ષીય ખેત શ્રમિકે અજાણ્યા કારણોસર ઝેરી દવા પી લેતા મોત નિપજ્યું છે.

માળીયા (મી) તાલુકાના નવાગામ અને મેઘપર વચ્ચે આવેલી વાડીએ કામ કરતા ગોરધનભાઈ વિસીયાભાઈ રાઠવા ઉવ.૪૫ મૂળ રહે. નવાપુરા ફળીયા ગામ.કુંભાણી તા.જેતપુર પાવી જી.છોટાઉદેપુરના વતનીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે મૃત જાહેર કર્યા હતા. આ મામલે માળીયા(મી) પોલીસે મરણ નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારાના મિતાણા ગામે પુત્રને માર મારનારને સમજાવવા ગયેલા પિતા પર હુમલો

## પાઈપ-હોકીથી બન્ને હાથ-પગમાં ગંભીર ઈજાઆ પહોંચાડનાર ચાર સામે ફરિયાદ

**અબતક, ઋષી મહેતા**

ટંકારાના મિતાણા ગામે ડેમ નજીક મચ્છી લેવા મોકલવામાં આવશે પુત્રને થપ્પડ મારવા મામલે સમજાવવા ગયેલા પિતાને આરોપીઓએ પાઈપ અને હોકી વડે માર મારતા ગંભીર ઈજાઓ પહોંચી છે.

ટંકારા તાલુકાના મિતાણા ગામે ચામુંડા હોટલ સામે ઝૂંપડામાં રહેતા જયંતીભાઈ ભદાભાઈ સોલંકી ઉવ.૪૫એ ટંકારા પોલીસ મથકમાં આરોપી હરેશભાઈ ગોરસીયા તથા વિપુલ હરેશભાઈ ગોરસીયા તથા આરોપી હરેશભાઈના અન્ય બે પુત્રો એમ કુલ ચાર આરોપીઓ વિરુદ્ધ ટંકારા પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદ મુજબ, ફરિયાદીએ તેના પુત્રને ડેમ નજીક મચ્છી લેવા મોકલ્યો હતો, ત્યારે ત્યા આરોપીઓએ થપ્પડ મારી ફરિયાદીના પુત્રને કાઢી મુક્યો હતો. આ બાબતે ફરિયાદી પિતા જયંતીભાઈ પૂછપરછ કરવા જતા આરોપી હરેશભાઈ અને તેમના ત્રણેય પુત્રોએ ભેગા મળી એકસંપ થઈ જયંતિભાઈને ગાળો આપી, પાઈપ અને હોકી વડે હુમલો કર્યો હતો.

પોલીસે ચારેય આરોપીઓ સામે બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરમાં શ્વાસની તકલીફથી પીડાતી યુવતી માટે ૧૦૮ની ટીમ બની દેવદૂત

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર: તિથવા લાલસાનગર ખાતે રહેતી ૨૦ વર્ષની કુંજલબેન મણીભાઈને અચાનક જ ભારે તાવ, ઉલ્ટી અને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થતાં પરિવારજનોએ તરત જ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પર સવારે ૧૦:૦૭ વાગ્યે કોલ કર્યો હતો.

કોલ મળતા જ ૧૦૮ ટીમના ઈએમટી હિતેશ ઝાપડા અને પાયલોટ રાજદીપસિંહ જાડેજા તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. પરિસ્થિતિની ગંભીરતા સમજતા તેઓએ ડો.રિચીના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક સારવાર શરૂ કરી હતી.

સમયસર અને યોગ્ય સારવારના કારણે પેશન્ટની સ્થિતિ નિયંત્રિત કરવામાં સફળતા મળી અને ત્યારબાદ તેમને વધુ સારવાર માટે વાંકાનેર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે ૧૦૮ જેવી ઈમર્જન્સી સેવા મુશ્કેલ સમયમાં લોકો માટે જીવનદાયી બની રહી છે.

# ૧૫ દિવસ બાદ પ્રભુતામાં પગલાં માંડે તે પૂર્વે જ અકસ્માતમાં યુવતીનું મોત

## જામનગરથી લગ્નની ખરીદી કરી પરત ફરતી વેળાએ ટંકારા નજીક બંધ ટ્રક પાછળ રિક્ષા ઘૂસી ગઇ, ૭ ઈજાગ્રસ્ત

**અબતક રાજકોટ**

મોરબીના વીસીપરા વિસ્તારમાં રહેતા એક પરિવાર માટે લગ્નની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે. જામનગરથી લગ્નની ખરીદી કરીને રિક્ષામાં પરત ફરી રહેલા પરિવારને ટંકારાના હીરાપર ગામ પાસે અકસ્માત નડ્યો હતો. ઊભેલા ટ્રક પાછળ રિક્ષા ઘૂસી જતાં સર્જાયેલા આ અકસ્માતમાં ૧૮ વર્ષીય યુવતીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે પરિવારના અન્ય સાત સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.



પ્રાપ્ત વિગતો મુજબ, મોરબીના વીસીપરામાં રહેતા રેશ્માબેન ગફુરભાઈ જામ (ઉં.વ. ૧૮) ના લગ્ન આગામી ૨૧ તારીખે થવાના હતા. લગ્નની તૈયારીઓ માટે રેશ્માબેન તેમના પિતા ગફુરભાઈ, માતા હસીનાબેન, ભાભી સલમાબેન અને અન્ય સંબંધીઓ મળી કુલ ૮ સભ્યો રિક્ષામાં જામનગર કપડાંની ખરીદી કરવા ગયા હતા. ગઈકાલે રાત્રે આશરે ૧૦:૦૦ વાગ્યાની આસપાસ ખરીદી કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે હીરાપર ગામ પાસે રિક્ષા અચાનક ઊભેલા સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા તમામ ૭ લોકોને ઈજાઓ થઈ હતી. તમામને સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં રેશ્માબેનને પેટના અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક ટંકારા અને ત્યારબાદ વધુ સારવાર માટે મોરબી ખસેડાયા હતા. સ્થિતિ વધુ વણસતા તેમને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજરોજ ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક રેશ્માબેન ત્રણ ભાઈઓ અને ત્રણ બહેનોમાં સૌથી નાના હતા. તેમના પિતા રિક્ષા ચલાવીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

દીકરીના લગ્નને હવે ગણતરીના દિવસો જ બાકી હતા ત્યારે જ કુદરતે આ ખેલ ખેલતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હાલ પોલીસે આ મામલે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદ: બોલેરોમાં ચાર અબોલ પશુને ગૌરક્ષકોએ છોડાવ્યા, બે આરોપીની અટક

## પોલીસે બોલેરો તથા અબોલ જીવો સહિત ૨.૧૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઋષી મહેતા**

હળવદમાં ગૌરક્ષકોની સતર્કતાએ બોલેરો પીકઅપમાં ક્રૂરતાપૂર્વક બાંધેલા ચાર અબોલ પશુઓને છોડાવવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ હળવદના ભવાનીનગર ઢોરા પાસે રહેતા ગૌરક્ષક મનોજભાઈ ઉર્ફે મુનો ગાંડુભાઈ ઝીંઝુવાડીયા ઉવ.૩૫ ગઈકાલ તા.૦૮/૦૪ના રોજ હરીદર્શન ચોકડી ખાતે ઉભા હોય તે દરમિયાન કચ્છ તરફથી અમદાવાદ તરફ જઈ રહેલ બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૩૬-એકસ-૯૩૨૬માં શંકાસ્પદ હાલતમાં અબોલ પશુ ભરીને જતી જોવામાં આવતા, ગાડી રોકાવી તપાસ કરતા અંદર ક્રુરતા પૂર્વક પશુઓ ભરેલા હોવાનું જાણવા મળ્યું હતું. તપાસ દરમિયાન બોલેરોના ઠાઠામાં ચાર ભેંસવંશના પશુઓને ટૂંકા દોરડાથી બાંધીને અત્યંત દયનીય હાલતમાં તેમજ ગાડીમાં ન તો પાણીની વ્યવસ્થા હતી અને ઘાસચારો પણ રાખવામાં આવ્યો ન હતો,

જ્યાં હળવદ પોલીસે કાર્યવાહી હાથ ધરી ગાડીના ચાલક ઓસમાણ સફીમામદભાઈ જત ઉવ.૧૯ અને તેની સાથેના સલમ ખુદાનાભાઈ જતની

અટક કરી પૂછપરછ હાથ ધરી હતી. હળવદ પોલીસે બોલેરો તથા ચાર અબોલ પશુ સહિત કુલ રૂ.૨.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

# વીસીપરામાં બંધ પાનની દુકાને બે મિત્રો ઉપર હુમલો

## મોટરસાયકલ પર આવેલા બે શખ્સોનો આતંક, નજીવી બાબતે થયેલી મારામારીથી ચકચાર

**અબતક, ઋષી મહેતા**

મોરબીના વીસીપરા વિસ્તારમાં વહેલી સવારે બે મિત્રો ઉપર છરી વડે હુમલો થવાની ઘટનાથી વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. વહેલી સવારે બંધ પડેલ પાનની દુકાને મજૂરી કામ અંગે વાત કરવા બેઠેલા યુવાનોને કારણ વિના ગાળો આપી હુમલો કરવામાં આવ્યો હતો.

મોરબી શહેરના વીસીપરા વિસ્તારમાં ડીલક્ષ પાનની બંધ પડેલ દુકાન પાસે વહેલી સવારે વીસીપરામાં પંચની માતા વાળી શેરીમાં રહેતા પિન્ટુભાઈ ભરતભાઈ ઘટોલીયા ઉવ.૨૮ એ આરોપી વસીમ યુનુષભાઈ સેડાત અને જાવેદ ઈકબાલભાઈ મોવર બંને રહે.વીસીપરા વાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી કે, તે અને તેમનો મિત્ર સુરેશ જંજવાડીયા મજૂરી કામ માટે વહેલી સવારે ઘરેથી નીકળીને બંધ પડેલ પાનની દુકાને બેઠા હતા. તે દરમિયાન એક મોટરસાયકલ પર ઉપરોક્ત બંને આરોપીઓ આવી બંને પિન્ટુભાઈ અને તેના મિત્રને વહેલી સવારે ત્યાં બેસવાનું કારણ પૂછ્યું હતું. ત્યારે યુવકો દ્વારા મજૂરી કામ અંગે વાત કરવા બેઠા હોવાનું જણાવતાં આરોપીઓએ ગાળો આપી ઝપાઝપી કરવા લાગ્યા અને બંને આરોપીઓ ઉશ્કેરાઈ ગયા અને પિન્ટુભાઈ તથા તેમના મિત્રને ઢીકાપાટુનો માર માર્યો હતો. આ દરમિયાન આરોપી જાવેદે પોતાના પાસે રાખેલી છરી કાઢી પિન્ટુભાઈના વાસાના ભાગે, જ્યારે બચાવવા વચ્ચે પડેલા સુરેશને ખભાના ભાગે છરીનો ઘા મારી દીધો હતો. હુમલા બાદ બંને ઘાયલ યુવકોને મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યાંથી પિન્ટુભાઈને ગંભીર ઈજાને કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. હાલ બી ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## એસઓજીની નસીલા પદાર્થની હેરાફેરી કરતા તત્વો પર સર્જીકલ સ્ટ્રાઈક

# રાજકોટ: વામ્બે આવાસમાં રૂ.૯.૫૩ લાખના ગાંજા સાથે તરૂણી ઝડપાઈ

### રૂ.૫ હજારની લાલચે ૧૯.૦૬૧ કિલો ગાંજો સાચવવા આપનાર જંગલેશ્વરના કુખ્યાત દંપતી સંકજામા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર એસસોજી નસીલા પદાર્થની હેરાફેરી કરતા તત્વોને ભરી પીવા મેદાનમાં ઉતરી છે ત્યારે નાશાના સોદાગરો પોલીસથી બચવા માટે બાળકો અને સગીરોને આ ઢાલની માફક ઉપયોગ કરી રહ્યા છે. શહેર એસઓજીની ટીમે વામ્બે આવાસમાં ૯.૫૩ લાખના ગાંજાના જથ્થા સાથે એકલી રહેતી તરૂણીને ઝડપી લીધી હતી. જેની પુછતાછ કરતા પેડલર દંપતીએ તેને આ ગાંજો સાચવવા આપ્યાનુ સામે આવ્યું હતું. જેથી પોલીસે તપાસ હાથ ધરી આ દંપતીને સકંજામાં લઇ લીધું હતું.શહેર યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા શે નો ટુ ડ્રગ્સ મિશન અંતર્ગત નાર્કોટીક્સ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખસો વિરુધ્ધ કડક કાર્યવાહી કરવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા અને એસીપી (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા અપાયેલી સુચનાથી એસઓજી પીઆઈ



એસ.એમ.જાડેજા, પીએસઆઈ વી.કે.ઝાલા અને ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે હેડ કોન્સ્ટેબલ જયદીપસિંહ ચૌહાણ અને ઉપેન્દ્રસિંહ ઝાલાને કેવલમ મેઈન રોડ પર આવેલ વામ્બે આવાસના ક્વાર્ટરમાં ગાંજાનો મોટો જથ્થો હોવાની ચોક્કસ બાતમી મળી હતી.જે બાતમીના આધારે વામ્બે આવાસના ક્વાર્ટરમાં દરોડો પાડી ૧૭ વર્ષની સગીરાના ક્વાર્ટરમાંથી રૂ.૯.૫૩ લાખનો ૧૯.૦૬૧ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડી સગીરાની અટકાયત કરી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધી સગીરાને ચાઈલ્ડ વેલ્ફેર ઓફીસરને સોપી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. ગાંજાના જથ્થા સાથે પકડાયેલ સગીરાને જંગ્લેશ્વરના ન્યુ સાગર નગરમાં રહેતાં સોયબ અશરફ ઉર્ફે કચુ તૈલી અને તેની પત્ની જેબાબેન સોયબ તૈલીએ ગાંજો એક દિવસ પહેલાં સાચવવા આપ્યો હતો. જેના બદલામાં સગીરાને રૂ.૫ હજાર પણ મળ્યા હતાં. હાલ પોલીસે ગાંજાનો જથ્થો લઈ આવનાર કુખ્યાત પેડલર દંપતીને પણ સકંજામાં લઈ ગાંજો ક્યાં સપ્લાય કરવાનો હતો, તે અંગે તપાસ હાથ ધરી છે. કુખ્યાત પેડલર દંપતીએ અગાઉ જંગલેશ્વરની કુખ્યાત પેડલર રમાના પતિ જાવિદ પાસેથી પકડાયેલ ૫૩ કિલો ગાંજો પણ તેઓએ જ સપ્લાય કર્યો હતો. તે ગુનામાં તેમનું નામ પણ ખુલ્યું હતું.

### અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો 'તો

વામ્બે આવાસમાંથી ગાંજાના જથ્થા સાથે ઝડપાયેલ સગીરા મૂળ જંગલેશ્વર વિસ્તારની છે, પેડલરનેબહેન અને સોયબને જીજાજી કહેતી હતી. પેડલર દંપતીએ કોઈને શંકા ન જાય તે માટે સગીરાનો ઉપયોગ કરી સાથે રાખી સફેદ કલરની કારમાં અમદાવાદથી ગાંજો લઈ આવી ક્વાર્ટરમાં રાખ્યો હતો.

# ધ્રાંગધ્રાના સોલડી ગામે યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

### પોલીસે મૃતકનો મોબાઈલ કબ્જે કરી એફએસએલ મોકલ્યો

**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામ પાસે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સોલડીથી બેસાબગઢ જવાના રસ્તે આવેલી વાડીમાં યુવતીએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતકનો મોબાઈલ ફોન કબ્જે કરી આગળની તપાસ તેજ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સોલડી-બેસાબગઢ રોડ પર આવેલી વાડી વિસ્તારમાં રહેતી કિરણબેન માવજીભાઈ સંજાણી નામની યુવતીએ ગત રાત્રિના સમયે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. ઘરે કોઈ હાજર ન હોવાનો લાભ લઈ, કિરણબેને વાડીમાં આવેલી ઓરડીમાં ગળેફાંસો ખાઈ પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોમાં ભારે આક્રંદ છવાઈ ગયો હતો અને સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બનાવની જાણ થતા જ ધ્રાંગધ્રા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પંચનામું કર્યા બાદ પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતુ કે, પોલીસે ઘટનાસ્થળેથી યુવતીનો મોબાઈલ ફોન કબ્જે કર્યો છે. આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે મોબાઈલને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. પોલીસે પરિવારજનો અને આસપાસના લોકોના નિવેદન નોંધવાની પ્રક્રિયા શરૂ કરી છે. હાલમાં આ આત્મહત્યા પાછળ પ્રેમ પ્રકરણ, કૌટુંબિક કલેશ કે અન્ય કોઈ કારણ જવાબદાર છે તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાવરકુંડલામાં મહિલાએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

### દીકરીની સાગાઈ ન થવાને લઈને છેલ્લા બે વર્ષથી તણાવમાં હોવાથી ભર્યું પગલું, પરિવારમાં શોક છવાયો

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

સાવરકુંડલા શહેરના જેસર રોડ પર આવેલી ગીતાંજલી સોસાયટી વિસ્તારમાં એક મહિલાએ દીકરીની સગાઈ નહીં થતી હોવાથી તણાવમાં આવી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. સાવરકુંડલાના જેસર રોડ પર આવેલી ગીતાંજલી સોસાયટીમાં રહેતા અનસુયાબેન મુકેશભાઈ પાચાણી (ઉ.વ.૪૫) છેલ્લા બે વર્ષથી પિતાની દીકરીની સગાઈ નહીં થતા તેઓ તણાવ અનુભવતા હતા. આ તણાવને કારણે તેમણે ગઈ કાલે સવારે આશરે ૧૦:૩૦ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હતું. જે અંગે તેમના પતિ મુકેશભાઈ બાઘુભાઈ પાચાણી (ઉ.વ.૪૫) દ્વારા જાણ કરવામાં આવતા સાવરકુંડલા પોલીસ સ્થળ પર પહોંચી મૃતદેહને પીએમ અર્થે મોકલી આગળની તપાસ હાથ ધરી છે.

# વિરપુર-જુનાગઢમાં થયેલી હત્યામાં હથિયાર સપ્લાય કરનારો પરપ્રાંતિય ઝડપાયો

### હત્યા, આર્મ્સ એકટના સંખ્યાબંધ ગુના: રેન્જ આઈજીએ રૂ.૮ હજારનું ઈનામ જાહેર કર્યું'તુ: પેરોલ ફર્લો સ્કોવોડે ગોરખપુરથી દબોચ્યો

**અબતક, રાજકોટ**

વિરપુર-જૂનાગઢમાં થયેલી હત્યાના બનાવમાં હથિયાર સપ્લાય કરનાર ઈનામી આરોપીને રાજકોટ ગ્રામ્ય પેરોલ ફર્લોની સ્કોવડની ટીમે ગોરખપુરથી ઝડપી લીધો હતો. રાજ્ય પોલીસ વડા દ્વારા તા.૦૭/૦૪ થી તા.૨૧/૦૪ સુધી નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની ડ્રાઈવનું આયોજન કરેલ હોય જે અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી અસરકારક કામગીરી કરવાની આપેલ સૂચનાથી રૂરલ એલસીબીની ટીમ ફરાર આરોપીઓને પકડવા તપાસ હાથ ધરી હતી. દરમિયાન



વિરપુર પોલીસ મથકના હત્યા અને આર્મ્સ એકટના ગુનાનો આરોપી રોહનકુમાર બચ્ચાપ્રસાદ રાવત (રહે. ગોરખપુર) છેલ્લા તેર વર્ષથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેથી રાજકોટ રેન્જ આઈજી દ્વારા આરોપીને પકડવા રૂ.૮ હજારનું નું ઈનામ જાહેર કરવામાં આવ્યુ હતું જે આરોપી બાબતે પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ પી.એન.ભરવાડ, કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ સોલંકી અને ટેકનીકલ- હ્યુમન સોર્સીસથી સચોટ માહિતી એકત્રીત કરી આરોપીને પકડી પાડી વિરપુર પોલીસને સોંપ્યો હતો.પકડાયેલ આરોપી વિરુદ્ધ જૂનાગઢ તાલુકા પોલીસ મથકમાં હથિયારના ગુનામાં અને જૂનાગઢ સીટી એ.ડિવિઝન પોલીસ મથકના ચોપડે હત્યાના બનાવમાં તેમજ વીરપુર જૂનાગઢમાં થયેલ હત્યાના બનાવમાં તેને ગોરખપુરથી હથિયાર સપ્લાય કર્યા હતા. આ સિવાય પણ તેને સૌરાષ્ટ્રમાં અલગ અલગ જગ્યાએ હથિયાર સપ્લાય કર્યાનું પણ સામે આવ્યું છે.

# પડધરી નજીક બાઈક સાથે આખલો અથડાતા વિસામણના ખેડૂત ગંભીર

### રાજકોટ જીરાની હરાજી કરવા જતી વેળાએ અકસ્માત નડ્યો

**અબતક, રાજકોટ**

શહેરો અને ગ્રામ્ય પંથકમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત છે, ત્યારે વધુ એક વૃદ્ધ આ આતંકનો ભોગ બન્યા છે. પડધરી તાલુકાના વિસામણ ગામના ૭૦ વર્ષીય વૃદ્ધને પડધરી પાસે અચાનક મોટરસાયકલ આડે ખૂંટિયો ઉતરી આવતા અકસ્માત સર્જાયો હતો. વૃદ્ધને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, પડધરીના વિસામણ ગામમાં રહેતા દામજીભાઈ નાનજીભાઈ સોરઠીયા (ઉં.વ. ૭૦) ગઈકાલે સવારે આશરે ૯:૩૦ વાગ્યાની આસપાસ તેઓ પોતાનું મોટરસાયકલ લઈને રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં જીરાની હરાજી માટે આવી રહ્યા હતા. આ દરમિયાન પડધરી પાસે અચાનક ખૂંટિયો રસ્તા પર આડો ઉતરતા અકસ્માત સર્જાયો હતો, આ અકસ્માતમાં દામજીભાઈને મોઢાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આ અંગેની નોંધ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવને લઈ સ્થાનિકોમાં રખડતા ઢોરના વધતા જતા ત્રાસ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પ્રભાસ પાટણમાં રીક્ષા ચાલકે એક્ટિવાને અડફેટે લેતા મહિલા ઈજાગ્રસ્ત

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

પ્રભાસ પાટણ માં રહેતી ઉષાબેન પરેશભાઈ મેરાવડા ઉંમર વર્ષ ૪૫ વર્ષીય મહિલા સવારે બાઇક લઈ જતીવેળાએ પુરપાટ ઝડપે આવતા રીક્ષા ચાલક દ્વારા હડફેટે લેતા મહિલા ને ગંભીર ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે વેરાવળ હોસ્પિટલ માં ખસેડવા આવી હતી .આ અંગે પોલીસ પાસે થી મળતી માહિતી મુજબ પ્રભાસ પાટણ માં ખોડિયાર મંદિર પાસે રહેતી અને સોમનાથ મંદિરમાં નોકરી કરતી ઉષાબેન પરેશભાઈ મેરાવડા ઉંમર વર્ષ ૪૫ વર્ષીય મહિલા વહેલી સવારે મોપેડ લઈ નોકરી માટે જતીવેળા એ ભીડીયા સર્કલ થી સોમનાથ જતા રોડ પર હતી ત્યારે પુરપાટ ઝડપે આવતી રીક્ષા રજી નં જીજે ૩૨ ઢ ૩૯૭૫ નો ચાલક દ્વારા ઉષાબેન ને હડફેટે લેતા ગંભીર ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી ઘટના જાણ થતા પ્રભાસ પાટણ પોલીસે મહિલાની ફરિયાદ આધારે રીક્ષા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શાપર-વેરાવળમાં યુવતીએ અગમ્ય કારણોસર એસિડ ગટગટાવ્યું

**અબતક, રાજકોટ**

શાપર વેરાવળમાં રહેતી ૧૮ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર એસિડ પી લેતા પરિવારમાં દોડધામ મચી ગઈ છે. યુવતીને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ, શાપર વેરાવળમાં પટેલ સમાજ પાસે રહેતા પ્રિયાબેન યોગેશભાઈ સાપડ (ઉં.વ. ૧૮) ગઈકાલે સવારે ૯:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા, ત્યારે કોઈ અગમ્ય કારણોસર એસિડ પી ગટગટાવી લીધું હતું. પરિવારને જાણ થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, પ્રિયાબેન પુસ્તક બનાવવાના કારખાનામાં કામ કરી પરિવારને આર્થિક મદદરૂપ થાય છે. તેઓ બે ભાઈ અને એક બહેનના પરિવારમાં સૌથી નાના છે. હાલમાં પોલીસ દ્વારા યુવતીનું નિવેદન લેવાની અને આગળની કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે.

# વાંકાનેરના સમથેરવા ગામે અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો, હત્યાની આશંકા

### શરીરે ઈજાના નિશાન મળતા મૃતદેહને પીએમ અર્થે હોસ્પિટલે ખસેડાયો, તાલુકા પોલીસ દ્વારા વાલી વારસની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા, વાંકાનેર**

વાંકાનેર તાલુકાના સમથેરવા ગામ નજીક થી અજાણ્યા યુવાનની લાશ મળતા ચકચાર મચી જવા પામી છે ઘટના ની જાણ થતા વાંકાનેર પોલીસ નો સ્ટાફ ઘટનાં સ્થળે પહોંચી ને મૃતદેહને પીએમ અર્થે ખસેડવા અને પોલીસને મૃતકની લાશ પર ઈજાના નિશાન જોવા મળતા હત્યાની શંકા, અને મૃતદેહની વાલી વારસની શોધ સાથે તપાસને વધુ વેગવંતી કરી છે .અંગે મળતી માહિતી મુજબ વાંકાનેર તાલુકાના સમથેરવા ગામ નજીક સીપરિયાળી તરીકે ઓળખાતી ખરાબાની જમીનમાંથી અજાણ્યા યુવાનનો ઈજાગ્રસ્ત મૃતદેહ જોવા મળતા જાગૃત નાગરિક વિજય ઉકેડિયા દ્વારા વાંકાનેર પોલીસે ને જાણ કરતા વાંકાનેર પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચતા મૃતદેહ પર છુટા છવાયા ઈજાના નિશાન જોવા મળતા બનાવ શંકાસ્પદ હોવાનું જણાઈ આવ્યું છે તેમજ મૃતક ની હત્યા કે અન્ય કોઈ કારણથી મૃત થયેલ છે તે અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે તેમજ મૃતદેહને પીએમ અર્થે ખસેવામાં આવ્યો હતો તેમજ મૃતક યુવાન અંદાજે ૨૫ થી ૩૦ વર્ષીય હોવાનું પ્રાથમિક માહિતી મળી રહી છે તેમજ મૃતક યુવાન ઓળખ હજુ થઈ શકી નથી આ અંગે વાંકાનેર પોલીસના એ.એસ.આઈ આર.એફ.ચાવડા તપાસ ચાલવી રહ્યા છે.

# મેંદરડા પંથકની સગીરાનું અપહરણ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

મેંદરડા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગત તા. ૦૭/૦૪/૨૦૨૬ના રોજ બપોરના આશરે ૧૪:૩૦ વાગ્યાના અરસામાં મેંદરડા પંથકમાં રહેતા સગીરાને અજાણ્યો વ્યકિત કોઈપણ કારણોસર લલચાવી, ફોસલાવી કે કોઈ લોભ-લાલચ અથવા ભય બતાવી, વાલીના કાયદેસરના કબજામાંથી અપહરણ કરી ગયેલ છે. આ મામલે મેંદરડા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ મેંદરડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.એલ. લખધીર ચલાવી રહ્યા છે. અને સગીરાને શોધી કાઢવા તથા આરોપીને પકડી પાડવા પોલીસ દ્વારા ટેકનિકલ સોર્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સ તથા અલગ-અલગ ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# કચ્છ: આદિપુર નજીકથી રૂ.૪.૨૬ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

### પૂર્વ કચ્છ એલસીબીએ ૬ લાખની કાર સહિત રૂ.૧૦૨૬૪૨૦નો મુદ્દામાલ કર્યા સીલ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ લોકલ ક્રાઈમ બ્રાન્ચે આદિપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢ્યો છે. અંજાર-ગળપાદર હાઈવે પર શર્મા રિસોર્ટ પાછળના મેદાનમાં ઈસુઝુ ગાડીમાં દારૂનો જથ્થો સગેવગે કરવાની બાતમી મળતા પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસને જોઈ ડ્રાઈવર વાહન મૂકી નાસી છૂટ્યો હતો. ગાડીની તપાસ કરતા તેમાંથી ૭૫૦ એમ.એલ.ની વિદેશી દારૂની બોટલો અને મોટી માત્રામાં ક્વાર્ટર મળી આવ્યા હતા.



પોલીસે ૬ લાખની કાર અને ૪.૨૬ લાખનો દારૂ મળી કુલ ૧૦,૨૬,૪૨૦ નો મુદ્દામાલ જપ્ત કરી આદિપુર પોલીસને આગળની તપાસ સોંપી છે.આ કામગીરી લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પોલીસ ઈન્સપેકટર જે.એમ. વાળા,પોલીસ સબ ઈન્સપેકટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

# જામજોધપુર: રૂ.૧૩૭૦૦૦ની ચોરીનો ભેદ ઉકેલાયો: ૪ આરોપીની ધરપકડ

**અબતક, ભરત ગોહેલ, જામજોધપુર**

જામજોધપુર પોલીસ દ્વારા ચોરીના ગુનામાં ઝડપી કામગીરી હાથધરી છે અને રૂ.૧,૩૭,૦૦૦ કિંમતનું ચોરાયેલું રોટાવેટર તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલા સાધનો સાથે ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે.

જામનગર જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની તથા મદદનીશ પોલીસ અધિક્ષક પ્રતિભા રાવના માર્ગદર્શન હેઠળ જામજોધપુરના પોલીસ ઈન્સ્પેક્ટર એન.બી. ચૌહાણના નેતૃત્વ હેઠળ ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન જામજોધપુર પોલીસ સ્ટાફના સર્વેલન્સ દરમિયાન ચોરી થયેલા રોટાવેટર તથા ચોરીમાં ઉપયોગમાં લેવાયેલું લાલ રંગનું મેસી ટ્રેક્ટર નંબર જી.જે.-૭ ડીડી ૪૦૪૦ સાથે અભય સુભાષભાઈ ભડાણીયા (ઉ.વ.૨૫), રહે. જામવાડી ગામ, જામજોધપુર, મયુરભાઈ ગોવિંદભાઈ બારીયા (ઉ.વ. ૨૧), રહે. વનાણાગામ, જામજોધપુર, વિજયભાઈ વરવાભાઈ વરૂ (ઉ.વ.૩૧), રહે.કૃષ્ણગઢ- ભાણવડ અને વિશાલ નિલેશભાઈ કણસાગરા (ઉ.વ.૧૯), રહે. સગરપા વિસ્તાર, જામજોધપુર વગેરેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવાઈ છે.

# વરસામેડીમાં થયેલી ચાંદી ચોરીનો ભેદ ઉકેલાયો: બેલડીની ધરપકડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

અંજારના વરસામેડી સીમ વિસ્તારમાં આવેલી દિવ્યા-૦૨ સોસાયટીમાં રાત્રિના સમયે થયેલ ઘરફોડ ચોરીનો ભેદ અંજાર પોલીસ પીઆઈ એચ.એ. જાડેજાના નેતૃત્વમાં ટીમ દ્વારા સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન મળેલ બાતમીના આધારે અંજારના ૧૨ મીટર રોડ પરથી બંને આરોપીઓ અનિલ રામજીભાઈ કોલી અને વિશાલ હરીભાઈ કોલીને ચોરી કરેલ ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ ૩૫,૭૪૭ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનાની કબૂલાત કરતા ચોરીમાં ગયેલ મુદ્દામાલ રીકવર કરવામાં આવ્યો છે. પોલીસ



દ્વારા આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### દાગીના અને રોકડ કુલ મળી રૂ.૩૫,૭૪૭નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યા

# અંજાર: છેતરપિંડીના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા આગામી ચૂંટણીને અનુલક્ષીને શરૂ કરાયેલા ''Mission Fugitive'' અંતર્ગત એલ.સી.બી.ની ટીમે છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસ ઈન્સ્પેકટર જે.એમ. વાળાની આગેવાનીમાં મળેલી બાતમીના આધારે અંજાર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાના આરોપી અસ્લમ હાજી શેખ (ઉ.વ. ૨૩)ને ઝડપી લેવાયો હતો. પકડાયેલ આરોપી વિરુદ્ધ બી.એન.એસ.ની વિવિધ કલમો હેઠળ કાર્યવાહી કરી અંજાર પોલીસને સોંપવામાં આવ્યો છે.

# અંજાર: દારૂના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

### બે વર્ષથી નાસ્તો ફરતો આરોપીને પકડવામાં એસ.ઓ.જી.ને મળી સફળતા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

પૂર્વ કચ્છ એસ.પી. સાગર બાગમાર દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે શરૂ કરાયેલી ખાસ ડ્રાઈવમાં એસ.ઓ.જી.ને મોટી સફળતા મળી છે. પી.આઈ. એ.આર. ગોહિલના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. ટીમે અંજારના પ્રોહિબિશન ગુનામાં છેલ્લા ૨ વર્ષથી ફરાર આરોપી મયુરસિંહ ઉમેદસિંહ જાડેજા (ઉ.વ. ૩૬) ને બાગેશ્રી સોસાયટીના ગેટ પાસેથી ઝડપી પાડયો છે. પકડાયેલ આરોપી દારૂ અને જુગાર સહિતના ૬ જેટલા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. આરોપીને આગળની કાર્યવાહી માટે અંજાર પોલીસને સોંપવામાં આવ્યો છે. આ કામગીરી એ.આર.ગોહીલ પોલીસ ઈન્સપેક્ટર એસ.ઓ.જી. ની સુચનાથી એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા કરવામાં આવેલ હતી.



# આર્થિક ડામાડોળની સ્થિતિમાં રેપોરેટ યથાવત રાખી જીડીપી ૬.૯ ટકાએ રહેવાનો આશાવાદ

## પશ્ચિમ એશિયામાં યુધ્ધવિરામની જાહેરાત બાદ વૈશ્વિક બજારોમાં તેજી વચ્ચે સતત બીજી વખત વ્યાજદરમાં કોઈ ફેરફાર નહીં

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં અમેરિકા દ્વારા યુધ્ધવિરામની જાહેરાત થયાના થોડા કલાકો બાદ જ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મોનેટરી પોલિસી કમિટીએ સતત બીજી બેઠકમાં પોલિસી રેટ ૫.૨૫% પર યથાવત રાખવાનો સર્વસંમતિથી નિર્ણય લીધો છે. વૈશ્વિક નાણાકીય બજારોમાં આવેલી તેજી વચ્ચે આરબીઆઇ ગવર્નર સંજય મલ્હોત્રાએ લાંબા સમય સુધી વ્યાજદર નીચા રાખવા અંગે સાવચેતીપૂર્વકનો આશાવાદ વ્યક્ત કર્યો છે. જેને પગલે જીડીપી ૬.૯ ટકાએ રહેવાનો આશાવાદ વ્યક્ત કરાયો છે.

ગવર્નર સંજય મલ્હોત્રાએ કેટલીક ચિંતાઓ પણ વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવથી આયાતી ફુગાવો વધી શકે છે અને કરન્ટ એકાઉન્ટ ડેફિસિટમાં વધારો થઈ શકે છે. ઊર્જા બજારો, ખાતર અને અન્ય ચીજવસ્તુઓના પુરવઠામાં વિક્ષેપથી ઉદ્યોગ, કૃષિ અને સેવા ક્ષેત્ર પર પ્રતિકૂળ અસર પડી શકે છે. વધુમાં, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા અને સુરક્ષિત રોકાણની માંગ વધવાથી સ્થાનિક લિક્વિડિટી, આર્થિક પ્રવૃત્તિઓ અને રોકાણ પર પણ અસર થવાની સંભાવના છે.

આરબીઆઈનો આશાવાદ ક્રૂડ ઓઈલના ભાવની ધારણામાં જોવા મળ્યો હતો, જે આ વર્ષે સરેરાશ ૮૫ પ્રતિ બેરલ રહેવાની અપેક્ષા છે. ગવર્નરે બજારોને આશ્વાસન આપતા કહ્યું હતું કે બેંકોની ઓપન પોઝિશનને મર્યાદિત કરવા અને ઓફશોર માર્કેટમાં ક્લાયન્ટના એક્સપોઝરને રોકવા માટે લેવાયેલા ફોરેક્સ પગલાં માત્ર અતિશય સટ્ટાબાજીને રોકવા માટે છે. આ પગલાં કામચલાઉ છેઅને પરિસ્થિતિ સામાન્ય થતાં તેની સમીક્ષા કરવામાં આવશે. પોલિસીનું વલણ હળવું હોવાનો બીજો સંકેત બેંકો માટે મૂડીના નિયમો અને રિઝર્વ જરૂરિયાતો હળવી કરવાનો આરબીઆઈનો નિર્ણય છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના ચેરમેન અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશનના વડા સીએસ શેટ્ટીના જણાવ્યા અનુસાર, ઈન્વેસ્ટમેન્ટ ફ્લક્ચ્યુએશન રિઝર્વની જરૂરિયાત દૂર કરવા અને કેપિટલ ટુ રિસ્ક-વેઈટેડ એસેટ્સ રેશિયોના નિયમો હળવા કરવા જેવા પગલાંથી બેંકોની મૂડીની સ્થિતિ મજબૂત થશે અને ક્રેડિટ ગ્રોથને સતત ટેકો મળશે.

વૈશ્વિક સ્તરે, ટેરિફ સંબંધિત અનિશ્ચિતતાઓ અને ઊંચા ઊર્જા ભાવોને કારણે ૨૦૨૫ ની સરખામણીમાં ૨૦૨૬ માં વેપાર ધીમો પડવાની સંભાવના છે. ભારત પર તેની અસર દેખાઈ રહી છે, જેમાં નિકાસ ઘટી છે અને આયાત વધવાથી વેપાર ખાધ વિસ્તરી છે. બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબનવીસના મતે, અલ નીનોના જોખમને કારણે ભવિષ્યમાં રેટ કટની શક્યતાઓ ઓછી છે. જોકે, ગવર્નરે સ્પષ્ટ કર્યું છે કે ભૂતકાળની કટોકટીઓ અને અન્ય દેશોની સરખામણીમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત છે.

### જીડીપી ગ્રોથ અને ફુગાવાનો અંદાજ

રિઝર્વ બેંકે ચાલુ વર્ષ માટે જીડીપી ગ્રોથ ૬.૯% રહેવાની આગાહી કરી છે, જેમાં ક્વાર્ટર૧ માં ૬.૮%, ક્વાર્ટર ૨ માં ૬.૭%, ક્વાર્ટર ૩ માં ૭% અને ક્વાર્ટર ૪ માં ૭.૨% વૃદ્ધિનો અંદાજ છે. બીજી તરફ, ફુગાવો ઊંચો રહેવાની ધારણા છે. આ વર્ષ માટે સીપીઆઈ ૪.૬% રહેવાનો અંદાજ છે, જે ક્વાર્ટર ૧ માં ૪%, ક્વાર્ટર ૨ માં ૪.૪%, ક્વાર્ટર ૩ માં ૫.૨% અને ક્વાર્ટર ૪ માં ૪.૭% રહેવાની સંભાવના છે.

# જામનગર ગ્રામ્ય ડીવાયએસપી કચેરી ખાતે રેન્જ આઈ.જી. દ્વારા ઈન્સ્પેક્શન

## કડક અધિકારી તરીકે ઓળખાતા નિર્લિપ્તરાયના આગમનથી જામનગરમાં ગુનેગારોમાં ફફડાટ







**અબતક, જામનગર**

રાજકોટ રેન્જના આઈજી નિર્લિપ્તરાય આજે જામનગર પહોંચ્યા હતા. તેઓ જામનગર ગ્રામ્ય ડીવાયએસપી કચેરીએ પહોંચતા એસ.પી. ડો. રવિ મોહન સૈની તેમજ ડીવાયએસપી સહિતના અધિકારીઓ દ્વારા ફૂલના બુકે આપી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત પોલીસ વિભાગ દ્વારા તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યો હતો.

રેન્જ આઈજી દ્વારા ગ્રામ્ય ડીવાયએસપી કચેરીનું ઈન્સ્પેકશન કરવામાં આવનાર છે, જેના ભાગરૂપે તેઓ જામનગર આવ્યા છે. કડક અધિકારી તરીકે ઓળખાતા નિર્લિપ્તરાય થોડા દિવસો પહેલા પણ જામનગરની મુલાકાતે આવ્યા હતા. તે દરમિયાન તેમણે કેટલાક ચોક્કસ વિસ્તારોની મુલાકાત લીધી હતી અને એક ગેરકાયદે બાંધકામ સામે કાર્યવાહી કરાવી હતી.

ફરી એકવાર તેમના આગમનથી જામનગરના કેટલાક ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે.

# ભાણવડ પોલીસ સ્ટેશનના નવનિયુક્ત પીઆઈ કે.જે. કરપડાએ ચાર્જ સંભાળ્યો



**અબતક, આનંદ પોપટ, ભાણવડ**

ભાણવડ પોલીસ સ્ટેશન નવનિયુક્ત પી.આઈ.કે.જે કરપડાએ ચાર્જ સંભાળ્યો હતો અને પત્રકાર સાથે શુભેચ્છા મુલાકાત ગોઠવી પી.આઈ કે. જે કરપડા એ ભાણવડ વિસ્તારમાં કાયદો વ્યવસ્થા સ્થિતિ અંગે પણ પત્રકારો સાથે સમીક્ષા કરી હતી જોકે ભાણવડ વિસ્તારમાં એકંદો શાંત તાલુકો હોવાનો સુર વ્યક્ત કર્યો હતો વિશેષમાં નવનિયુક્ત પી. આઈ કે. જે કરપડાએ પત્રકારો પાસેથી પણ સૂચનો માગ્યા હતા ખાસ કરી મિટિંગમાં પોલીસ અને પત્રકારો વચ્ચે સંકલન ઝળવાઈ રહે એવી ચર્ચા વિચારણા કરાઈ હતી.

# ભાણવડ: તપોવન વિશ્વ વિદ્યાલય ખાતે ઘુમલીના ઈતિહાસ આધારિત પુસ્તકનું વિમોચન

## વિદ્યાર્થીઓ માટે બસ સેવા, મુળુભાઈ હરદાસભાઈ બેરા સ્પોર્ટ્સ સંકુલનું લોકાર્પણ

**અબતક, આનંદ પોપટ ભાણવડ**

ભાણવડ નજીક બરડા ડુંગરની ગોદમાં આવેલ વિખ્યાત તપોવન વિશ્વ વિદ્યાલય ખાતે ચાર ગ્રંથોનો વિમોચન, વિદ્યાર્થી માટે બસ સેવા અને મુળુભાઈ હરદાસભાઈ બેરા સ્પોર્ટ્સ સંકુલનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઈતિહાસકાર નરોત્તમભાઈ પલાણ, રાજકોટના સમણ શ્રુતપ્રજ્ઞજી તેમજ ધારાસભ્ય મુળુભાઈ બેરા સહિત મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા.



પ્રારંભમાં સ્વાગત પ્રવચનમાં તમામને આવકાર્યા હતા, ત્યારબાદ ઈતિહાસકાર નરોત્તમભાઈ પલાણે તપોવન વિશ્વ વિદ્યાલયના આંગણે જ્ઞાન ગીતા, વીર હનુમાન આરોગ્ય કથા, એક શામ શહીદો કે નામ અને ઘુમલીના ઈતિહાસ અંગેના ચારેય પુસ્તકોનો એકી સાથે વિમોચન સમારોહ અંગે ખુશી વ્યક્ત કરી વિશેષમાં નરોત્તમભાઈએ ઘુમલીના ઈતિહાસ સહિત એક-એક પથ્થરમાં આગવી ઓળખ છૂપાયેલી હોવાનું જણાવ્યું હતું.

આ તકે ખાસ હાજર સમણ શ્રુતપ્રજ્ઞજીએ બરડા ડુંગરની ગોદમાં શાળા શરૂ કરવા માટે સરકાર જમીન આપેતો દાતા તૈયાર હોવાની વાત કરી હતી. જો કે, આ તકે હાજર ધારાસભ્ય મુળુભાઈ બેરાએ આ ચેલેન્જને સ્વીકાર લઈ હકારાત્મક પ્રતિભાવ આપ્યો હતો.

# પોરબંદરમાં પ્રથમ વખત તપસ્વી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા રવિવારે નિ:શુલ્ક ઓપરેશન અને નિદાન કેમ્પ

## બાપા સીતારામ ચોક ક્લિનિકમાં નિદાન સાથે મફત સર્જરીની મળશે સેવા

**અબતક, પૂજા થાનકી પોરબંદર**

પોરબંદરમાં આરોગ્ય ક્ષેત્રે એક અનોખી પહેલરૂપે તપસ્વી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા છાયા વિસ્તાર બાપા સીતારામ ચોક પાસેના શ્રધ્ધા કિલનિક ખાતે તા. ૧૨/૪ને રવિવારના રોજ નિ:શુલ્ક ઓપરેશન અને સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૯ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા સુધી ચાલનારા આ કેમ્પમાં દર્દીઓને રૂ. ૫,૦૦૦ થી ૪૦,૦૦૦ સુધીના ખર્ચાળ ઓપરેશન સંપૂર્ણપણે મફતમાં કરવામાં આવશે. આ કેમ્પમાં કાનની બૂટી સાંધવી, નખમાં ઈન્ગ્રોનેલ, રસોળી અને કપાસી, ચામડીના પરના મસા, થાઈમોસિસ એટલેકે પેશાબની આગળ વધતી ચામડી, સ્તનની ગાંઠ તેમજ વાઢીયાના ઓપરેશન જેવી સારવાર ઉપલબ્ધ રહેશે. સાથે સાથે એમડી ફિઝિશિયન, સ્કિન સ્પેશિયાલિસ્ટ અને ગાયનેક તજજ્ઞ ડોક્ટરો દ્વારા નિદાન અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.

જરૂરિયાતવાળા દર્દીઓને તમામ લેબ રિપોર્ટ અને જરૂરી દવાઓ સ્થળ પર જ નિ:શુલ્ક આપવામાં આવશે. તપસ્વી ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ દ્વારા વધુમાં વધુ લોકો આ સેવા નો લાભ લે તે માટે અપીલ કરવામાં આવી છે. નોંધણી માટે મોબાઈલ નંબર ૯૮૨૪૮૪૬૨૧૫ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગાંધિધામ : કાર્ગો ઝુપડપટ્ટીમાં થયેલ ઘરફોડ ચોરી ભેદ ઉકેલાયો : આરોપી ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

ગાંધીધામના કાર્ગો પી.એસ.એલ. વિસ્તારમાં ધોળેદિવસે થયેલી ઘરફોડ ચોરીની ઘટનામાં બી-ડિવિઝન પોલીસને મોટી સફળતા મળી છે. બી ડિવિઝન પીઆઈ એસ.વી ગોજીયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, ત્યારે હ્યુમન સોર્સની બાતમી પરથી રાપર તાલુકાના આરોપી અરજણ દેવાભાઈ ભરવાડને ઝડપી લેવાયો હતો. આરોપી પાસેથી સોનાનું લોકેટ, બુટ્ટી, વીંટી અને કાનની શેર તેમજ ૨૩,૯૫૦ રોકડ અને મોબાઈલ મળી કુલ ૫૩,૯૫૦ નો મુદ્દામાલ રિકવર કરાયો છે. વધુમાં પોલીસે જણાવ્યું કે, આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અગાઉ આડેસર, સામખિયાળી તથા ગાંધીધામમાં ચોરીના ગુનામાં ઝડપાઈ ચૂક્યો છે.

આ કામગીરી ગાંધીધામ બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એસ.વી.ગોજીયા, પો.સબ ઈન્સ. એલ.એન.વાઢીયા તથા સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ દ્વારા કરવામા આવેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### ડિજિટલ બાજ...

લઈને તેના ડિસ્ટ્રિબ્યુશન, સ્ટોક મેનેજમેન્ટ અને છેલ્લે મેડિકલ સ્ટોર પર થતા વેચાણ સુધીના દરેક તબક્કાને ઓનલાઈન આવરી લેવામાં આવશે.

લાંબા સમયથી ડ્રગ રેગ્યુલેટર્સ અને એન્ફોર્સમેન્ટ એજન્સીઓ દ્વારા આવી કોઈ એકીકૃત સિસ્ટમના અભાવને સુરક્ષાની મોટી નબળાઈ ગણાવવામાં આવતી હતી. સેન્ટ્રલાઈઝ્ડ સિસ્ટમ ન હોવાના કારણે ઘણી વખત નશીલી દવાઓનો નશાખોરી માટે ગેરકાયદેસર ઉપયોગ થતો હોવાના કિસ્સાઓ સામે આવતા હતા જેને હવે પ્લેટફોર્મ થકી રોકી શકાશે.

ડ્રગ કન્સલ્ટેટિવ કમિટીની તાજેતરમાં મળેલી બેઠકમાં આ સેન્ટ્રલાઈઝ્ડ ટ્રેકિંગ સિસ્ટમની જરૂરિયાત અંગે નિષ્ણાતો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ડિજિટલ પ્લેટફોર્મની રૂપરેખા, તેના મુખ્ય ફીચર્સ, કાનૂની પાસાઓ, સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન અને રાજ્ય ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીઝની ભૂમિકા તેમજ ફાયદાઓ અંગે મનોમંથન કર્યા બાદ આ દરખાસ્ત પાસ કરાઈ હતી.

સમિતિએ સૂચન કર્યું છે કે સિડીએસસિઓ દ્વારા સેન્ટ્રલ બ્યુરો ઓફ નાર્કોટિક્સ સાથે આ અંગે ખાસ બેઠક યોજવી જોઈએ, કારણ કે બ્યુરો હાલમાં દવા ઉત્પાદન એકમો માટે એક પોર્ટલનું સંચાલન કરે છે. એકવાર નવું પોર્ટલ સંપૂર્ણપણે વિકસિત થઈ જાય ત્યારબાદ તમામ સંબંધિત એજન્સીઓને સર્વેલન્સ અને કડક મોનિટરિંગ માટે તેનો એક્સેસ આપવામાં આવશે.

### સ્ટ્રેટ ઓફ હોર્મુઝ...

પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે આ મુદ્દે ઈરાન સાથે કોઈ ચર્ચા થઈ નથી અને ભારત હોર્મુઝ મારફતે નિર્બાધ નેવિગેશન અને વૈશ્વિક વાણિજ્યની અપેક્ષા રાખે છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય જળસીમામાં હિલચાલની સ્વતંત્રતા યુએન સંમેલનો દ્વારા સુરક્ષિત છે, જેથી યુએસની સ્થિતિ આ બાબતે અપ્રસ્તુત છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે યુદ્ધવિરામથી ભૌતિક પુરવઠાની તંગી તરત જ હળવી થવાની અથવા સ્પોટ ક્રૂડના ભાવ નરમ પડવાની કોઈ શક્યતા નથી. બ્રેન્ટ ફ્યુચર્સ ઘટીને ૯૧ પર આવી ગયા છે, જે યુદ્ધવિરામ પછી ૧૯ ડાઉન છે, પરંતુ રિફાઈનર્સે છેલ્લા મહિનામાં સ્પોટ માર્કેટમાં બેરલ દીઠ ૧૩૦ થી ૧૪૦ ડોલર ચૂકવ્યા છે.

### તામિલનાડુના ચીફ સેક્રેટરી...

દિવસ પહેલાં જ ચૂંટણી પંચના અધિકારીઓએ ચેન્નઈમાં કહ્યું હતું કે તમિલનાડુમાં કાયદો અને વ્યવસ્થા સારી છે અને વહીવટ સહકારી છે. તો એક અઠવાડિયામાં શું બદલાઈ ગયું? બીજેપી શાસિત અસમ અને બિહારમાં ચૂંટણી વખતે મુખ્ય સચિવ કે ડીજીપીને આવી રીતે બદલવામાં આવ્યા ન હતા. તો તમિલનાડુમાં જ આવું કેમ?

આ ફેરફારોની પાછળ વિરોધ પક્ષો જેમાં એઆઈએડીએમકે અને ટીવીકે - તમિલગ વેટ્રી કઝગમના વિજય)ની અનેક ફરિયાદો છે. તેમણે આરોપ લગાવ્યા હતા કે રાજ્યની વહીવટી અને પોલીસ વ્યવસ્થા ડીએમકે સરકારની તરફેણમાં કામ કરી રહી છે. ટીવીકેના વિજયે પણ મુખ્ય સચિવ, ડીજીપી સહિત અનેક અધિકારીઓના સ્થાનાંતરણની માંગ કરી હતી જેથી નિર્પક્ષ અને સમાન તકની ચૂંટણી થાય.

ચૂંટણી પંચે આ ફરિયાદોને ધ્યાનમાં લઈને આ પગલાં લીધા હોવાનું માનવામાં આવે છે. તમિલનાડુમાં એક તબક્કામાં ૨૩ એપ્રિલે મતદાન થશે અને ૪ મેના રોજ મતગણતરી થશે.

આ ઘટના માત્ર તમિલનાડુ સુધી મર્યાદિત નથી. પશ્ચિમ બંગાળ સહિત અન્ય ચૂંટણીવાળા રાજ્યોમાં પણ ચૂંટણી પંચે અધિકારીઓના ટ્રાન્સફર કર્યા છે, જેને લઈને વિરોધ પક્ષોએ સંસ્થાકીય તટસ્થતા પર પ્રશ્નો ઉઠાવ્યા છે. ચૂંટણી પંચનું કહેવું છે કે આ પગલાં મુક્ત અને નિર્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે જરૂરી છે. આ વિવાદે તમિલનાડુના રાજકીય માહોલને વધુ ગરમાવ્યો છે. ડીએમકેનું કહેવું છે કે આવા પગલાંથી તેમની જીત અટકશે નહીં, જ્યારે વિરોધ પક્ષો તેને સરકારી હસ્તક્ષેપ તરીકે જુએ છે. આ ઘટના ચૂંટણી પંચની ભૂમિકા અને રાજ્ય સરકારો વચ્ચેના સંબંધો પર નવા પ્રશ્નો ઉઠાવે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટનું કોકડું

બેઠકમાં પેનલો માટે સર્વસંમતીથી નામો ન નકકી થતા નવા નામો લઈને આવજો તેવી સુચના આપી તમામને રવાના કરી દેવામાં આવ્યા છે. હવે જયારે પાર્લામેન્ટરી બોર્ડમાં પેનલ મૂકવામાં આવી ત્યારે ગઈકાલે ફરી હોબાળો શરૂ થઈ ગયો હતો જેના કારણે હજી સુધી એક પણ ઉમેદવારનું નામ નક્કી થઈ શકયું નથી. આજે સવારથી ફરી બેઠકનો ધમધમાટ ચાલી રહ્યો છે. બપોરે સુધીમાં કોકડુ ઉકેલાય જાય તેવું લાગી રહ્યું છે. પરંતુ હાલ એવી કોઈ શકયતા દેખાતી નથી. રાજકોટ માટે ભાજપ આવતીકાલે ઉમેદવારો જાહેર કરે તેવું હાલ દેખાય રહ્યું છે. ટિકિટ ફાળવણી બાદ વિવાદ વધુ વકરે તેવી સ્થિતિનું પણ નિર્માણ થવાની ભારોભાર ભીતિ દેખાય રહી છે.

### શિસ્તના ભોગે કંઈ ન ખપે

દુભાયેલાઓને ભાજપ હાઈકમાન્ડ બોર્ડ - નિગમનું ગાજર પકડાવી દેશે. ઉમેદવારો જાહેર કરાયા બાદ નારાજ થયેલા નેતાઓને મનાવવા માટે ભાજપ દ્વારા પુરતા પ્રયાસો કરવામાં આવશે પરંતુ જો નેતાઓ ન માને તો રાજકીય સન્યાસનો રસ્તો બતાવી દેતા પણ ભાજપ અચકાશે નહિં.

ગુજરાતમાં ભાજપ પાસે એક મજબૂત સંગઠન છે. એક-બે નહિં ત્રણ કેડર સુધી કાર્યકર્તાઓની ફોજ છે. તમામનું ઘડતર એવી રિતે કરવામાં આવ્યું છે કે અડધી રાતે ઉઠાવીને પણ ગમે તેટલી મોટી જવાબદારી સોંપવામાં આવે કાર્યકર આ કામગીરી નિભાવવા પુરી રિતે સક્ષમ હોય છે. સ્થાનિક સ્વરાજ્યની આગામી ચૂંટણીમાં ભાજપ ૭૦થી ૮૦ ટકા જૂના ચહેરાઓની ટિકિટ કાંપી તેના સ્થાને યુવા ચહેરાઓને તક આપવા ઈચ્છી રહ્યું છે. માત્ર ૨૦ થી ૩૦ ટકા જ અનુભવીઓને ફરી ચૂંટણીના મેદાનમાં ઉતારવામાં આવશે.

અનેક એવા સમાજ અને નેતાઓ છે. જેને જ્ઞાતિના સમિકરણોના કારણે પોતે ગમે તેટલા મજબૂત હોવા છતા તેમને વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં ટિકિટ મળતી નથી. તેઓનું રાજકારણ માત્ર સ્થાનિક સ્વરાજ્ય પુરતું સિમિત રહે છે. વધુમાં તેઓને પ્રદેશના સંગઠન માળખામાં એક હોદ્દો આપી દેવામાં આવે છે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ ફાળવણી માટે મુખ્ય બે મુદ્દાઓ પર ભાર મુકવામાં આવી રહ્યો છે. જેમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા નેતાઓ અને સતત ત્રણ ટર્મ ચૂંટણી લડેલાઓને ટિકિટ આપવામાં આવશે નહિં. આવામાં ૧૫ વર્ષમાં જ મજબૂત નેતાનું રાજકારણ ખતમ થઈ જાય છે.

આજે રાતથી ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. ટિકિટ ફાળવણી બાદ અસંતોષની આગ ફાટી નિકળવાની ભારોભાર સંભાવના અત્યારથી જ દેખાય રહી છે. ટિકિટમાં કપાયેલા કે પછી પ્રબળ દાવેદાર હોવા છતા કોઈ કારણોસર ટિકિટ ન મળી હોય તેવા દુભાયેલાઓને મનાવી લેવા માટે ભાજપે પ્લાન તૈયાર રાખ્યો છે. કપાયેલા અને દુભાયેલાઓને બોર્ડ - નિગમનું ગાજર પકડાવી દેવામાં આવશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામ આવ્યા બાદ પદાધિકારીઓની નિયુક્તી પછી રાજ્ય સરકાર અને પક્ષ દ્વારા તુરંત જ બોર્ડ - નિગમમાં નિમણુંક કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. જેમાં પક્ષ પ્રત્યેની આપની નિષ્ઠાને ચોક્કસપણે ધ્યાનમાં લેવામાં આવશે. તમને તમારા કદ મુજબ પદ મળી જશે તેવું કહી મનાવવાના ભરપુર પ્રયાસો કરવામાં આવશે છતા જો કોઈ આગેવાન કે કાર્યકર પોતાની નારાજગી છોડશે નહિં તો પક્ષ દ્વારા આવા અસંતુષ્ટોને રાજકીય વનવાસ આપી દેવાની પણ તૈયારી રાખવામાં આવી છે.

આજે રાતથી ઉમેદવારોના નામની જાહેરાત ભાજપ દ્વારા શરૂ કરવામાં આવશે. આવામાં અસંતુષ્ટોને મનાવવા અને પાર્ટી લાઈનમાં રહી શિસ્ત સાથે ચૂંટણી પ્રચારમાં લાગી જાય તેવી રિતે કામગીરી કરતા કરી દેવા પણ પ્લાન તૈયાર રાખવામાં આવ્યો છે. આજે મોડી સાંજે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક પૂર્ણ થતાની સાથે જ ભાજપ દ્વારા મૂરતિયા જાહેર કરવાનું શરૂ કરવામાં આવશે. જેની ટિકિટ કાંપી નાખવામાં આવશે. તેઓને જ નવા ચહેરાઓને જીતાડી દેવાની જવાબદારી પણ સોંપવામાં આવશે. જનપ્રતિનિધિ તરીકે પાંચ વર્ષમાં જે કામ કપાયેલાઓએ કર્યા છે તેનો લાભ નવા ચહેરાને મળે તેના માટે જેની ટિકિટ કાંપી નાખવામાં આવી છે. તેને સમગ્ર પ્રચાર અભિયાન દરમિયાન સતત સાથે રાખવામાં આવશે.

### ભારત ગૌરવ ટ્રેન

૪૮,૧૮૫/- પેકેજ ખર્ચ રાખવામાં આવ્યું છે. આ પેકેજમાં યાત્રાળુઓને આપવામાં આવતી અન્ય વિવિધ સુવિધાઓની વિગતો પણ સત્તાવાર વેબસાઈટ પરથી જાણી શકાશે.

આ યાત્રા પેકેજનું બુકિંગ કરાવવા ઈચ્છતા નાગરિકો - કર્મયોગીઓ વહેલાં તે પહેલાના ધોરણે ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ.ની સત્તાવાર વેબસાઈટ www.irctctourism.com પર ઓનલાઈન નોંધણી કરાવી શકે છે. આ ઉપરાંત વધુ વિગતો કે પૂછપરછ માટે roadiirctc.com ઈમેઈલ આઈડી પર અથવા IRCTC ની કચેરી ૫૦૨, પાંચમો માળ, પેલિકન બિલ્ડીંગ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, આશ્રમ રોડ, અમદાવાદનો સંપર્ક કરી શકાશે તેમ IRCTCની યાદીમાં જણાવાયું છે.

### પોરબંદર-આસનસોલ

મંગળવારે ઓખાથી ૧૦:૨૦ કલાકે ઉપડશે, તે જ દિવસે ૧૪:૪૦ કલાકે રાજકોટ અને બીજા દિવસે ૧૦:૩૫ કલાકે શકૂર બસ્તી પહોંચશે. આ ટ્રેન ૧૪ એપ્રિલથી ૩૦ જૂન, સુધી ચાલશે.

### પારો ૩થી ૪ ડિગ્રી

મંગળવારથી ચૈત્રિ દનૈયાઓ શરૂ થઈ ગયા છે. ચોમાસાનો વરતારો પણ ચૈત્રિ દનૈયાના આધારે આપવામાં આવતો હોય છે. દૈનયા જેટલા તપે વરસાદ તેટલો સારો આવે છે. બે દનૈયા બગડ્યા છે દરમિયાન આજથી હવે ચૈત્રિ દનૈયાઓ બરાબર તપશે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટવા માંડી છે આગામી શનિવારથી રાજ્યભરમાં ગરમીનું જોર વધશે ૧૧ એપ્રિલથી ૧૪ એપ્રિલ સુધી મહત્તમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો વધારો થશે રાજ્યના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે.

હવે ઉનાળો અસલી મિજાજ બતાવવા માંડશે એપ્રિલના અંતીમ સપ્તાહ અને મે માં આકાશમાંથી જાણે અગ્નિ વર્ષા થતી હોય તેવી કાળઝાળ ગરમી પડશે હવે છ દનૈયાઓ બરાબર તપે તેવું લાગી રહ્યું છે.

દરમિયાન ગઈકાલથી માવઠાનો પ્રકોપ ઘટ્યો છે. બુધવારે અમદાવાદનું મહત્તમ તાપમાન ૩૫.૮ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૫.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૪.૬ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૩૭.૫ ડિગ્રી, ભૂજનું તાપમાન ૩૫.૬ ડિગ્રી, દાહોદનું તાપમાન ૩૧.૨ ડિગ્રી, દમણનું તાપમાન ૩૩. ૬ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૩.૫ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૪.૩ ડિગ્રી, દિવનું તાપમાન ૩૧.૫ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૦ ડિગ્રી, ગાંધીનગરનું તાપમાન ૩૫.૨ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૩ ડિગ્રી, નલિયાનું તાપમાન ૩૨ ડિગ્રી, ઓખાનું તાપમાન ૩૧.૯ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૫ ડિગ્રી, રાજકોટનું ાપમાન ૩૬.૩ ડિગ્રી, સુરતનું તાપમાન ૩૨.૧ ડિગ્રી અને વેરાવળનું તાપમાન ૩૧.૨ ડિગ્રી રહ્યું હતું.

રાજકોટ બુધરે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. આજે પણ તાપમાનનો પારો ઉંચો રહેશે તેવું અનુમાન છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૧૧થી ૧૪ એપ્રિલ દરમિયાન ગરમીનો આકરો રાઉન્ડ આવશે મહત્તમ તાપમાન ૩થી ૪ ડિગ્રી સુધીનો વધારો થશે.

## દુઃખદ અવસાન

**સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

**રાજકોટ :** સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ તન્ના તે મહેન્દ્રભાઈ જ્યંતીલાલ તન્નાના પત્ની, ઉ.વ ૬૮ નું તા.૦૭-૦૪-૨૦૨૬, મંગળવારના રોજ અવસાન થયેલ છે સદ્‌ગતનું બેસણું તા.૦૯-૦૪-૨૦૨૬, ગુરુવારના રોજ સાંજે ૫થી ૬ અમારા નીવાસ સ્થાન ૪૦૪, કવીન્સ એપાર્ટમેન્ટ, શાંતિનગર-૦૧ નાગેશ્વર મેઈન રોડ, ઘંટેશ્વર જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ. રેખાબેન મહેન્દ્રભાઈ તન્ના, તે સ્વ. મહેન્દ્રભાઈ જયંતિલાલ તન્નાના પત્ની (ઉ.વ.૬૮)નું તા. ૭ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ના રોજ ગુરૂવારે સાંજે ૫થી ૬ નિવાસસ્થાન ૪૦૪, ક્વીન્સ એપાર્ટમેન્ટ, શાંતિનગર-૧, નાગેશ્વર મેઈન રોડ, ઘંટેશ્વર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# કચ્છના ટીમ્બર ઉદ્યોગ પર વૈશ્વિક સંકટની છાયા: ગાંધીધામ ચેમ્બર દ્વારા નાણામંત્રીને રજુઆત

## ટિમ્બર ઉદ્યોગ માટે ૬ મહિના ડ્યુટી માફીની માંગ : વૈશ્વિક અસ્થિરતા અને ડોલરના વધતા ભાવ વચ્ચે એશિયાના ટીમ્બર હબનો વેપાર જોખમમાં

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**

એશિયાના અગ્રણી ટીમ્બર હબ ગણાતા કચ્છના ગાંધીધામ પંથકમાં હાલ વૈશ્વિક રાજકીય તણાવ અને આર્થિક અસ્થિરતાના કારણે લાકડાના ઉદ્યોગ પર ગંભીર સંકટ તોળાઈ રહ્યું છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતી ભૂરાજકીય ખેંચતાણને લીધે આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોમાં અવરોધો ઊભા થયા છે, જેના સીધા પરિણામે દરિયાઈ નૂર , ઈન્સ્યોરન્સ અને ઈંધણના ખર્ચમાં ધરખમ વધારો નોંધાયો છે. આ ઉપરાંત, યુએસ ડોલર સામે ભારતીય રૂપિયાના મૂલ્યમાં થઈ રહેલા ઘટાડાને કારણે આયાત ખર્ચનો ગેપ વધતા નાના અને મધ્યમ વેપારીઓ માટે અસ્તિત્વ ટકાવવું મુશ્કેલ બન્યું છે. દર વર્ષે ૬ મિલિયન સીબીએમથી વધુ લાકડાના વેપાર સાથે સંકળાયેલો આ ઉદ્યોગ રોજગાર, લોજિસ્ટિક્સ અને હાઉસિંગ ક્ષેત્ર માટે કરોડરજ્જુ સમાન હોવાથી હાલની સ્થિતિ સમગ્ર પ્રદેશના આર્થિક માળખા માટે ચિંતાનો વિષય બની છે.

ટીમ્બર ઉદ્યોગને આ કપરી પરિસ્થિતિમાંથી ઉગારવા માટે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનને પત્ર લખી તાત્કાલિક રાહત આપવા રજૂઆત કરવામાં આવી છે. ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડ અને માનદ મંત્રી મહેશ તીર્થાણી સહિતના હોદ્દેદારોએ માંગ કરી છે કે, કસ્ટમ્સ ડ્યૂટી હેઠળ ટીમ્બર પર લાગુ કરાતી વસૂલાતને આગામી છ મહિના માટે શૂન્ય કરી દેવામાં આવે. આ રાહતથી બજારમાં સ્થિરતા આવશે અને સપ્લાય ચેઈન સાથે જોડાયેલા હજારો પરિવારોના રોજગારનું રક્ષણ થશે. આ મુદ્દે વ્યાપક વિચારણા થાય તે હેતુથી ગાંધીધામ ચેમ્બરે પત્રની નકલ સ્થાનિક સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી સહિતના સંબંધિત મંત્રાલયો અને વિભાગોને પણ પાઠવી છે.

### સોરઠના તબીબી ઈતિહાસમાં સૌપ્રથમ સિદ્ધિ

# જૂનાગઢની અક્ષર નેત્રાલય હોસ્પિટલમાં ૯૫ વર્ષના માજીની આંખની કીકીનું કરાયું સફળ પ્રત્યાર્પણ

## ૯૫ વર્ષના માજી માટે ડો. દર્શનાબેન બગથરિયાની સારવાર બની આશિર્વાદ

**અબતક, જીજ્ઞેશ પટેલ માણાવદર**

તબીબી ક્ષેત્રમાં ક્યારેક પડકારજનક ઓપરેશન કરવામાં આવે છે. અનેક કિસ્સાઓમાં જટીલ ઓપરેશનોમાં સફળતા અંગે મેડિકલ સાયન્સ પણ ચોક્કસ હોતુ નથી. તેવી સ્થિતિ વચ્ચે જૂનાગઢમાં વયોવૃધ્ધ મહિલાનું અશક્ય કહી શકાય તેવું કોર્નિયા (કીકી) પ્રત્‌યારોપણનું સફળ ઓપરેશન કરાયુ છે.

જૂનાગઢની અક્ષર નેત્રાલય હોસ્પિટલ, ફળદુ વાડી પાસે ચોબારી ફાટક મો. નં. ૮૨૩૮૫ ૪૪૨૦૦ તથા ૮૨૩૮૮ ૪૪૨૦૦ ખાતે માણાવદરની નાકરાગામના ૯૫ વર્ષિય પાંચીબેન દામજીભાઈ ઠુંમર નામના વૃધ્ધાને જમણી આંખની કીકીમાં રસી થતા તેમણે અક્ષર નેત્રાલય હોસ્પિટલના ડો.દર્શના બગથરીયાનો સંપર્ક કરતા ડો.દર્શનાએ આંખમાં રસીની માત્રા વધારે હોવાથી કોર્નિયા ટ્રાન્‌સપ્લાન્‌ટ (કીકી પ્રત્‌યારોપણ) કરવાની સલાહ આપેલ. દરમિયાનમાં વૃધ્ધાની સહમતી બાદ ડો.દર્શના અને તેમની ટીમે આ પડકારજનક



કહી શકાય તેવું જટીલ ઓપરેશન હાથ પરી જવલંત સફળતા મેળવી હતી. ઓપરેશન સફળ થતા વૃધ્ધા સહિતના તેમના પરીજનો અને સ્વજનોએ હોસ્પિટલના તબીબો સહિત સ્ટાફનો પણ આભાર માન્યો હતો. તબીબી જગત માટે પડકારરૂપ કહી શકાય તેવા આ ઓપરેશનની સફળતા અંગે હોસ્પિટલના ડો.દર્શના બગથરીયાનો તથા તેમની તબીબી ટીમ અને સ્ટાફને બિરદાવ્યા હતાં.

# હિંમતનગરમાં કોંગ્રેસ પ્રમુખ ખડગેની ગુજરાતની પ્રજા અંગે નિવેદનનો ભાજપ દ્વારા કરાયો વિરોધ

## ટાવર ચોકમાં પ્રદર્શન સાંસદ-ધારાસભ્ય સહિતના આગેવાનો વિરોધમાં જોડાયા

**અબતક, સંજય દિક્ષિત ઈડર**




કેરલમાં યોજાઈ રહેલી ચૂંટણી દરમિયાન કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ ખડગેએ એક જાહેરસભામાં રાજકીય નિવેદન કરી કે ગુજરાતની પ્રજાને અભણ કહી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આડકતરા પ્રહારો કર્યા હતા. જેથી ગુજરાત સહિત દેશ ભરમાં ખડગેના નિવેદનની ટીકા થઈ હતી. દરમિયાન સાબરકાંઠા ભાજપ દ્વારા બુધવારે હિંમતનગરના ટાવર ચોક ખાતે યુવા મોરચાની આગેવાની હેઠળ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યુ હતુ. સાંસદ શોભનાબેન બારૈયા, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા, મહામંત્રી પ્રેમલ દેસાઈ, ગણપતસિંહ ઝાલા, જયેશ પટેલ, યુવા મોરચાના ધવલ રાવલ, મહિલા મોરચાના પ્રમુખ કાજલ દોશી, રાહુલ પટેલ, રાજુ પંચાલ સહિત અન્ય કાર્યકરોએ ઉપસ્થિત રહીને વિરોધ કરી કોંગ્રેસ માફી માંગે તે માટે ધરણા કર્યા હતાં.

### સાબરકાંઠાના મુસાફરો આનંદો

# આગ્રા કેન્ટ અસારવા ટ્રેનને હિંમતનગર રેલ્વે સ્ટેશનથી પ્રસ્થાન કરાવાયું

## સપ્તાહમાં પાંચ દિવસ દોડનારી ટ્રેનથી ઉત્તર ભારતની મુસાફરી બની સરળ

**અબતક, સંજય દિક્ષિત ઈડર**



સાબરકાંઠાના મુસાફરો માટે ઉત્તર ભારતની મુસાફરી સરળ બનાવતી આગ્રા કેન્ટ અસારવા ટ્રેનનું ગઈકાલે બુધવારે હિંમતનગર રેલ્વે સ્ટેશનથી પ્રસ્થાન કરાવાયું હતું. ઉત્તર-પશ્ચિમ રેલ્વે દ્વારા સંચાલિત આગ્રા કેન્ટ-અસારવા એક્સપ્રેસ (ટ્રેન નં.૨૦૧૭૮/૨૦૧૭૭)નું બુધવારથી નિયમિત સંચાલન શરૂ થયું છે આ નિર્ણય સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે મહત્વપૂર્ણ છે કારણ કે ઉત્તર ભારત જતા આવતા મુસાફરોને વધુ સુવિધા પૂરી પાડશે આ ટ્રેન સપ્તાહમાં પાંચ દિવસ દોડશે.

ટ્રેન નંબર ૨૦૧૭૮ આગ્રા કેન્ટથી અસારવા માટે દર બુધવાર,ગુરુવાર, શુક્રવાર,શનિવાર અને રવિવારે ઉપડશે જ્યારે ટ્રેન નંબર ૨૦૧૭૭ અસારવાથી આગ્રા કેન્ટ માટે દર ગુરુવાર,શુક્રવાર,શનિવાર,રવિવાર અને સોમવારે દોડશે.

ટ્રેન નંબર ૨૦૧૭૮ આગ્રા કેન્ટથી સાંજે ૧૮:૪૫ વાગ્યે પ્રસ્થાન કરશે તે ગંગાપુર સિટી, સવાઈ માધોપુર, કોટા, બુંદી, ચંદેરિયા, માવલી, ઉદયપુર સિટી, ડુંગરપુર, શામળાજી રોડ અને હિંમતનગર જેવા મહત્વના સ્ટેશનો પર સ્ટોપેજ આપશે આ ટ્રેન બીજા દિવસે સવારે ૧૧ વાગ્યે અસારવા પહોંચશે.પરત ફરતી ટ્રેન નંબર ૨૦૧૭૭ અસારવાથી બપોરે ૧૫:૦૦ વાગ્યે રવાના થશે અને બીજા દિવસે સવારે ૦૭:૧૫ વાગ્યે આગ્રા કેન્ટ પહોંચશે.

જ્યારે હિંમતનગર રેલવે સ્ટેશને આગ્રા કેન્ટ-અસારવા ટ્રેન સવારે ૯:૩૫ વાગ્યે આવશે અને બે મિનિટના રોકાણ બાદ ૯:૩૭ વાગ્યે ઉપડશે તેવી જ રીતે અસારવા- આગ્રા કેન્ટ ટ્રેન સાંજે ૪:૧૮ વાગ્યે આવશે અને બે મિનિટ રોકાઈને ૪:૨૦ વાગ્યે ઉપડશે. આ નવી સુપરફાસ્ટ ટ્રેન સેવા શરૂ થવાથી હિંમતનગર સહિત સમગ્ર સાબરકાંઠા જિલ્લાના મુસાફરો માટે આગ્રા અને રાજસ્થાન તરફની મુસાફરી વધુ સરળ અને ઝડપી બનશે.

# સાવરકુંડલાના ૧૭ વર્ષના ભદ્રાક્ષ રવૈયાએ ગીતાના ૭૦૦ શ્લોક કંઠસ્થ કરી જીત્યો ગીતા ભુષણ એવોર્ડ

## રાજભવનમાં શિક્ષણ મંત્રીના હસ્તે ગોલ્ડ મેડલ મેળવી ભદ્રેશ ગુજરાતનું વધાર્યું ગૌરવ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

સાવરકુંડલાના ૧૭ વર્ષના યુવાન ભદ્રાક્ષ રવૈયાએ ગીતાના ૭૦૦ શ્લોક કંઠસ્થ કરી ગીતા ભુષણ એવોર્ડ જીતી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.મૂળ થોરડી અને હાલ સાવરકુંડલા રહેતા હિતેશભાઈ ભીખુભાઈ રવૈયાના પુત્ર ભદ્રાક્ષ હિતેશભાઈ રવૈયાએ નાની ઉંમરમાં જ અભ્યાસ અને આધ્યાત્મિક ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી સમગ્ર સમાજનું નામ રોશન કર્યું છે. રાજભવન ગાંધીનગરમાં શિક્ષણ મંત્રીના હસ્તે સન્માન પ્રાપ્ત કરી પરિવારનું ગૌરવ વધાર્યું છે.

સાવરકુંડલાના ભદ્રાક્ષ રવૈયા હાલમાં સોલા ભાગવત વિદ્યાપીઠ ખાતે એસ.વાય.બી.એ. અભ્યાસ કરી રહ્યા છે. તાજેતરમાં તા. ૨૮ માર્ચ ૨૦૨૬ના રોજ ગાંધીનગર રાજભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાંઝાના હસ્તે તેમને પ્રતિષ્ઠિત ગીતા ભૂષણ એવોર્ડ તથા રૂપિયા ૫૧,૦૦૦ની પ્રોત્‌સાહક રકમ એનાયત કરવામાં આવી હતી.



તેઓએ તાજેતરમાં ચેન્નાઈના કાંચીપુરમ ખાતે યોજાયેલી ભારતીય શાસ્ત્રો આધારિત રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં શ્રીમદ ભગવદ ગીતા વિષયમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ભદ્રાક્ષે ભગવદ ગીતાના તમામ ૧૮ અધ્યાયના ૭૦૦ શ્લોકો કડકડાટ કંઠસ્થ કરી અનોખી પ્રતિભા દર્શાવી છે.

ઉલ્લેખનીય છે કે, ભદ્રાક્ષની માતા સ્વ. શોભનાબેન હિતેશભાઈ રવૈયાનું લગભગ સાત વર્ષ પહેલાં અવસાન થયું હતું. છતાંય કિશોર વયમાં મક્કમ મનોબળ અને ચારથી પાંચ વર્ષના કઠોર પરિશ્રમ દ્વારા તેમણે આ સિદ્ધિ હાંસલ કરી છે. હજુ માત્ર ૧૭ વર્ષની કિશોરાવસ્થામાં આવી મોટી સફળતા મેળવવી છે. ભદ્રાક્ષ રવૈયાએ ભગવદ ગીતા કંઠસ્થ કરી સમગ્ર ગુજરાત જ નહીં પરંતુ ભારતભરમાં બ્રાહ્મણ સમાજનું નામ ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે.

# ભાયાવદરમાં કોંગ્રેસ પ્રમુખના નિવેદના વિરોધમાં ભાજપનું ઉગ્ર પ્રદર્શન

## મલ્લીકાર્જુન ખડગેના નિવેદનને આઘાત જનક ગણાવાતા આગેવાનો



**અબતક, હાર્દિક રાવલ ભાયાવદર**

કોંગ્રેસના મલ્લીકાર્જુન ખડગે દ્વારા આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના વિરોધમાં ભાયાવદર શહેરમાં સ્થાનિક યુવાનો અને આગેવાનો દ્વારા કાળી પટ્ટી બાંધી જોરદાર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનકારીઓએ હાથમાં પોસ્ટરો સાથે શહેરના મુખ્ય વિસ્તારોમાં વિરોધ ગુજરાતનું અપમાન સહન નહીં થાય જેવા નારા લગાવ્યા હતા. વિરોધમાં જોડાયેલા આગેવાનોએ જણાવ્યું હતું કે ગુજરાત હંમેશા શિક્ષણ, વેપાર અને સંસ્કૃતિમાં આગવું સ્થાન ધરાવે છે, ત્યારે આવા નિવેદનો રાજ્યની પ્રતિષ્ઠાને ઠેસ પહોંચાડે છે.આ વિરોધ કાર્યક્રમમાં યુવાનો, સામાજિક કાર્યકરો અને નાગરિકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. શાંતિપૂર્ણ રીતે યોજાયેલ આ પ્રદર્શન દ્વારા ગુજરાતીઓની એકતા અને સ્વાભિમાનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# સાબરકાંઠા: વડાલીના ધામડીની સીમમાં કુવામાં પ્રદુષિત પાણીના પ્રવાહથી અચરજ

## જીનીંગ ફેકટરીઓ પર ભુગર્ભ જળ દુષિત કરવાનો સ્થાનિકોનો આક્ષેપ: પ્રદુષણ બોર્ડની ટીમ દ્વારા સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયું

**અબતક,સંજય દિક્ષિત સાબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લામાં વડાલી પંથકમાં જીનિંગ ફેક્ટરીઓ પર ભૂગર્ભ જળ દૂષિત કરવાનો સ્થાનિકોના આક્ષેપ લગાવ્યા છે. ધામડી પાટીયા નજીક એક ખેડૂતના કુવામાં કાળા અને દુર્ગંધયુક્ત પાણી મળ્યા બાદ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો હતો ફેક્ટરીઓ દ્વારા કેમિકલયુક્ત પાણી શુદ્ધિકરણ વિના ખુલ્લી જમીનમાં છોડવામાં આવતું હોવાથી પર્યાવરણ અને ભૂગર્ભ જળ દૂષિત થવાનો ખતરો ઊભો થયો છે.

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ધામડી પાટીયા નજીક રહેતા ખેડૂત પટેલ ભીખાભાઈ પ્રભુભાઈના ખેતરમાં આવેલા કુવામાં અચાનક કાળા અને દુર્ગંધયુક્ત પાણીનો પ્રવાહ જોવા મળ્યો હતો સ્થાનિકોનો આક્ષેપ છે કે આસપાસની જીનિંગ ફેકટરીઓમાંથી એસિડ અને કેમિકલ મિશ્રિત દૂષિત પાણી કોઈપણ ટ્રીટમેન્‌ટ પ્લાન્ટ વિના ખુલ્લી જગ્યામાં છોડવામાં આવે છે.

(આ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીએ જણાવ્યું હતું કે કુવામાંથી પાણીના સેમ્પલ લેવામાં આવ્યા છે અને તેને તાત્કાલિક લેબોરેટરીમાં મોકલવામાં પણ આવ્યા છે અને આગામી ૧૦ દિવસમાં રિપોર્ટ પ્રાપ્ત થશે ત્યારબાદ નિયમ મુજબની આગળની કાર્યવાહી કરવામાં આવશે.)

# કાલાવડ શહેર ભાજપના મહામંત્રી મીત ફળદુનો આજે જન્મદિવસ



કાલાવડ તાલુકા ભાજપ ના યુવા અગ્રણી, કાલાવડ શહેર ભાજપ ના પૂર્વ યુવા ભાજપ પ્રમુખ તથા હાલ કાલાવડ શહેર ભાજપના મહામંત્રી અને અગ્રણી ઉદ્યોગપતિ મીતભાઈ ફળદુ આજે પોતાના જીવનના ૨૮ વર્ષ પૂર્ણ કરી ૨૯ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. મીતભાઈ ફળદુનો સ્વભાવ સરળ, મૃદુભાષી અને સેવાભાવી રહ્યો છે. તેઓ સમાજમાં કોઈપણ પ્રકારનું કાર્ય હોય, સમાજસેવા હોય કે જરૂરિયાતમંદોને મદદ કરવાની વાત હોય, ત્યારે હંમેશા તરત હાજર રહી પોતાની જવાબદારી નિભાવતા આવ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે કાલાવડ તાલુકા અને શહેરના ભાજપ અગ્રણીઓ, સામાજિક આગેવાનો, ગામના અગ્રણીઓ, મિત્રો તથા યુવા વર્ગ દ્વારા તેમને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# સિંહોર: કારોબારી ચેરમેન તરીકે જીમીબેન રાણાની વરણી



સિંહોર નગરપાલિકાના કારોબારી ચેરમેન તરીકે જીમીબેન દિપકભાઈ રાણાની વરણી કરવામાં આવી છે. લોકપ્રિય નગરસેવક તરીકેની છાપ ધરાવતા જીમીબેનને વધુ જવાબદારી સોંપાતા તેમના પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# ગાંધીધામમાં વોકંળાનો કચરો નાખનાર ક્રિષ્ના ફાર્માને રૂ.૫૦૦૦નો દંડ

## શહેરમાં જાહેરમાં ગંદકી ના દુષણ સામે મનપા આકરાપાણીએ થતાં ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી ગાંધીધામ**



ગાંધીધામમાં જાહેરમાં ગંદકી ફેલાવનારા સામે મનપાએ લાલ આંખ કરતા સ્વચ્છતા પ્રત્યે બેદરકારી દાખવનારાઓમાં ફફડાટ ફેલાયો છે. ગાંધીધામના બેન્કિંગ સર્કલ નજીક આવેલા વરસાદી નાળામાં ક્રિષ્ના ફાર્મા દ્વારા જાહેરમાં કચરો નાખવામાં આવતા મનપા દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જાહેર સ્થળે ગંદકી ફેલાવવાના ગુનામાં ક્રિષ્ના ફાર્માને રૂપિયા ૫૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તંત્ર દ્વારા સ્વચ્છતા જાળવવા કડક પગલાં લેવામાં આવી રહ્યા છે સતત ચેકીંગ હાથ ધરી આ ઝુંબેશ જારી રાખવાના નિર્દેશ આપ્યા છે.

### પીજીવીસીએલનો સપાટો

# કોટડા સાંગાણીમાં ૧૪.૫૮ લાખની બાકી વસુલાત માટે ૮૦ વીજ કનેકશન કાપી નખાયા

**અબતક, સલીમ પતાણી કોટડાસાંગાણી**

કોટડાસાંગાણી તાલુકામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા બાકી લેણાંની વસૂલાત માટે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. વારંવારની સૂચના બાદ પણ વીજ બિલ ન ભરતા ગ્રાહકો સામે તંત્રએ આકરી કાર્યવાહી કરતા સમગ્ર પંથકમાં ફફડાટ ફેલાયો છે.બાકી રકમ: રૂ.૧૪.૫૮ લાખના ૮૦ વીજ જોડાણો કટ કરવામાં આવ્યા છે. કોટડાસાંગાણી પીજીવીસીએલ પેટા વિભાગ દ્વારા છેલ્લા ઘણા સમયથી બાકી વીજ બિલની વસૂલાત માટે કવાયત હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જે ગ્રાહકોના બિલ લાંબા સમયથી ચૂકવવાના બાકી હતા, તેમને અગાઉ નોટિસ દ્વારા જાણ કરવામાં આવી હતી. તેમ છતાં રકમ જમા ન થતા, આજે પીજીવીસીએલની ટીમો દ્વારા તાલુકામાં સર્ચ ઓપરેશન હાથ ધરી કુલ ૮૦ જેટલા વીજ કનેકશન સ્થળ પર જ કાપી નાખવામાં આવ્યા હતા.

તંત્ર દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ તમામ ગ્રાહકો મળીને કુલ રૂ.૧૪.૫૮ લાખની રકમ બાકી બોલતી હતી. વીજ કંપનીની આ આકરી કાર્યવાહીને



પગલે અન્ય બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

‘‘વીજ ગ્રાહકોએ કોઈપણ પ્રકારની અગવડતાથી બચવા અને વીજ પુરવઠો ચાલુ રાખવા માટે પોતાનું બાકી બિલ વહેલી તકે ભરી દેવા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢમાં સ્થાનિક સ્વરાજ ચૂંટણી માટે ફોર્મ ભરવાની કામગીરી તેજ

## તાલુકા પંચાયત માટે કુલ ૩૦૦ ફોર્મ અને જિલ્લા પંચાયત માટે ૫૯ ફોર્મ ઉપડયા

**અબતક, દર્શન જોશી જુનાગઢ**

જુનાગઢ જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે, તેમ તેમ ચૂંટણી લડવા માટે જરૂરી ઉમેદવારી ફોર્મ મોટા પ્રમાણમાં ઉમેદવારો અને તેમના ટેકેદારો દ્વારા મેળવાય રહ્યા છે. તે સાથે ચૂંટણીના ઉમેદવારી ફોર્મ ભરવાના ગઈકાલે ત્રીજા દિવસે જુનાગઢ જિલ્લા પંચાયત માટે બે ઉમેદવારો એ ફોર્મ ભરી પોતાની ઉમેદવારી નોંધાવી છે. જ્યારે જુનાગઢ તાલુકા પંચાયતની ચૂંટણી માટે સાત ઉમેદવારોએ આજે ઉમેદવારો ફોર્મ ભરી દીધા છે.

જૂનાગઢ ચૂંટણી તંત્ર દ્વારા જાણવા મળતી માહિતી મુજબ ગઈકાલે તા.૦૮/૦૪/૨૦૨૬ ના રોજ જુનાગઢ જિલ્લા પંચાયત ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટેના કુલ ૫૯ ફોર્મ તથા જીલ્લાની ૯ તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટે કુલ ૩૦૦ ફોર્મ તથા નગર પાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવવા માટેના કુલ ૪૩ ફોર્મ ચૂંટણી અધિકારીઓની કક્ષાએથી વિતરણ કરવામાં આવ્યા છે આ સાથે જિલ્લા પંચાયતની ઉમેદવારી માટે આજે ૨ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી છે, આમ ગઈકાલથી જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવાના શ્રી ગણેશ થયા છે, તો જુનાગઢ તાલુકા પંચાયતની ચુંટણીમાં કુલ ૭ ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ રજુ કર્યા છે ત્યારે જીલ્લાની ૯ તાલુકા પંચાયતોની ચૂંટણીમાં અત્યાર સુધી કુલ ૯ ઉમેદવારી ફોર્મ રજુ થયાં છે.



# ગુજરાત ટાઈટન્સની પ્રથમ જીત: દિલધડક મેચમાં દિલ્હીને એક રનથી હરાવ્યું



## બટલર, ગિલ અને સુંદરની અડધી સદી, ગુજરાતના ૨૧૦, દિલ્હીના ૨૦૯, રાહુલના ૯૨, મિલરનો ઝંઝાવાત એળે: રાશીદની ત્રણ વિકેટ

**અબતક, રાજકોટ**

અંતિમ ઓવર્સમાં ડેવિડ મિલર અને વિપરાજ નિગમની આક્રમક બેટિંગ અને તે અગાઉ લોકેશ રાહુલના શાનદાર ૯૨ રનની મદદથી દિલ્હી કેપિટલ્સે બુધવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ મેચમાં ગુજરાત ટાઈટન્સ સામે જોરદાર લડત આપી હતી પરંતુ છેલ્લા બોલે કુલદીપ યાદવ રનઆઉટ થતાં ગુજરાતની ટીમનો એક રનથી અત્યંત રોમાંચક વિજય થયો હતો.સાથે દિલ્હીની ટીમ સિઝનમાં પહેલી વાર હારી હતી તો બીજી તરફ શુભમન ગિલની ગુજરાત ટાઈટન્સની ટીમે પહેલી વાર વિજય હાંસલ કર્યો હતો. જોકે મેચ રોમાંચક રહી હતી જેમાં છેલ્લી બે ઓવરમાં મિલર અને નિગમે ગુજરાતના હાથમાંથી વિજય આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ છેલ્લા બોલે બાજી પલટાઈ ગઈ હતી. અહીંના કોટલા ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઈટન્સે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૨૧૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં છેલ્લી ઓવર સુધી લડત આપ્યા બાદ દિલ્હી કેપિટલ્સે તેની ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૨૦૯ રન કર્યા હતા. આમ બંને ટીમ વચ્ચે એક રનનો તફાવત રહી ગયો હતો.૨૧૧ રનના ટારગેટ સામે રમતાં દિલ્હી માટે લોકેશ રાહુલે અડીખમ બેટિંગ કરીને બાવન બોલમાં ૯૨ રન ફટકાર્યા હતા જેમાં ચાર સિક્સર અને દસ ચોગ્ગાનો સમાવેશ થતો હતો. ઈનિંગ્સ દરમિયાન ઘાયલ થતાં થોડી વાર માટે બહાર ગયેલો ડેવિડ મિલરે પરત આવીને આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે છેલ્લી બે ઓવરમાં ધમાકેદાર બેટિંગ કરી હતી જેમાં મોહમ્મદ સિરાઝની ૧૯મી ઓવરમાં તેણે મેચ પોતાની ટીમ તરફ કરી દીધી હતી. મિલરે ૨૦ બોલમાં ત્રણ સિક્સર અને ત્રણ ચોગ્ગા સાથે અણનમ ૪૧ રન ફટકાર્યા હતા. અગાઉ જોઝ બટલર, કેપ્ટન શુભમન ગિલ અને વોશિંગ્ટન સુંદરની ત્રિપુટીએ દિલ્હીની બોલિંગના સામાન્ય બનાવી દેતી ઈનિંગ્સ રમીને ગુજરાતને ૨૧૦ રનના સ્કોર સુધી પહોંચવામાં મદદ કરી હતી. જોઝ બટલરના આક્રમક અંદાજ અને કેપ્ટન શુભમન ગિલની શાનદાર અડધી સદી બાદ વોશિંગ્ટન સુંદરે પણ તેની આઈપીએલ કારકિર્દીની પહેલી અડધી સદી ફટકારી હતી.બટલરે સિક્સરની રમઝટ બોલાવી હતી તો ગિલે ઈનિંગ્સના બીજા હાફમાં ગિયર બદલીને આક્રમક વલણ અપનાવીને હરીફ ટીમના બોલર્સને પરેશાન કર્યા હતા. તાજેતરના ટી૨૦ વર્લ્ડ કપમાં ફ્લોપ રહ્યા બાદ બટલરે ૨૭ બોલમાં બાવન રન ફટકાર્યા હતા અને તે બુધવારે લયમાં જોવા મળ્યો હતો. તેણે કોટલા મેદાન પર પાંચ ગગનચુંબી સિક્સર ફટકારી હતી. ખાસ કરીને મીડિયમ પેસર મુકેશ કુમારની ઓવરમાં બટલરે આક્રમકતા દાખવી હતી અને ઈનિંગ્સની પાંચમી ઓવરમાં તેણે મુકેશને નિશાન બનાવી ત્રણ સિક્સર સાથે ૨૩ રન ઝૂડી કાઢ્યા હતા.

### જોસ બટલરે ટી૨૦ ક્રિકેટમાં પોતાનો ૬૦૦મી સિક્સર પૂરી કરી

જ્યારે જોસ બટલર દિલ્હી કેપિટલ્સ સામે બેટિંગ કરવા ઉતર્યો ત્યારે તેને ટી૨૦ ક્રિકેટમાં કુલ ૫૯૫ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો હતો. ઈનિંગની પોતાની પહેલી સિક્સ સાથે તેને એલેક્સ હેલ્સને પાછળ છોડીને ટી૨૦ ફોર્મેટમાં ઈંગ્લેન્ડનો સૌથી વધુ છગ્ગા મારનાર બેટ્સમેન બન્યો. ત્યારબાદ તેને પોતાની ઈનિંગમાં વધુ ૪ સિક્સ ઉમેરીને ૬૦૦ છગ્ગા ફટકાર્યા.

# અમદાવાદથી એકતાનગર સુધી કોમનવેલ્થ ટીમની સાઈટ વિઝીટ: ૨૦૩૦ની ગેમ્સ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ

## ગ્લાસગો ૨૦૨૬ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યું ખાસ નિમંત્રણ; ગુજરાત ડેલિગેશન જશે સ્કોટલેન્ડ

**અબતક રાજકોટ**

વર્ષ ૨૦૩૦માં યોજાનારી ઐતિહાસિક શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સના ભવ્ય આયોજન માટે ગુજરાત અત્યારથી જ સજ્જ બન્યું છે. આ મેગા સ્પોર્ટ્સ ઈવેન્ટની પૂર્વતૈયારીઓના નિરીક્ષણ અને અભ્યાસ માટે કોમનવેલ્થ સ્પોર્ટ ટિમ પ્રથમવાર ગુજરાતની સત્તાવાર મુલાકાતે આવી પહોંચી છે. કોમનવેલ્થ સ્પોર્ટના પ્રેસિડેન્ટ યુત ડોનાલ્ડ રૂકરેની અધ્યક્ષતામાં પાંચ સભ્યોના ડેલિગેશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરમાં શુભેચ્છા મુલાકાત કરી પોતાના ચાર દિવસીય પ્રવાસનો પ્રારંભ કર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા 'ટાઈમ બાઉન્ડ, ક્વોલિટેટીવ અને ઈફેક્ટિવ પ્લાનિંગ'ના મંત્રને સાકાર કરીને ગુજરાત આ ગેમ્સને ભવ્યતાપૂર્વક યોજવા માટે



પ્રતિબદ્ધ છે. તેમણે ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સ માટે જરૂરી તમામ અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓ ઝડપથી પૂરી પાડશે. આ મુલાકાત દરમિયાન કોમનવેલ્થ સ્પોર્ટ ટિમના પ્રેસિડેન્ટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને જુલાઈ-૨૦૨૬માં ગ્લાસગો ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ નિહાળવા માટે ખાસ નિમંત્રણ પાઠવ્યું હતું, જેનો મુખ્યમંત્રીએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

૮ થી ૧૧ એપ્રિલ દરમિયાન આ પ્રતિનિધિ મંડળ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, વીર સાવરકર કોમ્પ્લેક્સ અને એકા એરેના સહિત વડોદરા અને એકતાનગર (સ્ટેચ્યુ ઓફ યુનિટી) ખાતેની સ્પોર્ટ્સ ફેસિલિટીઝની સાઈટ વિઝીટ કરશે. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ રૂકરેએ વડાપ્રધાનના વિઝનરી લિડરશીપની પ્રશંસા કરતા આશા વ્યક્ત કરી હતી કે ૨૦૩૦ની ગેમ્સ ગુજરાતની સાંસ્કૃતિક વિવિધતા અને રમતગમતના ઉત્સાહનો અદભૂત સમન્વય બની રહેશે. આ મહત્વપૂર્ણ બેઠકમાં મુખ્યમંત્રીના અગ્ર સચિવો અને સ્પોર્ટ્સ ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના યજમાન પદ માટે કટિબદ્ધતા: અમદાવાદ, વડોદરા અને એકતાનગરના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું થશે નિરીક્ષણ

### ઝાકમઝોળમાં ઝાંખપ ન લાગે માટે દુબઈ સરકાર એક્શન મોડમાં

# પ્રવાસીઓનો પ્રવાહ અને રોકાણકારોનું આકર્ષણ જાળવી રાખવા દુબઈ સરકાર સજ્જ

## અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પ્રવાસન ક્ષેત્રને સુરક્ષિત કરવા માટે ૨૭૨ મિલિયન ડોલરના વિશેષ પેકેજની જાહેરાત

**અબતક દુબઈ**

વૈશ્વિક મધ્ય-પૂર્વમાં વધી રહેલા ભૌગોલિક તણાવ અને ઈરાન યુદ્ધના સંભવિત ખતરા સામે સંયુક્ત આરબ અમીરાતએ પોતાની આર્થિક સુરક્ષા માટે મજબૂત કિલ્લેબંધી શરૂ કરી દીધી છે. દુબઈની જગવિખ્યાત ઝાકમઝોળ અને આર્થિક ગતિશીલતા પર યુદ્ધના વાદળોની કોઈ નકારાત્મક અસર ન પડે તે માટે સરકાર 'એક્શન મોડ'માં આવી ગઈ છે. રોકાણકારોનો વિશ્વાસ અકબંધ રાખવા અને પ્રવાસન ક્ષેત્રને ધબકતું રાખવા માટે એક વ્યાપક 'ઈકોનોમિક શીલ્ડ' પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે.



દુબઈ અને અબુ ધાબીની સરકારોએ સંયુકત રીતે એક ઈમરજન્સી આર્થિક બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય યુદ્ધની સ્થિતિમાં પણ અર્થતંત્રમાં નાણાકીય તરલતા જાળવી રાખવાનો છે. બેંકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ ટૂંકા ગાળાની આર્થિક તંગી અનુભવતા વ્યાપારીઓને પૂરતો ટેકો આપે, જેથી બજારમાં મૂડીનો પ્રવાહ અટકે નહીં.

દુબઈની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન પ્રવાસન ક્ષેત્રને સુરક્ષિત કરવા માટે ૨૭૨ મિલિયન ડોલર(અંદાજે ₹૨૨૦૦ કરોડથી વધુ) ના વિશેષ પેકેજની જાહેરાત કરવામાં આવી છે. પ્રવાસન મંત્રી અબ્દુલ્લા બિન તૌક અલ મરીએ જણાવ્યું છે કે ઉડ્ડયન અને હોટલ ઉદ્યોગને કોઈપણ પ્રતિકૂળ સ્થિતિમાં સરકાર સંપૂર્ણ સહયોગ આપશે.

રોકાણકારોને આકર્ષવા અને સ્થાનિક વેપારીઓને બચાવવા માટે 'દુબઈ સાઉથ પ્રોપર્ટીઝ' અને 'દુબઈ હોલ્ડિંગ' જેવી સરકારી સંસ્થાઓએ વ્યાપારી ભાડામાં રાહત, પેમેન્ટમાં સુગમતા અને વહીવટી દંડમાં માફી આપવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ પગલાથી નાના ઉદ્યોગો પર પડતો આર્થિક બોજ ઓછો થશે.

અબુ ધાબી સરકાર દ્વારા ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોને આકર્ષવા માટે આશરે ૧,૦૦,૦૦૦ નવા આવાસો બનાવવાની મહત્વકાંક્ષી યોજના છે. આ પ્રોજેક્ટ દ્વારા માત્ર રોજગારી જ નહીં, પરંતુ વિદેશી પ્રતિભાઓને યુએઈમાં સ્થાયી થવા માટે પ્રોત્સાહન પણ મળશે.

### ડબલ જંત્રીથી સરકારની તિજોરી છલકાઈ

# સ્ટેમ્પ ડ્યુટીની આવક 30 ટકાના ઉછાળા સાથે ૧૯ હજાર કરોડને પાર

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી શુલ્કની આવકમાં દર-વર્ષના આધારે 30 ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. આ આવક રૂ. ૧૯,૧૦૨.૫૮ કરોડ સુધી પહોંચી છે, જે રાજ્યની અર્થવ્યવસ્થા અને રિયલ એસ્ટેટ સેક્ટરમાં થઈ રહેલી તેજીનો સ્પષ્ટ સંકેત આપે છે.



આ વૃદ્ધિ મુખ્યત્વે મિલકતોની ખરીદ-વેચાણમાં વધારો, જંત્રી રેટ્સમાં વધારો અને રાજ્યમાં ચાલી રહેલા વિકાસ કાર્યોને કારણે થઈ છે. રિયલ એસ્ટેટ સેક્ટરમાં વધતી માંગ, નવા પ્રોજેક્ટ્સ અને શહેરીકરણના વિસ્તારને કારણે સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણીના દસ્તાવેજોમાં વધારો થયો છે.રાજ્ય સરકારે છેલ્લા વર્ષોમાં વિવિધ છૂટ અને સરળતા આપી છે, જેમ કે વારસાઈ જમીન વ્યવહારોમાં માત્ર રૂ. 300ની ટોકન ડ્યુટી, લોન પર મર્યાદિત સ્ટેમ્પ ડ્યુટી વગેરે. આવા પગલાંઓએ પણ દસ્તાવેજોની સંખ્યા વધારવામાં મદદ કરી છે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવા મોટા શહેરોમાં રહેણાંક અને વ્યાપારી મિલકતોની માંગ વધી છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, ઔદ્યોગિક વિસ્તારો અને સ્માર્ટ સિટી કાર્યોને કારણે મિલકત વ્યવહારો વધ્યા છે. આ વર્ષે બજેટમાં આ આવક રૂ. ૧૯,૮૦૦ કરોડના અંદાજ કરતાં પણ સારી રીતે પહોંચી ગઈ છે, જે રાજ્યના ખજાનામાં મજબૂતી લાવશે.

# આઈપીએસ મનોજ નિનામાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી: સક્રિય રાજકારણમાં ઝંપલાવવાની અટકળો

## આદિવાસી સમાજના શૈક્ષણિક વિકાસ, રોજગારી અને વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે માર્ગદર્શન નો ભેખ લેવા નો મનોજ નિનામાએ નિર્દેશ આપ્યો

**અબ તક રાજકોટ**

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી મનોજ નીનામાએ વય નિવૃત્તિની તારીખ પહેલા ત્રણ મહિના પહેલા સ્વૈચ્છિક નિવૃત્તિ જાહેર કરી છે ૫૯વર્ષના નિનામા 30જુને નિવૃત થવાના હતા તેમણે રાજ્ય સરકારને રાજીનામું મોકલી આપ્યું હતું જોકે હજુ તેમણે ચૂંટણી અને જાહેર જીવનમાં આવું કે કેમ? તે અંગે કોઈ નિર્ણય લીધો ન હોવાનું જણાવ્યું હતું પરંતુ તેમણે સમાજ સેવામાં સક્રિય થવાની દિશામાં વિચારધિન હોવાનું સંકેત આપ્યો હતો

અરવલ્લી જિલ્લા ના વતની અને આદિવાસી સમુદાયના મનોજ નીનામા એ જણાવ્યું હતુ કે જો તેમને યોગ્ય પ્લેટફોર્મ મળશે તો તે શિક્ષણ રોજગારી અને આદિવાસી વિસ્તારના વિકાસ માટે કામ કરવા તત્પર છે જો મને અનુકૂળ આવશે તો હું સેવા સમાજ સેવાકરીશ.તેમણે જણાવ્યું હતું કે તેમના સમાજના અન્ય અધિકારીઓ સાથે ચર્ચામાં એક વાત ધ્યાન આવી છે પોતાના સમુદાય ના વિકાસ માટે હજુ ઘણું કરવાનું બાકી છે 30 થી3૫ વર્ષની સેવા દરમિયાન તેમણે પોતાના સમુદાયના યુવાનો નો સીમિત વિકાસ જોઈએ છે.



નીનામા હવે નિવૃત્તિ કાળ દરમિયાન તાલુકા કક્ષાએ પોતાના સમુદાયના યુવાનો માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ જીપીએસસી યુપીએસસી અને પોલીસ વિભાગની ભરતી માટે યુવાનોને તાલીમ આપવાનું વિચારી રહ્યા છે તે પોતાની સંસ્થામાં આદિવાસી વિસ્તાર ના યુવાનોને માર્ગદર્શન આપશે

સમાજને કારકિર્દી લક્ષી માર્ગદર્શન અને વિદ્યાર્થીઓને સરકારી નોકરીઓ માટે માર્ગદર્શન આપવાની જરૂર છે તેમને જણાવ્યું હતું કે જો રાજકીય ક્ષેત્રે તેમને સારી અને સમાજ સેવા માટે અનુકૂળ હોય તેવી ઓફર આવશે તો તે સમાજ માટે રાજકારણમાં પણ જવા તૈયાર છે. નીનામાં ને આઈપીએસ તરીકે પ્રમોટ કરવામાં આવ્યા હતા. તેમણે રાજીનામું આપવાનો નિર્ણય રાજ્યમાં જ્યારે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી ને એક અઠવાડિયાની વાર છે ત્યારે નિવૃત્તિજાહેર કર્યો છે ત્યારે તે રાજકીય પક્ષમાં જોડાશે તેવી અટકલો વહેતી થઈ છે અગાઉ પણ પીસી વૃંદા સરકારી અધિકારી માંથી રાજકારણમાં આવ્યા હતા અને તે રાજ્ય સરકારમાં કેબિનેટ કક્ષાએ સેવા આપવામાં સફળ રહ્યા હતા, મનોજ નીનામા એ રાજીનામું આપી હવે સક્રિય રાજકારણમાં ઝંપલાવશે કે કેમ તેની ચર્ચા જાગી છે

એક ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે લાંબો અનુભવ ધરાવતા નિનામા હવે 'ખાખી' છોડીને 'ખાદી' ધારણ કરવા તરફ ડગ માંડી રહ્યા છે.

અરવલ્લી વિસ્તારમાં તેમનો પ્રભાવ જોતા, રાજકારણમાં તેમનો પ્રવેશ આગામી ચૂંટણીના સમીકરણોમાં મોટો ફેરફાર લાવી શકે છે.

# ભાજપ સાંજથી ઉમેદવારોના નામ જાહેર કરવાનું શરૂ કરશે

## પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં કાલે અમદાવાદ મહાપાલિકાના ઉમેદવારો નકકી થશે: નાની નગરપાલિકામાં ડાયરેકટ મેન્ડેડ અપાશે

**અબતક,રાજકોટ**

સ્થાનીક સ્વરાજયની ચૂંટણી માટે સતાધારી પાર્ટી ભાજપ દ્વારા આજે મોડી સાંજથી ઉમેદવારોના નામ જાહેર કરવાનું શરૂ કરી દેવામાં આવશે. આજે પાર્લામેન્ટરી બોર્ડના ત્રીજા દિવસે મોટાભાગના મહાનગરો અને જિલ્લામાં ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવશે. અમદાવાદ મહાપાલિકા માટે કાલે બોર્ડમાં નિર્ણય લેવાશે આજે સાંજે જામનગર મહાપાલિકાનો ટર્ન પુરો થયા બાદ તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે બીજી તરફ એ અને બી વર્ગની નગરપાલિકાઓ માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે. નહી ફોર્મ ભરવા માટે સિધી સુચના આપી દેવામાં આવશે અને મેન્ડેડ આપવામાં આવશે.

### બપોર બાદ કોંગ્રેસની પણ બીજી યાદી ડિકલેર થઈ જશે

કોંગ્રેસ દ્વારા ઉમેદવારોના નામની પ્રથમ યાદી જાહેર કરાયા બાદ હાલ વેઈટ એન્ડ વોચની સ્થિતિ અપનાવી લેવામાં આવી છે. આજે બપોર બાદ કોંગ્રેસ દ્વારા કોઈપણ ઘડીએ ઉમેદવારોના નામની બીજી યાદી જાહેર કરવામાં આવશે. અનેક બેઠકો માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવારોને ટેલીફોનીક સુચના આપી દેવામાં આવી છે.જયાં પ્રચાર પણ શરૂ થઈ ગયા છે. જયાં વિવાદ વકરવાની સંભાવન છે. ત્યાં ઉમેદવારોના નામ જાહેર કર્યા વિના જ ડાયરેકટ મેન્ડેડ અપાશે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાનો અંતિમ દિવસ શનિવાર નિર્ધારિત કરવામાં આવ્યો છે. આજે મોડી સાંજથી ભાજપ દ્વારા એક પછી એક મહાનગરપાલીકા, જિલ્લા પંચાયત, નગરપાલીકા અને તાલુકા પંચાયત માટે તબકકાવાર ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવશે મોડી રાત સુધીમાં જે સ્થાનિક સ્વરાજયની સંસ્થા માટે ઉમેદવારોના નામો ફાઈનલ થઈ ગયા છે તે જાહેર થઈ જશે બાકીના નામો આવતીકાલે સવારે જાહેર કરવામાં આવશે આજે સાંજ સુધીમાં અમદાવાદને બાદ કરતા તમામ મહાપાલિકા અને જિલ્લાને સાંભળી લેવામાં આવશે અને મોટાભાગે ઉમેદવારો પણ ફાઈનલ થઈ જશે.દરમિયાન આવતીકાલે અમદાવાદના ઉમેદવારો ફાઈનલ કરવાની પ્રક્રિયા હાથ પર લેવામાં આવશે. જે નામો આજે જાહેર કરી દેવામાં આવશે. ત્યાં ભાજપના ઉમેદવારો આવતીકાલે શુક્રવારે શુભ વિજય મૂહૂર્ત ઉમેદવારી ફોર્મ ભરશે. અમદાવાદ મનપાના ઉમેદવારો છેલ્લા દિવસે અર્થાત શનિવારે ફોર્મ ભરશે.

### જયાં ઉમેદવારોના નામ જાહેર થઈ જશે ત્યાં આવતીકાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે

# પાર્લામેન્ટરી બોર્ડ બેઠકમાં સાંજે જામનગરનો વારો: ઉમેદવારો મોડી રાતે જાહેર થશે

## ૩૧ વર્ષના શાસન બાદ ભાજપનો 'નો-રિપીટ'નો માસ્ટરપ્લાન

## ૬૦થી વધુની વયના અને બે ટર્મ લડેલા ૧૫થી વધુ દિગ્ગજોના પત્તાં કપાવવાના એંધાણ

### યુવાઓને મળશે પ્રાધાન્ય

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ આ વખતે જામનગરમાં સત્તા જાળવી રાખવા માટે અત્યંત કડક વલણ અપનાવી રહ્યું છે. ૩૧ વર્ષના લાંબા શાસન બાદ ઊભી થયેલી એન્ટી-ઈન્કમબન્સીને ખાળવા માટે પક્ષ 'નો-રિપીટ' થીયરીનો અમલ કરશે. જેમાં ૬૦ વર્ષથી ઉપરની વયના અંદાજે ૬ જેટલા દાવેદારો અને સતત બે કે તેથી વધુ ટર્મથી કોર્પોરેટર પદે રહેલા ૧૫ જેટલા સભ્યોના પત્તાં કપાઈ શકે છે. પક્ષ આ વખતે ૨૫થી ૫૦ વર્ષની વયના યુવા અને શિક્ષિત ચહેરાઓ પર દાવ લગાવી શકે છે.



### વોર્ડ નં. ૧૨માં ગાબડું પાડવા ભાજપની ખાસ વ્યૂહરચના

ગત ચૂંટણીમાં ભાજપ જે વોર્ડમાં હાર્યું હતું, ત્યાં આ વખતે વિશેષ ફોકસ રાખવામાં આવ્યું છે. ખાસ કરીને વોર્ડ નં. ૧૨ માં કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક વિખવાદ અને તેમના ઉમેદવારો જેલમાં હોવાથી ભાજપ અહીં મજબૂત આયોજન દ્વારા વર્ચસ્વ જમાવવા માંગે છે. આ ઉપરાંત, વોર્ડ નં. ૪, ૧૩ અને ૧૫માં પણ ગત વખતે જે પેનલોમાં ભંગાણ પડ્યું હતું, તે અટકાવવા માટે મજબૂત નામો પસંદ કરવામાં આવ્યા છે.

**અબતક,જામનગર**

જામનગર મહાનગર પાલિકાની આગામી ચૂંટણી માટે રાજકીય માહોલ ગરમાયો છે. આજે ૮ એપ્રિલના રોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીના નિવાસસ્થાને પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની અત્યંત મહત્વની બેઠક મળી હતી. આ બેઠકમાં જામનગરના ૧૬ વોર્ડની કુલ ૬૪ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે. જામનગરની આ બેઠકો માટે ૧૫૭૫ જેટલા દાવેદારોએ પોતાની દાવેદારી નોંધાવી હતી, જેમાંથી યોગ્ય અને લડાયક ઉમેદવારો પસંદ કરવા પ્રભારી ધનસુખ ભંડેરી, શહેર પ્રમુખ બીના કોઠારી, સાંસદ પૂનમ માડમ, ધારાસભ્ય રિવાબા જાડેજા અને દિવ્યેશ અકબરી સહિતના નેતાઓની ઉપસ્થિતિમાં કવાયત તેજ કરાઈ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપ આ વખતે જામનગરમાં સત્તા જાળવી રાખવા માટે કડક વલણ અપનાવી રહ્યું છે. છેલ્લા ૩૧ વર્ષથી (વર્ષ ૧૯૯૫ થી) મહાનગરપાલિકામાં ભાજપનું એકધારું શાસન છે, પરંતુ અન્ય શહેરોની સરખામણીએ જામનગર પછાત રહ્યું હોવાની છાપ ભૂંસવા અને એન્ટી-ઈન્કમબન્સીને ખાળવા પક્ષ 'નો-રિપીટ' થીયરીનો અમલ કરી શકે છે. જેમાં ૬૦ વર્ષથી ઉપરની વયના દાવેદારો અને સતત બે ટર્મથી ચૂંટાતા અંદાજે ૧૫ જેટલા સભ્યોના નામો કપાય તેવી પૂરી શક્યતા છે. પક્ષ આ વખતે ૨૫ થી ૫૦ વર્ષની વયના યુવા ઉમેદવારોને પ્રાધાન્ય આપવાની રણનીતિ ઘડી રહ્યો છે.

### યુવા શક્તિ પર ભરોસો: ૨૫થી ૫૦ વર્ષની વયના નવા ચહેરાઓને મેદાનમાં ઉતારવાની પક્ષની રણનીતિ

વોર્ડવાર સ્થિતિ જોઈએ તો, ભાજપ માટે વોર્ડ નં. ૨, ૩, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૪ હોટફેવરિટ છે, જ્યાં ગત વખતે ભાજપની આખી પેનલો જીતી હતી. જોકે, વોર્ડ નં. ૧ અને ૧૨ માં ભાજપની પેનલો હારી હતી. આ વખતે વોર્ડ નં. ૧૨ માં કોંગ્રેસમાં ચાલી રહેલા આંતરિક ડખ્ખા અને તેમના બે ઉમેદવારો હાલ ગુજસીટોક હેઠળ જેલમાં હોવાથી ભાજપ ત્યાં ગાબડું પાડવા આયોજન કરી રહ્યું છે. બીજી તરફ, આમ આદમી પાર્ટીએ પણ ૩૨ થી વધુ નામો જાહેર કરી દેતા જંગ ત્રિપાંખિયો બન્યો છે. ૧૧ એપ્રિલના રોજ ફોર્મ ભરવાની અંતિમ તારીખ હોવાથી ભાજપની પ્રથમ યાદી આજે મોડી રાત્રે અથવા આવતીકાલ સુધીમાં જાહેર થઈ શકે છેકોંગ્રેસે ૧૮ ઉમેદવારો અને આમ આદમી પાર્ટીએ ૩૨થી વધુ નામો જાહેર કરી દીધા છે, ત્યારે ભાજપની આ 'સરપ્રાઈઝ' યાદી જામનગરનું રાજકીય ચિત્ર સ્પષ્ટ કરશે. ૧૧ એપ્રિલ ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હોવાથી આગામી ૨૪ કલાક જામનગરના રાજકારણ માટે ખૂબ જ નિર્ણાયક બની રહેશે.

### વોર્ડ નં. ૧૨માં કોંગ્રેસના આંતરિક ડખ્ખાનો લાભ લેવા ભાજપની કવાયત; જેલમાં રહેલા ઉમેદવારોને કારણે સમીકરણો બદલાશે

## સિનિયરોમાં ફફડાટ: હસમુખ જેઠવા, બીનાબેન કોઠારી અને ડિમ્પલબેન રાવલ જેવા દિગ્ગજોના નામો પર જોખમ

---

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી પૂર્વે

# જામનગર નજીક ટ્રકમાંથી રૂ.૧.૪૦ કરોડના વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપાયો

## રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની એન્ટ્રીને પગલે એલ.સી.બી. હરકતમાં રૂ.૧.૫૯ કરોડનો મુદામાલ કબ્જે

## આદિત્યાણાના રાજુ ઉર્ફે દેવો રબારીની ધરપકડ: રાણાવાવના કરશન કોડીયાતર અને ભાણવડના દુદા કોડીયાતરે શરાબ મંગાવ્યાનું ખુલ્યું

**અબતક,જામનગર**

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે એક મસમોટું ઓપરેશન પાર પાડીને આંતરરાજ્ય દારૂના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. જામનગર-રાજકોટ હાઈવે પર જાંબુડા ગામના પાટિયા પાસે ફિલ્મી ઢબે વોચ ગોઠવીને પોલીસે એક બંધ બોડીના ટ્રકમાંથી કરોડોની કિંમતનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે અંદાજે ૧.૫૯ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી રાજ્યમાં દારૂ સપ્લાય કરવાના મોટા રેકેટને નિષ્ફળ બનાવ્યું છે.





જામનગરના પંચકોષી એ-ડિવિઝન પોલીસ મથકની હદમાં આવતા હાઈવે પર ગત મોડી રાત્રે જામનગર એલ.સી.બી.ની ટીમે બાતમીના આધારે દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન એક 'ભારત બેન્જ' કંપનીનો બંધ બોડીનો ટ્રક શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. જ્યારે પોલીસે આ ટ્રકની તલાશી લીધી ત્યારે અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. ટ્રકની અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૨૯,૨૪૩ બોટલો મળી આવી હતી, જેની બજાર કિંમત અંદાજે રૂપિયા ૧,૩૯,૭૯,૮૦૦ થાય છે.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ટ્રક ચલાવતા રાજુભાઈ ઉર્ફે દેવો ખીમાભાઈ મોરી (રબારી) નામના ૩૦ વર્ષીય શખ્સને રંગેહાથ ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપી પોરબંદરના આદિત્યાણા ગામનો રહેવાસી છે. પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આ દારૂનો જથ્થો રાણાવાવના કરશન કાનાભાઈ કોડીયાતર અને ભાણવડના દુદાભાઈ દેવરાજભાઈ કોડીયાતરે મંગાવ્યો હતો. આ બંને મુખ્ય આરોપીઓ અને દારૂ ભરી આપનાર અજાણ્યા શખ્સને પોલીસે ફરાર જાહેર કરી તેમની શોધખોળ તેજ કરી છે.

પોલીસે આ રેઈડ દરમિયાન માત્ર દારૂ જ નહીં, પરંતુ ગુનામાં વપરાયેલ સાધનો પણ જપ્ત કર્યા છે. જેમાં રૂપિયા ૧.૩૯ કરોડનો દારૂ, ૨૦ લાખની કિંમતનો ટ્રક અને રૂપિયા ૫૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧,૫૯,૮૪,૮૦૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે. પંચકોષી એ-ડિવિઝન પોલીસ મથકમાં પ્રોહીબીશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ પી.આઈ. એમ.એન. શેખને સોંપવામાં આવી છે.જામનગર એલસીબીની આ સફળ કામગીરીથી બુટલેગરોમાં ભારે દોડધામ મચી ગઈ છે. પોલીસ તપાસમાં એ જાણવાના પ્રયાસો થઈ રહ્યા છે કે દારૂનો આટલો મોટો જથ્થો પરપ્રાંતના કયા રાજ્યમાંથી લોડ કરવામાં આવ્યો હતો અને જામનગરમાં કોને સપ્લાય કરવાનો હતો. આ પૂર્વ આયોજિત કાવતરામાં અન્ય કેટલા લોકો સામેલ છે તે વિગતો પણ તપાસમાં ખુલે તેવી શક્યતા છે. ફરાર આરોપીઓ કરશન અને દુદાની ધરપકડ બાદ આ નેટવર્કનો મોટો ખુલાસો થઈ શકે છે.

---

# અંબાણી પરિવારના આંગણે સિતારાઓનો મેળાવડો

## બોલીવુડના કિંગ ખાનથી લઈને રાજકીય અને ધાર્મિક ક્ષેત્રના મહાનુભાવો જામનગરના મહેમાન બન્યાં: એરપોર્ટ પર સેલિબ્રિટીઝને જોવા ચાહકોની ભીડ ઉમટી



જામનગર ફરી એકવાર હાઈ-પ્રોફાઈલ મહેમાનોની હાજરીથી ઝળહળી ઉઠ્યું છે. અંબાણી પરિવાર દ્વારા આયોજિત એક ભવ્ય અને ખાસ કાર્યક્રમમાં સહભાગી થવા માટે બોલીવુડના સુપરસ્ટાર્સ, રાજકીય નેતાઓ અને જાણીતા કલાકારોનું જામનગર એરપોર્ટ પર આગમન થયું છે. આ મહેમાનોની યાદીમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બોલીવુડના બાદશાહ શાહરૂખ ખાન રહ્યા હતા. શાહરૂખ ખાન તેમના પત્ની ગૌરી ખાન, પુત્ર આર્યન ખાન અને અભિનેત્રી અનન્યા પાંડે સાથે જામનગર પહોંચ્યા હતા. એરપોર્ટથી ખાવડી રિલાયન્સ સુધીના રસ્તે શાહરૂખ ખાને પોતે સ્ટીયરિંગ સંભાળીને સેલ્ફ ડ્રાઈવ કરતા સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.શાહરૂખ ખાન ઉપરાંત, બોલીવુડના પાવરહાઉસ ગણાતા રણવીર સિંહ પણ સાદગીભર્યા અંદાજમાં જામનગર આવી પહોંચ્યા છે. સોશિયલ મીડિયા પર સતત ચર્ચામાં રહેતા ઓરહાન અવત્રામાણી ઉર્ફે 'ઓરી' પણ અંબાણી પરિવારના ખાસ મહેમાન તરીકે જામનગર એરપોર્ટ પર જોવા મળ્યા હતા, જ્યાં તેમના કુલ લુકે ફેન્સનું ધ્યાન ખેંચ્યું હતું. મનોરંજન જગતની સાથે સાથે કલા જગતમાંથી જાણીતા ગાયક પાર્થિવ ગોહિલ પણ આ ખાસ પ્રસંગમાં હાજરી આપવા આવી પહોંચ્યા છે.આ મહાનુભાવો ઉપરાંત રાજકીય અને આધ્યાત્મિક ક્ષેત્રના દિગ્ગજો પણ જામનગરના મહેમાન બન્યા છે. મહારાષ્ટ્રના ધારાસભ્ય મોહિત કંબોઝ અને જાણીતા જ્યોતિષાચાર્ય ભરત મહેરા પણ એરપોર્ટ પર ઉતરાણ કરી સીધા કાર્યક્રમ સ્થળ તરફ રવાના થયા હતા. જામનગર એરપોર્ટ પર તમામ મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. અંબાણી પરિવારના આ ખાસ કાર્યક્રમને પગલે જામનગરમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને સુરક્ષાના પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યા છે.

---

## ધ્રોલ : મેથ્સગુરૂ-નાના ગરેડિયાના સરપંચ ભવાન મકવાણાનો આજે જન્મ દિવસ



ધ્રોલ તાલુકાના નાના ગરેડીયા ગામના સરપંચ અને શિક્ષણ જગતમાં 'મેથ્સ ગુરુ' તરીકે ભારે નામના છે તેવા ભવાનભાઈ પાંચાભાઈ મકવાણાનો આજે જન્મદિવસ છે. ભવાનભાઈએ પોતાની અથાગ મહેનત અને પરિશ્રમથી શિક્ષણ ક્ષેત્રે એક અનોખી ઓળખ ઉભી કરી છે અને સાથે જ રાજકીય ક્ષેત્રે પણ ધ્રોલ પંથકમાં ખુબ જ પ્રતિષ્ઠા મેળવી આજે તેઓ નાના ગરેડીયા ગામના સરપંચ તરીકે કાર્યરત છે. શિક્ષણવિદના જન્મદિવસ નિમિત્તે મોં ૭૩૫૯૭ ૯૮૫૫૫ ધ્રોલ પર શુભેચ્છાઓનો વરસાદ થઈ રહ્યો છે.

## કાલાવડના વોર્ડ નં.૬માં ગંદા પીવાના પાણીના વિતરણથી સ્થાનિકોમાં રોષ

### નગરપાલિકા ચીફ ઓફિસર અને મામલતદારને આવેદન

**અબતક, રાજુ રામોલિયા**
**કાલાવડ**



કાલાવડ નગરપાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૬ માં સિનેમા રોડ ઉપર આવેલ બકાલા માર્કેટ સામેના વિસ્તારમાં નગરપાલિકા દ્વારા છેલ્લા ઘણા સમયથી ખૂબ જ ગંદુ પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. પાણી એ માણસની પ્રાથમિક જરૂરિયાત છે અને સીધા જ લોકોના સ્વાસ્થ્ય સાથે જોડાયેલી બાબત છે છતાં પણ કાલાવડ નગરપાલિકાના સત્તાધિશો દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવતું નથી પાણીની લાઈનમાં કોઈ જગ્યાએથી ગટરનું પાણી ભળી જતું હોવાથી આ વિસ્તારના નાગરિકોને ખૂબ જ હાલાકી ભોગવવી પડી રહતી હોય શહેરીજનો દ્વારા છેલ્લા ઘણા મહિનાઓથી વારંવાર ફરિયાદો કરવા છતાં પણ સત્તાધીશોના બહેરા કાનોએ નાગરિકોનો અવાજ પહોંચતો નો હોય જેથી નગરપાલીકા વિસ્તાર મા આવતા વોર્ડ નં.૬ ના નાગરિકોએ કાલાવડ કોંગ્રેસ અગ્રણી મેહુલભાઈ સોજીત્રાને સાથે રાખીને કાલાવડ મામલતદાર તેમજ નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદન પત્ર પાઠવી તાત્કાલિક યોગ્ય કરવા માંગણી કરવામાં આવી હતી.

## વિશ્વ નવકાર મહામંત્ર દિવસ નિમિત્તે કાલે સમૂહ જાપ

વિશ્વ કલ્યાણના હેતુસર જી.આઈ.ટી.ઓ.ના આહ્વાન હેઠળ તા. ૦૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ વિશ્વ નવકાર મહામંત્ર દિવસ ઉજવવામાં આવનાર છે. આ અવસરે શ્રી હાલારી વિશા ઓશવાળ જ્ઞાતિ દ્વારા જામનગર ખાતે નવકાર મહામંત્રના સમૂહ જાપનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ તા. ૦૯/૦૪/૨૦૨૬, ગુરૂવારે સવારે ૦૭:૩૧ થી ૦૮:૩૦ દરમિયાન યોજાશે, ત્યારબાદ ૦૮:૩૧ થી ૦૯:૩૦ સુધી સમૂહ નવકારશી યોજાશે.

કાર્યક્રમનું સ્થળ પગારી નં. ૧ સ્થિત ઓશવાળ સેન્ટર રાખવામાં આવ્યું છે.કાર્યક્રમમાં દિગ્વિજય પ્લોટ, ઓશવાળ કોલોની, કામદાર કોલોની, મેહુલનગર, ચંપા વિહાર, સાધના કોલોની તથા મોહનનગર જૈન સંઘો સહભાગી બનશે. કાર્યક્રમ માટે પુરુષોને સફેદ અને મહિલાઓને લાલ વસ્ત્રો ધારણ કરવા વિનંતી કરવામાં આવી છે.

જ્ઞાતિના સર્વે સભ્યોને કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ધાર્મિક લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

# રાજકોટનું કોકડું વધુ ગુચવાયું: જૂથવાદ ભારે હાવી, ટિકિટ માટે છેલ્લે સુધી ખેંચતાણ

## ઓબીસી અનામતના કારણે વોર્ડ વાઈઝ જ્ઞાતિગત સમીકરણો બેસતા નથી: તમામ જૂથની પોતાના માનિતાને ટિકિટ અપાવવા ધમપછાડા

**વોર્ડના સ્થાનિકને જ ટિકિટ આપવાનો હાઈકમાન્ડનો આગ્રહ પણ એવા મજબૂત નેતાઓ તમામ વોર્ડમાં ઉપલબ્ધ નથી**

**ગઈકાલે પાર્લામેન્ટરી બોર્ડમાં ૬ કલાકથી વધુ સમય રાજકોટ મહાનગર માટે ચોગઠા ગોઠવવાનો પ્રયાસ પણ ઉમેદવારો નકકી ન થઈ શકયા**

**આજે સવારથી ફરી રાજકોટનો વારો લેતી ચૂંટણી સમિતિ: ઉમેદવારો આજે જાહેર થશે કે કેમ તેની સામે પણ સવાલ: જો નેતાઓ નહીં માને તો ૧૦૦ ટકા 'નો રિપીટ' પણ ઠોકી દેવાશે**

**અબતક,રાજકોટ**

રાજકોટ મહાનગર પાલીકાના ૧૮ વોર્ડની ૭૨ બેઠકોના ઉમેદવારો નકકી કરવા માટે સતાધારી પક્ષ ભાજપનું કોકડુ જોરદાર ગુંચવાયું છે.જુથાદ હાવી થઈ રહ્યો હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. ટિકિટ માટે જબરી ખેંચતાણ ચાલી રહી છે. પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડમાં સતત ૬ કલાક સુધી રાજકોટ મહાનગરના ઉમેદવારો નકકી કરવા માટે મેરેથોન ચર્ચા કરવામાં આવી હતી. છતા મૂરતીયાઓ નકકી કરી શકાયા નહતા અંતે રાત્રે ૧૧.૪૫ કલાકે એવું કહી દેવામાં આવ્યું હતુ કે અત્યારે છુટા પડીએ આવતીકાલે એટલે આજે ગુરૂવારે સવારે ૧૦.૩૦ કલાકે ફરી બેઠક કરીશું તમામ જુથ પોતાના મળતીયાઓને ટિકિટ અપાવવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે. જેના કારણે આજે પણ ભાજપ ઉમેદવારોના નામ જાહેર કરશે કે કેમ તેના પર સવાલો ઉભા થઈ રહ્યા છે.

એક સમયે રાજકોટ શહેર ભાજપના સંગઠનની કામગીરીનું ઉદાહરણ પક્ષ દ્વારા દેશભરનાં કાર્યકર્તાઓને અપાતું હતુ. પરંતુ છેલ્લા થોડા વર્ષથી રાજકોટમાં ભાજપમાં જૂથવાદ ઘર કરી ગયો છે. કોર્પોરેશનની ચૂંટણી લડવા માટે ૧૮ વોર્ડની ૭૨ બેઠકો માટે ૧૦૧૮ મૂરતીયાઓ મેદાનમાં છે છેલ્લા ત્રણ દિવસથી ઉમેદવારો નકકી કરવા માટે પ્રદેશ ભાજપ ચૂંટણી સમિતિની બેઠક ચાલી રહી છે. જેમાં બુધવારે સાંજે રાજકોટ મહાનગરનો વારો લેવામાં આવ્યો હતો. કાલે સાંજે ૫.૩૦ કલાક આસપાસ પાર્લામેન્ટરી બોર્ડમાં રાજકોટ મહાનગરના ઉમેદવારો નકકી કરવા માટે ચર્ચા શરૂ કરાય હતી. રાત્રીના ૧૧.૪૫ કલાક સુધી બેઠક ચાલી હતી. જેમા ઉમેદવારોના નામો અને પેનલો પર સહમતી ન બનવાના કારણે મોડીરાત થઈ ગઈ હોવાના કારણે બેઠક પડતી મૂકી દેવામાં આવી હતી. આજે ૧૦.૩૦ કલાકે ફરી પાર્લામેન્ટરી બોર્ડ રાજકોટના નેતાઓને બોલાવ્યા છે. બપોર સુધીમાં નામ ફાઈનલ થઈ જવાની ધારણા સેવાય રહી છે. પરંતુ જે રીતે ટિકિટ માટે સંકલન સમિતિના દરેક સભ્યો વચ્ચે ગળાકાપ ખેંચતાણ ચાલી રહી છે. તે જોતા એવું લાગી રહ્યું છે કે આજે રાત સુધીમાં ઉમેદવારો નકકી નહી થઈ શકે.

પાર્લામેન્ટરી બોર્ડ એવો આગ્રહ રાખી રહ્યું છે કે વોર્ડના સ્થાનિક રહેવાસીને જ ટિકિટ આપવામાં આવે પરંતુ શહેરના દરેક વોર્ડમાં આવુ શકય નથી. સ્થાનીક ઉમેદવારોની ફોજ છે. પરંતુ આખી પેનલનો ભાર ઉપાડી ચારેયને જીતાડી શકે તેવા સ્થાનીક ઉમેદવારો તમામ વોર્ડમાં નથી. આવામાં ૫૦ ટકાથી વધુ વોર્ડમાં ના છુટકે આયાતી ઉમેદવાર મૂકવા પડે તેવી જ સ્થિતિ હાલ દેખાય રહી છે.

બીજી તરફ ૨૭ ટકા ઓબીસી અનામતની અમલવારી ના કારણે દરેક વોર્ડમાં એક બેઠક ઓબીસી કેટેગરી માટે અનામત છે. જેના કારણે વોર્ડ વાઈઝ જ્ઞાતિ-જાતીના સમિકરણોના આધારે પેનલ બનાવવી થોડી મુશ્કેલ બની રહી છે. રાજકોટ શહેર ભાજપની સંકલન સમિતિના દરેક સભ્યો પોતાના માનીતાઓને ટિકિટ અપાવવા માટે ભારે લોબીંગ કરી રહ્યા છે. જેના કારણે એક પણ વોર્ડમાં પેનલ માટે સહમતી બનતી નથી પક્ષ દ્વારા 'નો રિપીટ'માં પણ ૭૦:૩૦કે ૮૦:૨૦નો રેશિયો રાખવાનું કહી દેવામાં આવ્યું છે. આવામાં ૭૨ ઉમેદવારો નકકી કરવામાં પક્ષના મોઢે ફીણ આવી ગયા છે. મહામહેનત છતા વોર્ડ વાઈઝ નામો નકકી થઈ શકતા નથી.

ટિકિટ ફાળવણી માટે નિયમો નડી રહ્યા છે તો કયાંક જ્ઞાતિ-જાતીના સમિકરણો બેસતા નથી સૌથી મોટુ કારણ જુથવાદ હાવી હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે. અગાઉ પણ જયારે પ્રભારી મંત્રીજીતુભાઈ વાઘાણીના નિવાસ સ્થાને સંકલનની બેઠક મળી રહી ત્યારે મધરાત સુધી ચાલેલી આ

(અનુ. આઠમા પાને)

## શિસ્તના ભોગે કંઈ ન ખપે

# જૂના જોગીઓને ટિકિટ ફાળવણી બાદ હોબાળો ન કરવા ભાજપે શાનમાં સમજાવી દીધા !

**કપાયેલા - દુભાયેલાઓને ભાજપ બોર્ડ કો નિગમનું ''ગાજર'' પકડાવશે**

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પછી બોર્ડ - નિગમમાં નિમણુંકો શરૂ કરવાની છે તેમાં તમને સાચવી લેવાશે તેવું કહી અસંતુષ્ઠોને મનાવી લેવાની વ્યુહરચના**

### રાજુ કરપડાના કેસરિયા



આમ આદમી પાર્ટીનું 'ઝાડુ' છોડી દેનાર કદાવર ખેડુનેતા રાજુભાઈ કરપડા હવે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરવા જઈ રહ્યા છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિમાં આજે બપોરે રાજુ કરપડા પોતાના હજારો સમર્થકો સાથે વિધિવત રિતે ભાજપમાં જોડાઈ જશે. ધારાસભ્ય ગોપાભાઈ ઈટાલિયા સાથેના અણબનાવના કારણે રાજુભાઈએ થોડા સમય પહેલા 'આપ'નો સાથ છોડી દીધો હતો. હવે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનના આડે માત્ર પખવાડિયાનો સમય બચ્યો છે. ત્યારે રાજુ કરપડાએ ભાજપનો ખેસ ધારણ કરી લીધો છે. બની શખે ભાજપ તેઓને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ટિકિટ પમ આપી દે.

**અબતક, રાજકોટ**

રાજ્યમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા માટે મતદાન યોજાવાનું છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી કરવા માટે ત્રણ દિવસથી પાર્લામેન્ટરી બોર્ડની બેઠક ચાલી રહી છે. આજે મોડી સાંજે બેઠક પૂર્ણ થતાની સાથે જ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવે તેવી શક્યતા હાલ દેખાય રહી છે. ચૂંટણી લડવા માટે રાજ્યભરમાંથી ભાજપના ૮૦ હજારથી પણ વધુ કાર્યકરોએ દાવેદારી કરી છે. બીજી તરફ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ટિકિટ ફાળવણીને લઈ પક્ષ દ્વારા કેટલાક નિયમો બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ૨૭ ટકા ઓબીસી અનામત બાદ પ્રથમ વખત આટલી મોટી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ રહી છે. આવામાં વર્ષોથી પક્ષનો ચહેરો બનેલા કેટલાક નેતાઓની ટિકિટ કપાય જશે. જ્યારે અનેક પ્રબળ દાવેદારો સમિકરણોના કારણે ટિકિટથી વંચિત રહેશે. આવામાં ભાજપ હાઈકમાન્ડ કપાયેલા અને

(અનુ. આઠમા પાને)

**ટિકિટ ફાળવણી બાદ નારાજ થયેલાને મનાવવા પુરતા પ્રયાસ કરાશે છતા ન સમજે તો રાજકીય વનવાસ આપી દેવાનો પણ રસ્તો ખૂલ્લો રખાશે**

## પ્રદેશ યુવા ભાજપની આજે મહત્વપૂર્ણ બેઠક

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં યુવા મોરચાને ખાસ ટાસ્ક અપાશે

ગુજરાત પ્રદેશ યુવા ભાજપની આજે બપોરે એક ખાસ બેઠક મળી હતી જેમાં સ્થાનીક સ્વરાજયની આગામી ચૂંટણી માટે યુવા ભાજપના કાર્યકરોને ખાસ ટાસ્ક આપવામાં આવે તેવી શકયતા દેખાય રહી છે. ચૂંટણીમાં ટિકિટ ફાળવણી અંગે ભાજપ દ્વારા કેટલાક આકરા નિયમો બનાવવામાં આવ્યા છે. આવામાં ઉમેદવારો જાહેર કરાયા બાદ અસંતુષ્ઠની આગ ફાટી ન નીકળે તે માટે યુવા ભાજપની ટીમને વધુ સક્રિયાથી કામે લગાવાશે બુથ લેવલ સુધીનું માઈક્રો પ્લાનીંગ ભાજપ દ્વારા શરૂ કરવામાં આવી રહ્યું છે.આજે બપોરે ૧૨.૦૦ કલાકે પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષ તેમજ વડોદરા લોકસભાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષીની અધ્યક્ષતામાં તથા પ્રદેશ યુવા મોરચાના પ્રભારી કિરીટભાઈ પટેલની ઉપસ્થિતિમા ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે આગામી કાર્યક્રમોના અનુસંધાને યુવા મોરચાની પ્રદેશ બેઠક યોજાશે.

આ બેઠકમાં યુવા મોરચાના પ્રદેશ હોદ્દેદારઓ, પ્રદેશ કારોબારી સદસ્યો, જિલ્લા/મહાનગરના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ, પ્રદેશના વિવિધ સેલ - સંયોજક અને સહ સંયોજકશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# ભારત ગૌરવ ટ્રેન કરાવશે દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા

## ૧૨ મેએ ટ્રેન રાજકોટથી ઉપડશે : મુસાફરો માટે ત્રણ કેટેગરીમાં પેકેજ ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

ભારતીય રેલ્વેના ઉપક્રમે દક્ષિણ ભારતના વિવિધ પ્રસિદ્ધ યાત્રાધામના આરામદાયક અને સલામત પ્રવાસ માટે વિશેષ ટ્રેન શરૂ કરવામાં આવી છે. જેમાં ભારતીય રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિ. દ્વારા સરકારી કર્મયોગીઓ અને શ્રદ્ધાળુઓ માટે આગામી મે માસમાં એક વિશેષ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે.'ભારત ગૌરવ ટ્રેન' અંતર્ગત આગામી ૧૨ થી ૨૨ મે, દરમિયાન 'દિવ્ય દક્ષિણ દર્શન યાત્રા' સાથે મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગ' દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ અને પવિત્ર ધાર્મિક સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ૧૧ દિવસીય પ્રવાસ દરમિયાન યાત્રિકોને પ્રસિદ્ધ યાત્રાધામ તિરુપતિ બાલાજી, રામનાથસ્વામી જ્યોતિર્લિંગ મંદિર, મીનાક્ષી મંદિર, કન્યાકુમારી તેમજ મલ્લિકાર્જુન જ્યોતિર્લિંગના દર્શન સહિત વિવિધ સ્થાનિક સ્થળોનો પ્રવાસ કરવાનો લ્હાવો મળશે. આ યાત્રાનું પ્રસ્થાન ગુજરાતમાંથી તા. ૧૨ મેના રોજ રાજકોટથી - સુરેન્દ્રનગર- વિરમગામ- સાબરમતી:અમદાવાદ- નડિયાદ- આણંદ -વડોદરા - ભરૂચ- સુરત થશે. સરકારી કર્મચારીઓને ઉનાળુ વેકેશન દરમિયાન રજા પ્રવાસ રાહત- એલટીસીનો લાભ લેવાની ઉત્તમ તક મળી રહેશે.

આ યાત્રા માટે મુસાફરોની સુવિધા મુજબ વિવિધ ત્રણ કેટેગરીમાં પેકેજ નક્કી કરવામાં આવ્યા છે.જેમાં ઈકોનોમી ક્લાસ (નોન-એસી સ્લીપર) માટે વ્યક્તિ દીઠ રૂ. ૨૧,૫૨૫/- દર નક્કી કરવામાં આવ્યો છે. કમ્ફર્ટ ક્લાસમાં ૩ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ. ૩૯,૧૦૫/- અને ૨ ટાયર એસી માટે વ્યક્તિ દીઠ રૂ.

(અનુ. આઠમા પાને)

# પોરબંદર-આસનસોલ વચ્ચે દોડશે સમર સ્પેશિયલ ટ્રેન

## ઓખા અને શકૂર બસ્તી વચ્ચે પણ સુપરફાસ્ટ સમર ટ્રેન ચલાવાશે : કાલથી બુકિંગ શરૂ

**અબતક, રાજકોટ**

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવે દ્વારા પોરબંદર અને આસનસોલ વચ્ચે વિશેષ ભાડા પર ''સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન'' ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, રાજકોટ ડિવિઝન થઈને પસાર થતી.ટ્રેનની વિગતો જાહેર કરી છે. ૦૯૨૦૫/ ૦૯૨૦૬ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ૨૪ ફેરા ચલાવશે. ટ્રેન નંબર ૦૯૨૦૫ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ પોરબંદરથી દર સોમવારે સવારે ૮.૫૦ કલાકે ઉપડીને, તે જ દિવસે ૧૩.૧૫ કલાકે રાજકોટ પહોંચશે અને બુધવારે સવારે ૬.૪૫ કલાકે આસનસોલ પહોંચશે. આ ટ્રેન ૧૩ એપ્રિલ, ૨૦૨૬ થી ૨૯ જૂન, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

તે જ રીતે, પરતમાં ટ્રેન નંબર ૦૯૨૦૬ આસનસોલ-પોરબંદર સાપ્તાહિક સમર સ્પેશિયલ આસનસોલથી દર બુધવારે રાત્રે ૨૩.૦૫ કલાકે ઉપડીને શુક્રવારે સાંજે ૧૭.૪૧ કલાકે રાજકોટ અને રાત્રે ૨૧.૫૦ કલાકે પોરબંદર પહોંચશે. આ ટ્રેન ૧૫ એપ્રિલ, ૨૦૨૬ થી ૦૧ જુલાઈ, ૨૦૨૬ સુધી ચલાવવામાં આવશે.

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા માટે ઓખા-શકૂર બસ્તી (દિલ્હી કેન્ટ પાસે આવેલું) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૨૩/૦૯૫૨૪ ઓખા-શકૂર બસ્તી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ સાપ્તાહિક ૨૪ ફેરા ચલાવાશે.

ટ્રેન સંખ્યા ૦૯૫૨૩ ઓખા-શકૂર બસ્તી સુપરફાસ્ટ સમર સ્પેશિયલ દર

(અનુ. આઠમા પાને)

# શનિવારથી કાળઝાળ ગરમીનો રાઉન્ડ : પારો ૩થી ૪ ડિગ્રી ઉંચકાશે

## રાજ્યના અનેક શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટતા હવે આકાશ આગ ઓકશે

**અબતક, રાજકોટ**

રાજ્યમાં માર્ચ માસમાં જ મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. દરમિયાનવેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે વારંવાર વાતાવરણમાં પલ્ટો આવી રહ્યો છે. ગત મંગળવારે પણ રાજ્યના ૪૯ તાલુકાઓમાં કમોસમી વરસાદ પડ્યો હતો. હવે વેસ્ટર્ન ડિસ્ટબન્સની



અસર ઓછા થવાના કારણે આકાશ ફરી આગ ઓકવા માંડશે. આગામી શનિવારથી ગરમીનું જોર વધશે. ૧૪મી એપ્રિલથી મહત્તમ તાપમાનમાં ૩થી ૪ ડિગ્રી સુધીનો ઉછાળો આવશે અનેક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૨ ડિગ્રી સુધી પહોંચી જશે.

(અનુ. આઠમા પાને)


